યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૮ મો. | સંવત ૧૯૮૭ ના ફાગણ સુદી ૧૩. તા૦ ૨-૩-૩૧ | છુટક નકલ : ૦।। આનો. |

## નોંધ અને ચર્ચા.

### દેવદ્રવ્ય અને તેનો ઉપયોગ.

જૈન સમાજનો આ અતિ મહત્ત્વનો અને બળતો પ્રશ્ન છે. છતાં સમાજ તે પ્રત્યે જાણે કંઇ પણ દરકાર કરતો ન હોય તેવું ભાસે છે. કેટલા વર્ષોથી તે ચર્ચાય છે!! છતાં આપણે તો જ્યાં ને ત્યાં. ગત વર્ષમાં ભાઇ પરમાનંદે તે પ્રશ્નને બારીકાઇથી છણ્યો, યુવક સંઘોના સંમેલને તેનો નીકાલ લાવવા એક સુંદર અને સંગીન ઠરાવ ગત કૉન્ફરન્સની વિષયવિચારિણી સભા ઉપર મોકલી આપ્યો પણ તેના જેવા અનેક જરૂરી ઠરાવો ઉપર નજર નાખવાની પણ તે સભાને ફુરસદ ક્યાંથી હોય!! પણ આશા અમર છે, જુન્નેરની બેઠક તો પરિવર્તન તરફ પગલાં માંડવાનો રસ્તો ખુલ્લો કર્યો છે. હવે તેવા પગલાં ક્યારે મંડાય છે તે હવે જોવાનું છે

“જિન પ્રતિમા જિન સારખી, નમે બનારસી તાહિ”
“એમ તુજ બિંબ તાહરો, ભેદનો નહિ લવલેશ;
રૂપથી પ્રભુ ગુણ સાંભરે, ધ્યાન રૂપસ્થ વિચાર,
માનવિજય વાચક વદે, જિન પ્રતિમા જયકાર.”

આ વિચારો કયા જૈનને માન્ય નથી?

જિન બિંબ કે જિન મંદિર કલ્પતરૂની માફક જગતમાં શીતળ છાંય આપી રહેલ છે તેની કયો જૈન ના પાડે છે?

દેવદ્રવ્યનો પ્રશ્ન હાથ ધર્યો કે ચર્ચ્યો તેથી જિનદેવની પ્રતિમા કે તેના મંદિરનો વિરોધી કે ઉત્થાપક કોઇ જૈન થઇ જાય એ ભીતિ કે આક્ષેપ નિરર્થક છે. ઉલટું દેવદ્રવ્ય વિષે બહોળું સાહિત્ય સર્જનાર ભાઇ પરમાનંદ એક ચુસ્ત જિન-ભક્ત છે અને સર્વે જૈનોને જિનભક્તિ તરફ પ્રેમથી વાળે છે. જૈન ધર્મ ઉપર, જૈન સમાજ ઉપર તેની અનંત ગાઢ પ્રીતિ છે એમ તે સુંદર લેખનો શબ્દે શબ્દ બોલે છે—વાક્યે વાક્યે જૈન ધર્મની ઉન્નતિ માટેની ઉંડી ધગશ તેમાં ઝળકી રહી છે.

દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય—એ અર્થ તો દેવતત્ત્વના સ્વરૂપનો વિરોધી છે. દેવદ્રવ્ય એટલે દેવમૂર્તિ વિષયક દ્રવ્ય એમ અર્થ કરી શકાય. સામાન્ય રીતે દેવદ્રવ્ય એટલે જે દ્રવ્ય મંદિરના ખાતામાં એક યા બીજી રીતે આપવામાં આવે છે અથવા તે મૂર્તિ સમક્ષ રજુ કરવામાં આવે છે તે. આ દેવ-દ્રવ્ય વિષે એવો સંકેત—ખ્યાલ ચાલ્યો આવે છે કે આ દ્રવ્યનો ઉપયોગ મંદિરના નિભાવ તેમજ મૂર્તિના પ્રશોભન કાર્યમાંજ થઇ શકે. આનો ઉપયોગ બીજી કોઇપણ બાબતમાં થઇ શકેજ નહિ.

દેવદ્રવ્યમાંથી ચાર પાંચ લાખના હીરા માણેકના મુગટો કરવામાં આવે! મોતીની માળાઓ બનાવવામાં આવે! રત્ન-જડિત આંગી રચવામાં આવે! આખાં મંદિરને આરસથી આચ્છાદિત કરવામાં આવે! મૂર્તિ ઉપર સોનું, રૂપું, હીરા, મોતી, માણેક લાદવામાં આવે! નવી ફેશનના જાકીટ, કોલર, નેકટાઇ રચવામાં આવે!! અને ઓછામાં પુરૂં નાની નાની ઘડિઆળો ચોડવામાં આવે!!! શું આવાં પ્રશોભનોથી જિન બિંબ જિન સારખી તરીકે ટકી રહેશે? કે તેથી તો પ્રશોભનો વધશે અને જૈન સમાજ માત્ર આડંબરપ્રિય બની ગયો છે અને વધુ બનતો જશે.

દેવદ્રવ્યના આ પ્રાચીન માન્યતા મુજબ ઉપર જણાવ્યા પ્રમાણે થતા ઉપયોગથી શું જિન મૂર્તિની કેવળ વિડંબનાજ નથી થતી? ક્યાં ભગવાનની ધ્યાનસ્થ, પદ્માસનવાળી અર્ધ નિમીલિત નેત્રોવાળી પવિત્ર મુદ્રા અને ક્યાં તેજ શરીર ઉપર રાજા રજવાડા જેવો કરેલો ઠઠમાઠ. શું આ પ્રણાલિકા પરિવર્તન માગતી નથી? શું સાંકડો સંકેત વિશાળ થવા પોકાર કરતો નથી? બંધનમાં પડેલ દેવદ્રવ્ય શું મુક્તિ માટે ટળવળતું નથી? પ્રશોભનો અને ઠાઠમાઠમાં મૂળ સ્વરૂપ ભુલી જવાય છે તેમાં આશ્ચર્ય શું?

બાહ્ય આડંબર અને અલંકારોથી મંદ, મૂર્ખ, સ્ત્રી આદિ બાળ જીવોને આકર્ષવા જતાં, મંદિરની પેઢીઓમાં ગોટાળા વધતા જાય છે તેનું શું? તેથી તો લોકોમાં વહેમ અને અંધશ્રદ્ધા જડ ઘાલી બેઠાં છે તેનું કેમ? દેવદ્રવ્ય ભક્તોને પણ ચળાવે છે અને તેમાં ખાનગી રીતે લૂટ ચાલુ થાય છે ને થઇ છે તેનું શું?

‘જિન પ્રતિમા જિન સારખી’ એ જે ઉત્તમ ઉપદેશ પૂર્વાચાર્યોએ કર્યો છે તેનો પુરેપુરો લાભ ઉઠાવવો હોય; મૂર્તિ દ્વારા પ્રભુ ગુણ—પ્રભુ જીવન સંભારવા હોય તો, પહેલી તકે મંદિરોમાં સાદાઇ દાખલ કરો. સાદાઇમાંજ શાંતિ છે, ધર્મ છે અને ધ્યાન છે.

પણ દેવદ્રવ્ય ઉભરાઇ ગયું છે તેનું કેમ? તેનો વ્યય શી રીતે કરવો? ઉત્તર સહેલો છે. મૌલિક સિદ્ધાંતો સિવાયની બાબતોમાં પરિવર્તન થઇ શકે છે. શ્રી સંઘને તેમ કરવા અધિકાર છે. દેવદ્રવ્ય સંબંધી ખ્યાલમાં—પ્રણાલિકામાં—રૂઢિમાં ફેરફાર કરવો જરૂરી છે. પૂર્વ ખ્યાલ—સંકેત પ્રમાણે આજ સુધી પ્રાપ્ત થયેલું દેવદ્રવ્ય સાદાઇથીજ સંગીન કામોમાં વાપરવું ઘટે. સાદું ભવ્યકાર સમારંભની અતિશયતા તો છોડવીજ જોઇએ. મંદિરોનો પરિગ્રહ મોહ છુટવો અતિ આવશ્યક છે. સાદાઇથી પોતા પુરતી જરૂરીઆતો માટે જોઇતું દ્રવ્ય રાખી, દરેક મંદિરે પોતાના દેવદ્રવ્યનો વધારો આણંદજી કલ્યાણજી જેવી સંસ્થાને કે તેના જેવી કેન્દ્રીભૂત સંસ્થા ઉભી કરી તેને મોકલી આપવો. આવી રીતે એકઠા થયેલ દ્રવ્યમાંથી પૂર્વકાળની કળાના અનુપમ નમુના રૂપ અત્યારે જર્જરિત થયેલાં અને જિનમંદિરો તેમજ તીર્થસ્થાનો સમરાવવાં જોઇએ તથા સુવ્યવસ્થિત બનાવવા જોઇએ. તેમજ જે જે ગામોમાં જિનમંદિરનો સર્વથા અભાવ હોય ત્યાં ત્યાં સુંદર, છતાં સાદું જિનાલય બાંધી આપવું જોઇએ. પરંતુ તીર્થોના ઝઘડા ચલાવવામાં તે દ્રવ્ય કદી વપરાવું જોઇએ નહીં. આવા કાર્ય માટે જુદા જુદા મંદિરોના ટ્રસ્ટીઓએ—કારભારીઓએ એક સંમેલન તુરતમાંજ મેળવવું જોઇએ અને એક કેન્દ્રસ્થ પ્રતિનિધિમંડળ સ્થાપવું જોઇએ કે જેથી આ કાર્ય સરળતાથી જલ્દી થઇ શકે—B.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# આતે સાધુતા ?

લાલબાગમાં ત્રણ ત્રણ ચોમાસા સુધી ધામા નાંખીને મુંબઈ શહેરમાં કુસંપના અંગારા વેરનાર રામવિજય ગુજરાત તરફ વિહાર કરી ગયાના સમાચાર મુંબઈની જનતાએ સાંભળીને શાન્તિનો દમ ખેંચ્યો, અને ઇચ્છી કે મુંબઈમાં સંપ થશે, એટલે શાન્તિ સ્થપાશે અને આગલા વર્ષોમાં મુંબઈની જૈન જનતા જે રીતે હળીમળીને સામાજીક અને ધાર્મિક કાર્યો કરતી હતી તે રીતે કરશે, તે ઇચ્છા પૂર્ણભૂત થવાના સંજોગ લાગતા નથી. કારણ કે કુસંપના ઉત્પાદક મુંબઈ છોડીને જવા છતાં દુર દુર બેઠે બેઠે મુંબઈમાં પાછા ફરવાની ઇચ્છાએ અને ગોડીજીના ઉપાશ્રયમાં ધામો નાંખવાની ઇચ્છાએ પડદા પાછળ રહીને ગોડીજીના ટ્રસ્ટીઓ ઉપર એક અરજી કરાવેલી, તેની જાણ થતાં સુલેહ અને સંપના હિમાયતીઓએ રામવિજયજીથી થતા નુકશાન માટે ચેતતા રહેવા લગભગ અઢીસો સહીવાળી ટ્રસ્ટીઓ ઉપર અરજી કરેલી. આવી રીતે એક બીજાનો વિરોધ કરતી બન્ને અરજીઓ ઉપર વિચાર કરવા ગોડીજીના ટ્રસ્ટીઓની મીટીંગ મળેલી, તેમાં ટ્રસ્ટીઓએ ડહાપણ વાપરી ઠરાવ કર્યો કે સંયોગો જોતાં હાલમાં કોઇ સાધુને આમંત્રણ કરવું નહિ.

જેને કલેશરાજ પ્રિય છે, જેને શાસ્ત્રને ઊંચાં મૂકી ઇચ્છા આવે તેમ વર્તવું છે, જેને ગમે તેમ કરી અંદર અંદર લડાવી મારવાનો ધંધોજ કરવો છે, તેવા સાધુઓને ઉપરનો ઠરાવ કેમ ગોઠે ! કારણ કે તેને તો ગમે તેમ કરીને ગોડીજીના ઉપાશ્રયમાં ધામાજ નાંખવા છે, એટલે સાંભળવા મુજબ તારો ને ટપાલો છુટી કે ગમે તે ભોગે ગોડીજીના ઉપાશ્રયનો કબજો લ્યો, પછી પૂછવુંજ શું ! હજુ તો સૂર્યનારાયણ તેનાં સોનેરી કીરણો પૃથ્વી ઉપર નાંખીને અંધકારનાં પડળો ભેદી રહ્યા હતાં તેવા વખતે ધાડપાડુઓ ધાડ પાડે તેમ રામટોળીના થોડાક સાધુઓ ગોડીજીના ઉપાશ્રયમાં છુપચુપ પેસી ગયાં, ત્યાં તો મુખ્ય ઓરડામાં શ્રી હંસવિમળજી બિરાજતા હતા અને બીજા ઓરડાઓને સાંકળચંદ તારાચંદે દીધેલ હતા, છતાં મહેતાજીની આનાકાની છતાં જબરાઈથી, દમદાટીથી ચાવીઓનો કબજો લઇ સાંકળચંદ તારાચંદને ખુલ્લા કરી ઓરડીઓમાં ધામો નાખી પોત પ્રકાશ્યું. તેમ જૈન સમાજમાં સત્તા થવા માટે મુંબઇ સમાચારમાં છપાવી માર્યું કે શ્રી વિજયાનંદસૂરીશ્વરજીના શિષ્ય સમુદાયે ગોડીજીના ઉપાશ્રયે ઉતરી મંગળાચરણ કર્યું.

ગોડીજીના ઉપાશ્રયમાં ટ્રસ્ટીઓની ઇચ્છા વિરૂદ્ધ તેમ તેજ ઉપાશ્રયમાં બિરાજતા શ્રી હંસવિમળજીની પરવાનગી સિવાય ચોરી છુપીથી દાખલ થનાર સાધુઓ (?)એ શાસ્ત્રની આજ્ઞાનું ઉલંઘન કર્યું, છતાં તેમના દાદા ગુરૂ દાનસૂરીજી, વૃધ્ધાવસ્થાને લીધે કે શાસ્ત્રના નામે કોઇ નવો ફતવો બહાર પાડવા, કે ગમે તે કારણે પોતાના શિષ્યોનો બચાવ કરવા ખાતર લાલબાગના વ્યાસપીઠ ઉપરથી વદે છે કે 'ગોડીજીનો ઉપાશ્રય શ્રાવકોના બાપનો નથી, શ્રાવકોને રહેવા માટે નથી, પણ સાધુઓનો છે અને સાધુઓના ઉપયોગ માટે છે. સાધુઓની મરજી આવે ત્યારે તેમાં ઉતરી શકે છે. ભક્તો ! હું શુદ ૧૪ ત્યાં જવાનો છું માટે તમે તૈયાર રહેજો.' આ ઉપદેશનો વિચાર કરતાં દાનસૂરીની દયા ઉપજે છે. કારણ કે રામવિજયજી ઊંડરમતમાં જેમ આવે તેમ ભલે નચાવી રહ્યા છે, પરંતુ આ વૃદ્ધ સૂરીશ્વરજી શું ! તેઓ તો બીજાઓ જેમ નચાવે તેમ નાચતા તો નથીને ? પોતાની મેળે વિજયાનંદ સૂરીશ્વરજીની પાટે બેસી જઇ તેમના પટ્ટધરનો ફાંકો રાખનારે એ તો વિચાર કરવો તો' કે કોઇ પણ ઉપાશ્રયમાં ઉતરવું હોય તો શ્રાવકની આજ્ઞા લીધા પછીજ ઉતરી શકાય. તેમ જે ઉપાશ્રયમાં અન્ય સાધુ મહારાજ બીરાજતા હોય તેમની પણ સંમતિ લેવી જોઇએ. એવો શાસ્ત્રકારોનો હુકમ છતાં શિષ્યોનો વાંસો થાબડવા જતાં તમારી અજ્ઞાનતાનું પ્રદર્શન ભરાશે તેનો ખ્યાલ નથી આવ્યો ? કે પછી ક્રોધિષ્ટ સ્વભાવે જેમ આવે તેમ બાફી માર્યું છે ?

ગોડીજીના ઉપાશ્રયમાં બીરાજતા શ્રી હંસવિમળજી જેઓ શાન્ત સ્વભાવી હોવાથી ચોરી છુપીથી ઘુસી જનારે નામધારી સાધુઓએ એના નામ પ્રમાણે કનડગત કરવાથી શ્રી હંસવિમળજીએ પાણી સાથે બીજી બે વસ્તુ સિવાય કંઇપણ ન લેવાનો આગ્રહ કરી વિરોધ જાહેર કર્યો છે છતાં રામટોળીના અમુક સાધુઓ પધારે પાથરી ગોડીજી ચોટલી બેઠા છે ને ઉપરથી તેમના દાદા ગુરૂ દાનસુરીએ સુદ ૧૪ ગોડીજીના ઉપાશ્રય ઉપર ભક્તો સાથે ચઢી આવવાનો વિચાર રાખ્યો, ચોરી છુપીથી ઘુસી જનારાઓનો વાંસો થાબડ્યો, ઉપરથી દમદાટી કરવી, ભક્તોને ઉશ્કેરવા, અને શ્રી હંસવિમળજીની કનડગત કરવી એમાં સાધુતા છે ?

આ વાદળો ગોડીજીના ઉપાશ્રયને વધુ ઘેરીને વાતાવરણ ખરાબ ન બનાવે તે પહેલાં ટ્રસ્ટીઓએ અને દેવસૂર સંઘે સવેળા ચેતવાની જરૂર છે, 'પછી આપણે શું મરવા દો' આ સ્થિતિ રહેશે તો રામટોળી અનેક તુફાનો રચશે, અને ગોડીજીનો ઉપાશ્રય વગોવાશે, તેથી પ્રમાદ ન કરતાં પ્રથમથીજ સાવચેતીનાં પગલાં લેવાય તો ગોડીજીનું નામ બદનામ થતું બચશે, અમુક સાધુઓએ તો હવે લાજ શરમ, ને શાસ્ત્રને ઉંચા મુકી નફટાઇ આદરી છે. આવાઓને શ્રાવક સિવાય કોણ ઠેકાણે લાવશે ! શ્રાવક તો માબાપ છે, તે જો કાન આડા હાથ કરશે તો સુતા બેઠું લીધું બળવા જેવું થશે.

---

**ભાઇશ્રી કુશળચંદ ગુલાબચંદ**–સુરતના જાણીતા શેઠ ધરમચંદ ઉદેચંદના પૌત્ર આ બંધુ સુરત સંગ્રામ સમિતિના મંત્રી તરીકે સરકારની મહેમાનગીરી ભોગવી થોડા વખત પહેલા છુટયા હતા. સતત કાર્ય પ્રવૃત્તિની ધગશવાળા તે બંધુ શાંત બેસી રહે તેમ બનેજ નહિ. હાલમાં તે બંધુ મુંબઇની ચાલુ સંગ્રામ સમિતિમાં બુલેટીનના તંત્રી તરીકે નીમાયા હતા બીહારના કાયદાના ભંગ માટે તેમની રવિવારે તા૦ ૧ લી માર્ચે ધરપકડ થઇ છે. જૈન કોમનું ગૌરવ આવા યુવાનો જાળવી રહ્યા છે.

**ભાઈ વસંત મૂળજીલાલ માંચી**–મુલુંદના વાનરસેનના કેપ્ટનને ગયા શનિવારે સેન્સસના નંબર ભુંસવા માટે કુરલાના માજીસ્ટ્રેટ મી૦ ગોખલે ત્રણ માસની સખત કેદ તથા વીસ રૂપીઆ દંડની સજા કરી છે.

**રા. રમણીકલાલ મોદી**–ગાંધીજીના આશ્રમના આ ધુરંધર કાર્યકર્તાનો ગયા શનિવાર તા૦ ૨૮–૨–૩૧ ને રોજ નાશીક જેલમાંથી છુટકારો થયો છે.

# વીસમી સદીનો જૈન ખેડુત:

લેખક: રતિલાલ ભીખાભાઇ.

( દરેક જૈન પત્રોને છાપવા માટે છુટ છે. )

**પાત્રો :–**

**જૈન ખેડુત**–(યંગમેન્સ જૈન સોસાયટીનો પાછળથી બનેલો સભ્ય.)

**તેની સ્રી–તેનો દાદો–તેની દાદી–છોકરા–છોકરીઓ**

**પાડોશી.**

જૈન સોસાયટીના મુખ્ય ચાર વડીલો:–

**( સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા. )**

**સેતાનમુખી ઉંડું નરકનો પરમાધામી**

તેનો મંત્રી.

**ભપકાદાર સેતાન–બટુક.**

**બીજો સેતાન–બટુક.**

**ત્રીજો, ચોથો અને પાંચમો સેતાન–બટુક.**

**પહેરેગીરો અને દ્વારપાળો.**

## અંક ત્રીજો.

ખેડુત–કેટલા ગાડા આવ્યાં?

મજુર રૂપે ખેડુતનો સેતાન–૪૫ ગાડાં.

મજુર સેતાન–૨૭, ૨૫, ૩૬, ૧૨, ૮ મળી ૧૦૮ ગુણ.

પાડોશી–જય વીર ! જય વીર !

મજુર સેતાન–જય વીર ! જય વીર !

પાડોશી–તારા શેઠ ક્યાં ગયા ?

મજુર સેતાન–બધું અનાજ અહીં માતું નથી માટે અનાજને પાથરવા ગયા છે.

પાડોશી–અલ્યા ! તારો શેઠ બહુ નશીબદાર છે. ભરવાની જગ્યા કરતાં વધારે પેદા થાય છે. બીજાનું અનાજ સડી ગયું ત્યારે તારા શેઠના નશીબે તેને ટેકરી ઉપર વાવેતર કર્યું તેથી પાક સારો ઉતર્યો અને દુનીયામાં અત્યારે તારા શેઠનીજ (એટલે અહીંઆ પરમો ધર્મની) વાહ વાહ બોલાય છે.

ખેડુત–કેમ ભાઇ, કેમ ચાલે છે?

પાડોશી–જય વીર ! જય વીર ! અહીંયાં હું તમારા મજુરને કહેતો હતો કે અનાજ ક્યાં વાવવું એની તમો કેટલી સરસ અટકળ કરી શકયા. દરેક જણને તમારી ઇર્ષા થાય છે. કેવા મોટા ઢગલા ! વર્ષો જાય તો પણ ખાધે ખુટે નહિ !

ખેડુત–એ બધા આ મજુરના પ્રતાપ છે. એ બધું એનું નશીબ છે. મેં એનેજ ખેતી કરવા મોકલ્યો. ટેકરી ઉપર ખેતી કરી–તેથી ફાયદો ખુબ થયો.

પાડોશી–એક ગુણ મને થોડા વખત માટે ધીરશો તો હું તમારો ઘણો ઉપકાર માનીશ.

ખેડુત–ચારૂ લઇ જાઓ.

મજુર સેતાન–(ખેડુતને કોણી મારે છે.) આપશો નહી.

ખેડુત–ચુપ રહે હવે ! લઇ જાવ.

પાડોશી–પાડ તમારો. આ દોડતો હું લઇ આવું.

મજુર સેતાન–(બાજુએ મનમાં) એ એની જુની રીતીઓને વળગીજ રહે છે. હજી આપ્યાજ કરે છે. તે દર વખતે મારૂં કહ્યું માનતો નથી. પણ જરા શોભવું મારે માટે હાલ બેહતર છે. થોડીજ વારમાં તેને આપવો બંધ કરૂં તોજ હું ખરો.

ખેડુત–(ઉમરા ઉપર બેસે છે) ભલા માણસને શા માટે ન આપવું જોઇએ ?

મજુર સેતાન–આપવું એ એક બાબત છે; પાછું લેવું એ બીજી બાબત છે. તમે જાણો છો કે ધીરવું એ ટેકરી ઉપરથી નીચે ગબડાવવા જેવું છે; જ્યારે વસુલ કરવું તે ટેકરી ઉપર લઇ જવા બરાબર છે. ઋષિઓની એ કહેવત છે.

ખેડુત–ચિંતા ન કર. આપણી પાસે પુષ્કળ અનાજ છે.

મજુર સેતાન–હા, પણ તેથી શું ?

ખેડુત–આપણી પાસે પુરતું છે. પાંચમા આરા સુધી ચાલે તેટલું છે. ભલા બીજાનું ભલું થતું હોય તો શા માટે ચુકવું જોઇએ; કારણ કે આપણે આટલા બધાને સામટા બચકા ભરવાના નથી.

મજુર સેતાન–અરે ! વહાલા શેઠ, આ અનાજમાંથી તો હું કાંઇક એવું બનાવુંને કે જેથી તમો અને તમારા વંશજો જરૂરા જરૂર આનંદ કરે.

ખેડુત–શું ? તું એમાંથી શું બનાવવાનો છે ?

મજુર સેતાન–જેમ મધ્ય યુગના સાધુઓએ જૈન ધર્મના ફાંટા–વાડા ઉત્પન્ન કર્યા તેમ હું યંગમેન્સ જૈન સોસાયટી બનાવું છું. જ્યારે આધી–વ્યાધી અને ઉપાધીમાંથી આરામ લેવા વીચાર હોય ત્યારે તે સંસ્થાના સભ્ય જો બન્યા હોઇએ તો ત્યાં જરૂરા જરૂર આરામ અને તાકાદ મળે છે. તમો ઉદાસીન હશો ત્યારે તમોને તે સોસાયટી લહેરમાં લાવશે. તમને બીક લાગતી હશે ત્યારે હીંમત આપશે.

ખેડુત–ગપ્પાં.

મજુર સેતાન–ભલે ગપ્પાં માનો. મેં તમોને ટેકરી ઉપર વાવવાનું કહ્યું ત્યારે એમજ હતું ને ? તમને મારામાં વીશ્વાસ નહોતો; હવે તો તમોને ખાત્રી થઇને ?

ખેડુત–પણ તે સોસાયટી બનશે કેવી ?

મજુર સેતાન–સીદ્ધાંતરૂપી અનાજની.

ખેડુત–અલ્યા નવું. આ બધું ડહાપણ તું શીખ્યો ક્યાંથી ? અલ્યા તું દેખાય છે તો કરકસરવાળો અને મહેનતુ. ત્રણ વર્ષથી તું મારી સાથે રહે છે, તો આ બધું શીખ્યો ક્યાંથી ?

મજુર સેતાન–મધ્ય યુગના જુના ભંડારોના ભંડારો ફેંદી વળ્યો છું.

ખેડુત–ત્યારે તું એમ કહે છે કે આ સોસાયટી તાકાદ આપશે, ખરૂંને ?

મજુર સેતાન–એકવાર બનો તેના સભ્ય, પછી પુછજો કે એમાંથી કેટલો ફાયદો થાય છે ?

ખેડુત–ત્યારે તેના સભ્ય થવાય કેવી રીતે ?

મજુર સેતાન–દર વર્ષે ચાર આના ભરીને.

ખેડુત–ચાર આનાથી તત્વની તાકાદ આવશે ખરી ?

મજુર સેતાન–જરૂર, કારણ કે તેમાં સાધુ–સાધ્વીને શ્રાવકો તેમજ શ્રાવીકાઓએ મુરબ્બી તરીકે માનવાના છે. તેમના કીધા પ્રમાણે વર્તે તેજ ખરો સમકીતી–બાકી બીજા બધા મીથ્થાત્વી–હાડકાના માળામાં રહેનારા. ચાર આનામાં દુધપાક વર્ષે દીવસે મફત મળે, એક ચોપડી ભેટમાં મળે તે જુદી. દુધપાક અને ભેટની ચોપડી વડે અમૃત જેવું તત્વ

મહણુ કરાય; અને સાધુઓના કીધા મુજબ વર્ત્યા એટલે જરૂરાજરૂર મોક્ષનો પરવાનો પણ મળવાનો. એક જગ્યાએ લખેલું છે કે :—

ભજ સીસોટી ભજ સીસોટી, સીસોટી ભજ મૂઢ મતિ;
ઇશ્વર છે સીસોટી શ્રદ્ધા, સીસોટી વિના નહી કોઇ ગતી.
ભજ સીસોટી (૧)

હોય પાસ સીસોટી શ્રદ્ધા, કલરવ કરતી આવે છે;
ભલે પધાર્યા શાસનની તમે, કહી કહે ભપટાવે છે.
ભજ સીસોટી (૨)

હોય પડો વીરોની જો કોઇ, જાણુવો હાડકાનો માળો;
પીટયો કયારે જશે નરકે, મૈત્રી ભાવના ભલે ભળો.
ભજ સીસોટી (૩)

ભીત સીસોટી બન્યા જો તમે, મોક્ષ પરવાનો જરૂર મળે;
સભ્ય થીના તમે પણ પ્રમાણો, સીસોટી કહેવત છે સાચી.
ભજ સીસોટી (૪)

સીસોટીના ફીક પ્રમાણે, હા કહે સાચા સાધુ;
કુસાધુ કહેવા કોને ભાઇ, સીસોટી ફીક ઉમ્હેરે.
ભજ સીસોટી (૫)

સીસોટીના સીદ્ધાંતો પર, પ્રગત્ જેઓ ઉત્પન્ન કરશે;
તેઓ જૈનોના કુસાધુ, મીથ્યાત્વી શ્રાવકો કહેવાશે.
ભજ સીસોટી (૬)

સીસોટીએ બહુ બુદ્ધી વાપરી, કરી એક કલ્યાણ સીદ્ધાંત;
રતિલાલ કહે છે ગુરૂ માની સીસોટી, ઓતી કરો દુધપાક તણી
ભજ સીસોટી (૭)

મારા વ્હાલા શેઠ, આ ઉપરથી તમો સમજી શકશો કે જો સોસાયટીના સભ્ય તમે ના થાઓ તો જૈન ખેડુત કોઇપણ દિવસ દુનીયામાં ટકી શકે નહી કારણ કે જૈન યંગમેન્સ સોસાયટી હોય તોજ જૈન ખેડુત ટકી શકે. સાધુ-સાધ્વીને મુરબ્બી તરીકે માન્યા-તેમના વચન ઉપર આંધળીયાં કર્યાં એટલે જરૂરા જરૂર મોક્ષનો પરવાનો મળવાનો.

ખેડુત-ત્યારે તો જરૂરો જરૂર હું સભ્ય થવાનો.

અંક ત્રીજો પુરો.

## અંક ચોથો.

મજુર સેતાન-વ્હાલા શેઠ, જાહેર ખબર રૂપી ચકલીથી તત્વજ્ઞાન રૂપી અમૃત પીવાય એટલું પીઓ.

ખેડુત-કેટલી વિચિત્ર વસ્તુ! મેલવણીમાંથી પાણી આવે છે.

મજુર સેતાન-એ પાણી નથી. એ તો તત્વજ્ઞાન રૂપી અમૃત છે.

ખેડુત-ચાખવા દે મને. મજુરના હાથમાંથી પ્યાલો ઝુંટવી લે છે.

મજુર સેતાન-સંભાળજો, તમે ઢોળી નાંખશો. બરાબર સંભાળજો (ચકલી ફેરવું છું) ચાલો ત્યારે પીઓ.

ખેડુત-(પહેલાં જરાક ઘુંટડો ભરી, પીધો) કહે છે એક ઘુંટડાથી સ્વાદ પરખાય નહી.

મજુર સેતાન-ઠીક, તમને આ ગમતો હોય તેમ લાગે છે. (વધારે કાઢે છે.)

(હમણાં તત્વજ્ઞાનની સરસમાં સરસ જાહેર ખબર અમદાવાદમાં ભગુભાઇના વંડામાં સાહિત્ય પ્રદર્શનના નામે કરી જૈન ખેડુતોને સરસ લાભ આપ્યો)-લેખક.

ખેડુત-ઓહ! કોઇ ચીજ છે! ઘરવાળીને બોલાવીએ. એ ખેડુત આવીકા! આમ આવ, જાહેર ખબરરૂપી ચકલીવાળું જે પેલું વાસણ છે તેમાંથી જે ચકલીમાંથી તત્વજ્ઞાન રૂપી અમૃત નીકળે છે તેનો સ્વાદ લે.

ખેડુત આવીકા-કદાચ નુકશાન થાય તો?

ખેડુત-પીને, મુરબ્બી, પી?

ખેડુત આવીકા-ચાખેજ, સરસ છે?

ખેડુત-(જરા મસ્તીમાં) સરસ હોયજને. તું જરા વધારે પી તો ખરી એ તત્વજ્ઞાનથી જુવાનીયા સાધુ થાય છે. યુવતીઓ સાધ્વીનો વેશ પહેરે છે

ખેડુત-(બડાઇ મારે છે) તું સમજીને, જરા ઉભી તો રહે. તું અને હું જ્યારે દરરોજ પીશું, એટલે આપણે સાધુ થવાના. સાધુ થયા પછી જરૂરા જરૂર આધી-વ્યાધી ને ઉપાધીમાંથી મુક્ત થઇ પ્રયાણ કરવાના. આવ, વ્હાલી, આવ, હરેમાય ના.

ખેડુત આવીકા-આવો પ્રભુ! ઉલટું આ ચકલીના તત્વજ્ઞાને ઝઘડાઓ ઉત્પન્ન કર્યા છે.

ખેડુત-મુર્ખી, તે મુર્ખી રહી. સ્વાદ લીધા સીવાય કેમ કહી શકે છે કે ચકલીમાંથી નીકળતું તત્વજ્ઞાન નુકશાન કરશે.

ખેડુત આવીકા-ત્યારે લાવ. અજમાયશ કરી જોઉં.

ખેડુત-હવે બની ડાહી-ખરી આવીકા.

ખેડુત આવીકા :-સાસુજીને બોલાવીએ. તે હંમેશાં ઉદાસીન રહે છે, બબડયા કરે છે. તેમને તાજા થવાની જરૂર છે. એ તત્વજ્ઞાન પીસે તો કંકાસ ઓછો કરશે.

ખેડુત :-(મદમાં) હા, માને બોલાવ; દાદાને પણ બોલાવો. ઓહ! મેરી વ્હાલી! હું કહું છું કે દાદા-દાદીને બોલાવ. જા ઝટ. હવે ત્યારે ઝટ જા તીરની માફક જા.

ખેડુત-(વધારે પીએ છે) તત્વજ્ઞાન શરીરના રગેરગમાં ઉતર્યું.

સ્ત્રી-તું બહુ હુશીયાર બન્યો. ડાંભક ગા.

"દિક્ષાકો નહિ સમજના, કેવલ વાકૂ વિલાસ;
જોત જીત હોકે ઉન્મીત, કરના આત્મ વિકાસ. (૧)
કરના આત્મ વિકાસ, આગસી પઢા ના રહેના;
કેવલ વાકૂ વિલાસ, દીક્ષાકો નહીં સમજના. (૨)

(ખેડુત અને તેની સ્ત્રી ગાયન ગાતાં જાય છે અને સાથે નાચે છે પણ ખરા.)

મજુર સેતાન :-(દશ્યના આગળના ભાગમાં વાદ્ય વગાડે છે અને ખેડુતની અને તેની સ્ત્રીની સ્થિતિ જોઇને હસે છે.) (મનમાં, શેઠસાનો દંડ આપવો પડશે. જાલમાંથી હવે કદી નીકળી શકશો નહીં. હવે સરદારને આવવું હોય તો ભલે આવે.)

(ડોસા (દાદા) ડોસી (દાદી) દાખલ થાય છે.)

દાદા :-શું છે? તમો ગાંડા થયાં છો શું? ગાંધીજી અહીંસા પરમો ધર્મનો સીદ્ધાંત જગતભરમાં ફેલાવવા માટે પોતાની શક્તી અને બુદ્ધી પ્રમાણે પ્રયત્ન કરે છે-લાખ્ખો તેમના અનુયાયીઓ અહીંસા પરમોધર્મના નામે જેલમાં જાય છે-માથા લાઠીઓથી ભાંગાવે છે ત્યારે ઘરની અંદર આ શેનો નાચ નાચી રહ્યાં છો? અત્યારે, અહીંસા પરમોધર્મનો ફેલાવો જગતભરમાં કેવી રીતે થાય તે વીચારની આપ લે કેમ કરતા નથી? આપણો આર્ય દેશ પુર્ણ જાહોજલાલીમાં કેવી રીતે આવે તે વીચારની આપ લે નહી કરતાં નાચ શાનો લઇને

બેઠા છો? ગુણિકાઓ જેમ ડોળદમામ રાખીને જગતને આંજી નાંખવા માગે છે તેવી રીતીઓ શા માટે ગ્રહણ કરવામાં આવે છે?

બેકુત શ્રાવીકા—(નાચે છે અને તાળીઓ પાડે છે) આ...આ...આ...(નાચે છે)

ડોશી—અરે હલકટ! દાદા કહે છે તેના ઉપર પુરતું ધ્યાન આપો.

બેકુત—માજી! જરાક થોભો. અહેર ખબરરૂપી ચકલીમાંથી નીકળતું તત્વજ્ઞાન ઘરડા માણસોને જુવાન બનાવી શકે છે. જરા પી તો જુઓ. (પ્યાલો આપે છે.)

ડોશી—આમાં શું નાંખ્યું છે? મારા બાપ, કેવી સુગંધ છે?

બેકુત—જરા પી તો જુઓ!

ડોશી—પીવાથી મરી તો નહી જવાયને?

બેકુત શ્રાવીકા—એથી તો ઉલટા તમો અમરપણું પામશો.

ડોશી—(પીએ છે) સરસ લાગે છે. દાદા અહીંયાં આવો, જરા ચાખો.

મજુર સેતાન—એ ડોસા સામું ના જોશો. માજીને બીજું વધારે તત્વજ્ઞાન આપો.

ડોસી—હજી તો નહી થાય ને. જરાક બળે છે પણ પણ લાગે છે સરસ.

સ્ત્રી—પી જાઓ, નવું બળ આવશે.

ડોસી—પીને આખતરો કરી જોવામાં જાય છે શું? પીએ છે.

સ્ત્રી—તમારી રગેરગમાં એ પહોંચી ગયું?

ડોસી—વાહ, વાહ, હું અમર થઈ ગઈ.

બેકુત—મેં નહોતું કહ્યું?

મજુર સેતાન વાદ્ય વગાડે છે. બેકુત, સ્ત્રી અને ડોસી ગાય છે અને સાથે નાચ પણ કરે છે બે.લો. બંગમેન્સ જૈન સોસાયટી દીક્ષાનો જય

દાદા—વાસણ પાસે જાય છે, ચકલી ફેરવે છે અને તત્વજ્ઞાનનો ઉભરા જમીન ઉપર ઢોળાઈ જવા દે છે.

બેકુત—(દાદા સામે ધસે છે) અરે ઘરડા બુઢા! આ તું શું કરે છે? સરસ ચીજ ઢોળી નાંખે છે? ખસ દુર!

દાદા—જૈન ધર્મમાંથી સેતાનનો વાડો બાંધી કુદાકુદ શેની કરો છો? પાયમાલ થઈ જશો. કુસંપમાં ને કુસંપમાં જૈન બેકુત ધર્મને ખરાબ કરશો. આતો આગ છે—આગ. તમને બધાને બાળી નાખશે. ચેતો હજુ સમય છે.

અંક ચોથો પુરો.

---

**ગોડીજીના દેરાસરના વહીવટ માટે**—છેલ્લા અઠવાડીઆ દરમીયાન ઉપરના દેરાસરના ટ્રસ્ટીઓના કારોબાર સંબંધી ઘણી છુટી છવાઈ ચર્ચા શહેરમાં ચાલ્યા કરતી હતી ટ્રસ્ટીઓ ઉપર ઘણા કાગળો મોકલવામાં આવ્યા છે. મુંબઈ સમાચાર તા૦ ૨૪-૨-૩૧ ના રોજમાં ખબર પ્રગટ થયા છે કે ચોક્કસ સાધુઓ ગોડીજીના ઉપાશ્રયમાં પધાર્યા હતા. તે સાધુઓને કોણે આમંત્રણ કર્યું તે તેમાં જણાવેલ નથી. તેમ ટ્રસ્ટીઓની રજા તેઓએ મેળવી હતી કે કેમ તે પણ જણાવેલ નથી. વળી લાલબાગમાં જ્યાં તેઓ રહેતા હતા ત્યાંથી શા માટે તેમને નીકળી જવું પડયું તે પણ જણાવેલ નથી. લાલબાગમાં સાધુઓની સંખ્યા વધી પડી હતી કે શું? આ બધી બાબતોને અંગે મેનેજીંગ ટ્રસ્ટીઓએ પણ કાંઈ ખુલાસો બહાર પાડી દેવસુર સંઘને વિશ્વાસમાં લીધો નથી. ગમે તે સાધુ એક સ્થાને સ્થિત થયેલા હોય તે ગમે ત્યારે ગમે તે ઉપાશ્રયમાં દાખલ થય આ પદ્ધતિ શું ધાર્મિક ગણાતી હશે! અમારા સાંભળવા મુજબ તે સાધુઓના વકીલ એમ જણાવે છે કે ચાર ટ્રસ્ટીઓએ આ ચાર સાધુના પ્રવેશને અંગે સંમતિ આપી હતી તો સત્ય શું છે. આ બધી ચર્ચાના અંગે નીચેની નોટીસ ગોડીજીના દેરાસરના ટ્રસ્ટીઓ ઉપર મોકલવામાં આવી છે જે અમોને પ્રગટ કરવાનું કહેવામાં આવવાથી પ્રગટ કરીએ છીએ.

૨૬ મી ફેબ્રુઆરી ૩૧.

## મોહનલાલ હેમચંદ અને બીજાઓ.

સાહેબો,

અમારા અસીલો ઝવેરી એલ. મંછુભાઈ સવાઈચંદ અને બીજાઓ જેઓ જૈન સંઘના સભાસદો છે તેમના તરફથી આ નોટીસ લખીએ છીએ.

અમારા અસીલોએ તમારી અને તેમની વચ્ચે થયેલો પત્રવ્યવહાર અમને સોંપ્યો છે. અમારા અસીલો માને છે કે જો કે તે સખાવત એકસો પચાસ વરસ કરતાં પણ વહેલા સ્થપાઈ હતી. છતાં કાંઈપણ ટ્રસ્ટડીડ હજુ સુધી થયું નથી અને સદરહુ સખાવત ચાલુ રાખવા માટે કાંઈપણ યોજના ઘડવામાં આવી નથી. જો કાંઈપણ યોજના ઘડવામાં આવી હોય અથવા કોઈપણ ટ્રસ્ટડીડ થયું હોય તો તે અમને જોવા આપવા તમોને અમો જણાવીએ છીએ.

સદરહુ સખાવતની વ્યવસ્થા માટેની યોજના સહીતનું ટ્રસ્ટડીડ હવે પહેલીતકે થવાની જરૂર છે. આગળ જણાવવાનું કે ટ્રસ્ટીઓ તરફથી રખાયેલા હિસાબ છપાવવામાં કે પ્રગટ કરવામાં આવ્યા નથી જેથી કરી સદરહુ સખાવતોની વ્યવસ્થા સબંધી ચોક્સ પરીસ્થિતી જૈન સમાજને જાણવા માટે તક મળે.

હિસાબનું સરવૈયું સભામાં વાંચવામાં આવે તે હકીકત પુરતી નથી કેમકે જ્યારે જનરલ સભા બોલાવવામાં આવે ત્યારે વસ્તુસ્થીતી સંબંધમાં સવાલો પુછવા કે તપાસ કરવા માટે સભાસદોને તેથી તક મળતી નથી.

આગળ જણાવવાનું કે ટ્રસ્ટીઓ ઉપર પોતાની ફરજનો ભંગ કર્યાનો આરોપ છે અને ગેરવ્યવસ્થાનાં ઘણાં કામો થયાં છે જે યોગ્ય સ્થળે અને સમયે સાબીત કરવામાં આવશે.'

વળી અમારા અસીલો માને છે કે તમોએ તમારા ઠરાવથી વિરૂદ્ધ રામવિજયના કોઈ એક શિષ્યને તે ધર્માદા મકાનમાં આવવા અને રહેવા દીધા જેને પરીણામે લાલબાગમાં જે જાતનો ખળભળાટ અને ઝગડો થયો હતો તેવો ફરી થવા સંભવ છે.

વળી આગળના તમારી સાથેના પત્ર વ્યવહારમાં જણાવ્યા પ્રમાણે અમારા અસીલોનો વાંધો છે કે એક નાદારને ટ્રસ્ટી તરીકે ચાલુ રાખવા દેવો નહી.

અમારા અસીલો માને છે કે એક બાજુ રામવિજયના અનુયાયીઓ અને વખાણનારાઓ તરફથી અને બીજી બાજુએ હંસવિમળના અનુયાયીઓ અને વખાણનારાઓ તરફથી સામ સામે અરજીઓ આવેલી હોવાથી ટ્રસ્ટીઓએ એવો ઠરાવ કર્યો છે કે સદરહુ મકાનમાં જેઓ પહેલેથી છે તેઓ ઉપરાંત બીજા કોઈને પણ તે મકાનમાં સાધુ તરીકે આવવા કે રહેવા દેવા નહી. આ ઠરાવ છતાં ટ્રસ્ટીઓએ રામવિજયના ચેલાઓને સદરહુ મકાનમાં આવવા અને રહેવા દેવાની તમારી ફરજમાં અને રામવિજયના ચેલાઓની આખી પાર્ટીને અંદર આવવા દઈને તમે જુઓ છો કે કોમમાં ઝગડો થવાનો સંભવ છે.

તેથી કરીને જો સંતોષકારક ખુલાસો નહિ થાય તો અમારા અસીલોને એડવોકેટ જનરલ સમક્ષ મજકુર બાબત મુકવાની અને સદરહુ બાબતમાં તમારા પોતાના ખર્ચે અને જોખમે આગળ પગલાં લેવાની ફરજ પડશે.

મેસર્સ એન. સી. દલાલ,
સોલીસીટરો.

યોધારી સંઘની મેનેજીંગ કમીટીએ તા૦ ૨૭-૨-૩૧ ની મીટીંગમાં સર્વાનુમતે ઠરાવો કરી ટ્રસ્ટીઓ ઉપર મોકલી આપેલ છે તેમાં એક ઠરાવ નીચે મુજબ હતો:—

"આ નવી પરિસ્થિતી ઉભી થઇ છે તે સંબંધી ચેતવણી આપ્યા છતાં ગફલતપોશી રખાય છે તેને લીધે જૈન સમાજને ખાસ કરીને ગોડીજી મહારાજના દેરાસરજીને જે કાંઇ સહન કરવું પડે તેને માટે તમોને જોખમદાર ગણવામાં આવશે."

## પાટણના મણીયાતી પાડાના દેરાસરના વહીવટદારનો

# જાહેર ખુલાસો.

પાટણ તા૦ ૨૪-૨-૩૧.

તા૦ ૨૦-૨-૩૧ ના વીર શાસનમાં પાના ૩૧૯-૨૦ ઉપર "આમાં સત્ય શું છે." એ મથાળાવાળા લેખમાં પાટણનો ખબરપત્રી જણાવે છે કે "પાટણમાં મણીયાતી પાડામાં ભગવાન શ્રી મહાવીર સ્વામીજી મહારાજની જીર્ણોધ્ધાર વખતની પ્રતિષ્ઠાની બોલીમાં આવેલા રૂપીઆની રકમમાંથી ચોથો ભાગ તેઓશ્રી બૃહદકલ્પ છપાવવા ધારે છે તેમાં લઇ જવા માટે જુદો કઢાવી રાખ્યો છે." આ વાત તદ્દન ખોટી અને બીનપાયાદાર છે તથા પ્રવર્તકજી શ્રી ૧૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજને પ્રતિષ્ઠાના અંગે થએલી બોલીમાં ઉત્પન્ન થએલી રકમ સાથે સીધો કે આડકતરો કોઇ પણ જાતનો સંબંધ નથી તેમજ સદરહુ લેખમાં તા૦ ક૦ બીજા કોઇને આ લેખનો ખુલાસો કરવાની મનાઈ કરેલી હોવાથી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ ખુલાસો કરે યા ન કરે તો પણ સદરહુ દહેરાસરના વહીવટકર્તા તરીકે સત્ય વસ્તુ સમાજમાં રજુ કરવાની મ્હારી અનિવાર્ય ફરજ હોવાથી હું આ ખુલાસો બહાર પાડું છું.

કોઇ પણ જાતની ચોકસી કર્યા સિવાય આવી તદ્દન નાપાયાદાર વાતોને જાહેરાત આપી એક સાધુ પુરૂષને વગોવવામાં વીર શાસનના તંત્રીએ ઘણુંજ ઉતાવળીયું પગલું ભર્યું છે એ શોચનીય છે આશા છે કે તંત્રીશ્રી આવી નાપાયાદાર વાતોની જાહેરાત કરવા પહેલાં પૂરતી ચોકસાઇ કરવાની તસ્દી લેશે.

સમાજમાં સદરહુ ખબરપત્રીના લેખથી ફેલાએલી ગેરસમજ દૂર થાય એટલા ખાતરજ સદરહુ દહેરાસરના વહીવટકર્તા તરીકે આ ખુલાસો કરવાની જરૂર જોઇ છે.

આ ખુલાસો વીર શાસન પત્રના તંત્રીશ્રી ઉપર પણ પ્રગટ કરવા માટે મોકલી આપ્યો છે. તા૦ સદર.

લી૦ શ્રી સંઘનો સેવક,
શા. સુંદરલાલ પોપટલાલની સહી
પાટણ મણીયાતી પાડાના દહેરાસરજીના વહીવટકર્તા.

## રાધનપુરના વીશા શ્રીમાળી સમાજે ભરેલું સ્તુત્ય પગલું.

રાધનપુર, તા૦ ૧૨-૨-૩૧.

રાધનપુરના દશા શ્રીમાળી સમાજ તરફથી રાધનપુરના વીશા શ્રીમાળી સમાજને દશા શ્રીમાળી સમાજના આગેવાનોએ પોતાના સાથેનો બેટી વ્યવહારનો રિવાજ નથી તે પડદો ખોલી નાખી બેટી વ્યવહારના દ્વાર ખુલ્લા કરી આપવા માટે અરજ એક મહિના પહેલાં કરેલ જે ઉપર વિચાર કરવા માટે કેટલી વાટાઘાટ બાદ સંવત ૧૯૮૭ ના મહા વદ ૯ ને ગુરૂવારના રોજની મીટીંગમાં તેઓની અરજ મંજુર કરી નીચે બતાવેલી શરતોએ તેઓના સાથેનો બેટી વ્યવહારનો પડદો ખોલી નાખવામાં આવેલ છે.

શરતો.

૧ સહી કરનાર અરજદારોએ રાધનપુર વીશા શ્રીમાળી સમાજના લગ્નાદિ તમામ રિતરિવાજ પ્રમાણે વર્તવું તેથી બીજી રીતે વર્તવું નહી.

૨ રાધનપુરના વીશા શ્રીમાળી સમાજના વહીવટથી બીજી રીતે ગામ પરગામ તેમજ જે સમાજ અથવા તેના ઘરો સાથે આ સમાજે બેટી વ્યવહાર રાખેલો કે ખુલ્લો કરેલો નથી તેવી કોઇ પણ સમાજ કે સમાજના ઘરોમાં પોતાની કોઇ પણ દીકરી કે દીકરાઓ સહી કરનાર અરજદારોના ઘરાણાવાળાએ આપવી કે અપાવવી નહી.

૩ ધાર્મિક સંપ્રદાય હાલ જેમ એકત્ર છે તેમજ તપગચ્છની સમાચારીનો હંમેશાં કાયમ રાખવો તેમાં કોઇ પણ પ્રસંગે જુદા પડવું નહી.

ઉપર મુજબનો પડદો ઉપાડી લેવા માટે અત્રેના વકીલ હરજીવનદાસ દીપચંદભાઇએ દરખાસ્ત મુકતાં તેને શા. લખમીચંદ પ્રેમચંદ અને શા. ચીમનલાલ સોરચંદે ટેકો આપ્યો હતો ને સર્વાનુમતે ઠરાવ મંજુર કરવામાં આવ્યો હતો. જે બાદ મંજુર થયેલો ઠરાવ દશા શ્રીમાળી સમાજને વાંચી સંભળાવતાં તેઓ તરફથી ઉપરની શરતો કબુલ રાખવામાં આવી હતી તે પ્રસંગેની ખુશાલી દશા શ્રીમાળી બંધુઓએ ધાર્મિક ખાતાંઓએ મદદ કરી હતી.

## મુનિશ્રી રામવિજયજીને ખુલ્લો પત્ર.

ઠે૦ દંતારવાડો, ખંભાત, તા૦ ૨૪-૨-૩૧.
મુ૦ ખંભાત.

મુનિશ્રી રામવિજયજી,

મારા સાંભળવામાં આવ્યું છે કે ગઇ કાલે એટલે તા૦ ૨૩-૨-૩૧ ના રોજ શક્કરપુરના જીનમાં બે છોકરીઓને દીક્ષા આપતી વખતે તમોએ કહેલું કે જો બીજા કોઇને આ વખતે દીક્ષા લેવી હોય તો હું આકાશમાંથી ઓઘો લાવી આપું. તો જો આપ ચારિત્રવાન હોવાનો દાવો કરતા હો અને આકાશમાંથી ઓઘો લાવવા તૈયાર હો તો હું આપની પાસે દીક્ષા લેવા તૈયાર છું. આ કામ જાહેર પ્રજા સમક્ષ કરવું પડશે અને તેમ કરશો તો મારી દીક્ષામાં કેઇ વિઘ્ન કરશે નહીં તેની ખાત્રી રાખશો. માટે આકાશ માર્ગમાંથી ઓઘો લાવવા તૈયાર હોય તો મને તુરત જવાબ આપશો. જવાબ આપ્યા વગર ખંભાત છોડશો નહીં. અને છોડશો તો તમે તમારૂં બોલેલું પાળવાને શક્તિમાન નથી તેવું મને અને જાહેર સમાજને માનવાની ખાત્રી થશે એજ. લી૦,

રતિલાલ બેચરદાસ શાહ, દા. પોતે.

ઉપર મુજબનો પત્ર તા૦ ૨૪-૨-૩૧ ના રોજ બે વાગે તેમને મળવા છતાં જવાબ નહીં આપતાં તેમજ તે બાબત ખુલાસો નહીં કરતાં સવાત્રણ વાગે ખંભાતની હદ છોડી ગયા છે. છતાં હજુ પણ જો તેઓ આ ચેલેંજ સ્વીકારી દીક્ષા આપવા તૈયાર હોય તો હું દીક્ષા લેવા તૈયાર છું. જાહેર જનતા આવા સાધુઓના વાક્ચાતુર્યમાં ભોળવાઇને ફસાઇ જાય નહીં તે માટે આ પત્ર પ્રસિદ્ધ કરવા મોકલું છું

લી૦, રતિલાલ બેચરદાસ શાહ, દા. પોતે

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચહાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૭ મો. | સંવત ૧૯૮૭ ના ફાગણ વદી ૬. તા૦ ૯-૩-૩૧ | છુટક નકલ: ૦ાા આનો.

## નોંધ અને ચર્ચા.

### ઝાલાવાડના જૈન યુવાનો સાવધાન!

આપણા જૈન સમાજમાં એક એવો ચોક્કસ વર્ગ હસ્તી ધરાવે છે, કે જે પોતાની જાતને 'શાસનપ્રેમી' અને 'ધર્મ-પક્ષ' નાં વણ દીધાં બિરૂદ લગાડી સાચા જૈન હોવાનું અભિમાન લ્યે છે અને એ વર્ગે સાચાં માની લીધેલાં 'મંતવ્યો'ને સમાજની શાન્તિ અને વ્યવસ્થાને ભોગે અમલમાં મુકવાનો જીવતોડ પ્રયત્ન આદરી રહ્યો છે. એમના એવા પ્રયત્નોએ ગુજરાતના જુદા જુદા શહેરોમાં જે કલેશનો દાવાનળ સળગાવ્યો છે તેનાથી સમાજની કોઈપણ વ્યક્તિ અજાણ હોવાનો ભાગ્યેજ સંભવ છે. જ્યાં આ વર્ગ જ્યાં પોતાનો અડ્ડો જમાવે છે ત્યાં એવી ખુબીથી દાખલ થાય છે, કે તેમના હેતુ માટે શંકા કરવાનું કોઈનેય ભાગ્યેજ કારણ મળે. ધાર્મિક ક્રિયા કરવાને બ્હાને પોતાનો પગપેસારો કરી; એ ક્રિયાઓ કરનારની સગવડ ખાતર અને ક્રિયાઓની ઉપયોગીતા સમજાવવાના બ્હાને નભતો 'દેશવિરતી આરાધક સમાજ' દાખલ થાય છે. અને એ 'સમાજ' ની પાછળ 'યંગમેન્સ જૈન સોસાયટી' એના પડછાયા રૂપે એની પાછળ હોયજ એ તો સ્વાભાવિકજ છે. આ રીતે વાતાવરણ તૈયાર થયા બાદ 'અયોગ્ય દીક્ષાનો' હજારો લઈ બેઠેલા એ 'આચાર્ય ત્રિપુટી' માંથી એકાદનો ત્યાં પ્રવેશ થાય છે, અને પછી એ કહેવાતાં "દેશવિરતી આરાધક સમાજનાં" અને "એસ. ઈન્ડીઆ યં. મે. જૈન સોસાયટીનાં" સંમેલનો નામ નીચે પોતાના અંતરનો રોષાનળ ઠાલવતા ઠરાવો પસાર કરવામાં આવે છે. આ હકીકત કેટલી સત્ય છે તે ગઈ સાલ સુરતમાં ભરાએલા તેમના સમ્મેલનોમાં પસાર થયેલા ઠરાવો એક વખત વાંચી જવાથી સ્પષ્ટપણે સમજી શકાય તેમ છે. આ વરસે વઢવાણ શહેરમાં એ વર્ગે પોતાનો પગપેસારો કરી અડ્ડો જમાવવાનો પ્રયત્ન આદરી દીધો છે. શાન્તપણે આત્મકલ્યાણને અર્થે થતી કોઈ પણ ધાર્મિક ક્રિયાઓ સ્હામે કોઈનેય—પછી તે યુવાન હોય કે વૃદ્ધ: જુના વિચારનો હોય કે નવા વિચારનો—વાંધો નજ હોય. પણ એ ધાર્મિક ક્રિયાઓના નામે 'સમ્મેલનો' અને 'સભાઓ' યોજી આંના વ્યવસ્થિત અને શાંત સમાજમાં અશાન્તી અને અવ્યવસ્થાનાં પૂર ઉભરે એવા પ્રયત્નો ન થાય. સમાજના ઐક્યમાં કોઈપણ જાતનો વિક્ષેપ ન પડે—અને એ વઢવાણ શહેરની મારફતે આખાય ઝાલાવાડને તેના છાંટા ન ઉડે—તેટલા ખાતર વઢવાણનાજ નહીં પણ ઝાલાવાડ સમસ્તના યુવાનોને જાગૃત રહેવાની અનિવાર્ય આવશ્યકતા છે. ઝાલાવાડનું જૈન યૌવન આને માટે સાવધાન રહે!

ઋષભદાસ.

### સ્વતંત્રતા અને સ્વચ્છંદતા.

આજે શાહી સરકાર કહે છે કે હિંદ સ્વચ્છંદ બન્યું છે, પોથા હુકમના બુઢ્ઢાઓ કહે છે કે યુવાનો સ્વચ્છંદી બન્યા છે અને કેટલાએ પતિરાઓ કહે છે કે પાશ્ચાત્ય સંસ્કૃતિના સ્પર્શે પત્નીઓ સ્વચ્છંદી બનવા માંડી છે. વિશેષ મુશ્કેલ બાબત તો એજ છે કે સ્વતંત્રતા કે સ્વચ્છંદતાની નિયમસર વ્યાખ્યા કોઈ આપી શકતું નથી અને તેથી વિચાર મતભેદને સ્વચ્છંદતાનું નામ આપી દેવું ઘણાઓને સરળ થઈ પડે છે. ક્રાન્તિવાદ આવા વિચાર મતભેદને નિઃશંક આવકાર આપે છે.

સામાન્ય જનસમુહને પ્રત્યક્ષ બાબતો (open facts) આપી શાસ્ત્રાર્થમાં ઉંડા ઉતર્યા વગર ભૂત અને વર્તમાનની કંઈક ઝાંખી કરાવવી તેમાં શાસ્ત્રોને અને શાસ્ત્રોક્ત બાબતોને કંઈ પણ અન્યાય થતો હોય તેમ લાગતું નથી; અને ક્રાન્તિ ભક્ત યુવાનો ઉંડી બંધારણની બાબતોમાં ઉતર્યા વગર દેશકાળાનુરૂપ સ્થિતિ ઉત્પન્ન કરવાજ સંગ્રામ ખેડે છે તેમ ટીકાકારોએ સમજવાની જરૂર છે.

'યુવક સંઘોના વાજીંત્ર' સંચાલકોને અયોગ્યપણે સલાહકારો કરતાં તેમની ફરજનું વધારે ભાન છે, એટલે તેમને ખોટા માર્ગદર્શકોની જરાયે જરૂરિયાત નથી. યુવક સંઘોના સુકાનીઓને શું કરવું યા શું ન કરવું તેની પુરેપુરી ખબર છે. તેઓ અત્યારે કદાચ હડધુત બનશે પરંતુ ભાવિ પ્રજા તેમને જરૂર સન્માનશે. યુગ યુગનો ઇતિહાસ આ કથનમાં અવાજ પુરે છે. મને તો લાગે છે કે યુવક સંઘોના કહેવાતા શુભેચ્છકોની ભીનપાવાદાર ટીકાઓ તે સંસ્થાઓ પ્રત્યેના દ્વેષને લઈ થતો હોય અથવા પ્રત્યેના વ્યક્તિગત ઝુકાવને લઈ હોય તો તેમાં કશું આશ્ચર્ય નથી.

કાન્તિ-ભક્ત.

### આચાર્યશ્રી વિજયવલ્લભસુરિનો વિહાર.

"પુજ્યપાદ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય વલ્લભસુરીશ્વરજી મહારાજ પોતાના શિષ્ય પરિવાર સહિત પુનાથી વિહાર કરી તલેગામ, દગડેરા, ઘોડનદીનગર, યેવલા, ઔરંગાબાદ આદી નગરોમાં ભવ્ય જીનાલયોની યાત્રા કરતાં તેમજ ભવ્ય જીવોને ઉપદેશામૃતનું પાન કરાવતાં ફાલ્ગુન સુદિ ૧૧ ને દિવસે જાલના પધાર્યા છે. અહીં આઠ દિવસની સ્થિરતા કરી ફાલ્ગુન વદિ ૩ ના વિહાર કરી ચૈત્ર સુદિ ૧ ના દિવસે શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથજી પહોંચવાના છે."

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# વઢવાણનાં સંમેલનો.

વઢવાણનાં એક યુવાને આમંત્રણ આપવાથી વઢવાણમાં ઉકત સમેલનો ભરાય છે. સમેલન ને ધાર્મિક ક્રિયાઓ તે બે જુદી વસ્તુ છે છતાં સમેલન ભરનારાઓ સમેલનને ધાર્મિક ક્રિયા તરીકે ઓળખાવે છે. સમેલનના વિરોધ કરનારને સમેલનના કોઇ ચોકકસ ઠરાવ સામે વિરોધ દર્શાવનારને ધાર્મિક ક્રિયાના વિરોધી તરીકે સમેલન ભરનારાઓ ઓળખાવે છે, આ તેમની મનોદશા છે. તે હકીકત ઝાલાવાડના યુવાનો બરોબર ઉંડા ઉતરીને તપાસશે તો સત્ય જણાશે. ઝાલાવાડના જૈનોની સમજશકિત ઉપર અમોને વિશ્વાસ છે. તેઓ પોતાની હાજરીમાં ધાર્મિક ક્રિયાને બહાને કોમની સર્વમાન્ય સંસ્થાઓ ઉપર અસત્ય આક્ષેપોવાળા ઠરાવ પાસ થવા દેશે નહિ. અમો અમારા ઝાલાવાડના જૈન બંધુઓને સોસાયટી તથા દેશવિરતીના બધા સાલના ઠરાવો ને તેમના આપણે તપાસી જોવા વિનંતિ કરીએ છીએ.

કેટલીક ટુંકી બાબતો અમે નોંધીએ છીએ. સંમેલનનો ઠરાવ સાતમો શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સંબંધી છે તેમાં કોન્ફરન્સની જુન્નેરની બેઠક ઉપર ત્રણ આક્ષેપ છે (૧) ચુંટાયલા ડેલીગેટોને આમંત્રણ કરી અપમાન જનક અમાનુષી વર્તણુંક ચલાવી છે. (૨) મનસ્વીપણે શાસ્ત્રથી વિરૂદ્ધ ઠરાવો કર્યાં છે. (૩) શ્વેતાંબરો સિવાય બીજા ભાઇઓને સાથે રાખી બંધારણ વિરૂદ્ધ કાર્ય કર્યું છે. આ ત્રણે હકીકતની ચર્ચા જુન્નેર કોન્ફરન્સની બેઠક પછી વર્તમાનપત્રોમાં બંને પક્ષ તરફથી સારી રીતે થયેલી છે. હાલ સુધી કોન્ફરન્સની બેઠકોમાં ચુંટાયલા ડેલીગેટો માટે આવી ફરીયાદો થઇ નથી તો જુન્નેરની બેઠકમાં તેમ થવાનું સંભવી શકે નહિ. ડેલીગેટો ચુંટાયેલા હોય તો કોના તરફથી ચુંટાયેલા હતા તે વાત હજી સુધી પણ જાહેર કરવામાં આવી નથી. જેઓ ચુંટાયલા હતા તેઓએ બંધારણ વિરૂદ્ધ કોન્ફરન્સના અધિકારીઓ પાસે માગણીઓ કરી હતી જે તેમનો પક્ષ પણ કબુલ કરે છે. માંગણી કરી હતી તેમ તો તેમના પક્ષકારો કબુલ કરે કદાચ બંધારણ વિરૂદ્ધની આવી માંગણી ગણાય તે તેઓ નહિ સ્વીકારે. તે માંગણી પ્રમુખના ભાષણમાંથી અમુક ફકરાઓ કાઢી નાંખવા સંબંધી હતી. તે માગણીને કેવી ગણવી. તેના વિચાર કરવાનું અમો ઝાલાવાડના બંધુઓને સોંપીએ છીએ. શાસ્ત્રાજ્ઞા વિરૂદ્ધના ઠરાવો સંબંધી જુન્નેરના ઠરાવો તથા સુરત સમેલનના ઠરાવો બન્ને પ્રગટ થયેલા છે. જનતા શાસ્ત્રાજ્ઞા શી છે તે સારી રીતે સમજે છે. (૩) અન્ય માણસોને સાથે રાખી બંધારણ વિરૂદ્ધનું કાર્ય કર્યું છે. તેમાં પણ બીલકુલ વીગત આપવામાં આવી નથી. સાધારણ રીતે અન્ય ફીરકાનાં બંધુઓ હાજર હોય એટલે તેમના મત લેવાયા હોય તેમ બનતું નથી ને તેવું બન્યું પણ નથી. શાસનપક્ષ તેવી વીગત કાંઇ આપી શકતો નથી. તેમ ખોટા ખબરો જે અન્ય સાધન મારફતે મેળવેલા છે તેની ઉપર ભરોસો સમાજ મુકશે નહિ કારણ કે શાસનપક્ષ તો બેઠકના કામકાજ વખતે ગેરહાજર હતો. બીજા પણ તેમના ઠરાવો પોતાથી વિરૂદ્ધ પક્ષની સામે આક્ષેપ કરનારા છે. આવા સમેલનોમાં ભાગ લેવો તેથી કોમનું કાંઇ ભલું થવાનું જણાતું હોય તો તેમાં ભાગ લેવો વ્યાજબી ગણાય તેવો સંભવ ન હોય તો પણ તેવા સમેલનોને ત્યાજ્ય ગણવા જોઇએ. બાકી ધર્મક્રિયામાં ભાગ લેવામાં પક્ષભેદ ગણવાની જરૂર નથી.

## નોંધ અને ચર્ચા.

### ..................ને!

હમણાં હમણાં આપણાં વર્તમાનપત્રોના પાના ઉપર એવા લેખોનાં દર્શન થવા લાગ્યાં છે, કે જેના લખનારા પોતાની જાતને 'રૂઢીપૂજકો' કે 'સુધારકો' એ બન્નેથી ભિન્ન માનતા જણાય છે. તેમને કયા વર્ગમાં મુકવા તે તેઓએ સુચવ્યું ન હોવાથી આપણે એમને 'શિખામણ આપનાર'ના વર્ગમાં મુકી દઇએ તો તેઓ કદાચ ઝાઝો વાંધો નહી લ્યે. કારણ કે શિખામણ આપવી એ વડીલો—ગુરૂજનો—નો ધર્મ છે. અને વડીલ કે ગુરૂજન બનવું કોને ન ગમે ?!

આજનું યૌવન એ શિખામણ આપનારાઓને પુછે છે કે પાણીમાં 'તરવું' અને કિનારે ઉભા રહી 'તરનાર'ને શિખામણ આપવી એ બેમાં રહેલું કયું ગણાય ? પાણીમાં 'તરનાર'ને કિનારે ઉભા રહી 'શીખામણ' આપવી એ ભલે વડીલ કે ગુરૂજન બનવાના કોડ ધરાવનારાને બહુ ગૌરવ લેવા જેવું લાગતું હોય, પણ તેની કશીજ કીંમત નથી. 'તરનાર'ની ભુલ હોય તો 'એજ પાણી'માં પ્રથમ 'તરી' બતાવો. પછી શિખામણ આપો કે આમ 'તરાય:' જેમ 'રૂઢીપૂજકો' કે 'સુધારકો' પરસ્પર સહિષ્ણુતા ન રાખતાં એક બીજાની અથડામણમાં આવી સમાજમાં અશાન્તિ ફેલાવે છે એવો આક્ષેપ રહેલાઇથી મુકી શકાય છે. તેમ એમ પણ કહી શકાય કે સમાજમાં એક એવો 'નિષ્કૃય' વર્ગ છે. જે ઘરને ખુણે બેસી 'સબ જાણકાર'નો દાવો કરી માત્ર શિખામણજ આપી શકે છે.

અલબત્ત આજનું ડહોળાએલું વાતાવરણ અને સમાજની ડગમગતી નૌકા એ સૌ ભયનાં ચિન્હ છે—અશાન્તિ સુચવે છે. પરંતુ એટલું યાદ રખાય કે એ 'અશાન્તિ' માંથી 'શાન્તિ' જન્મશે તેજ સાચી 'શાન્તિ' હશે. બાકી નિર્જીવ શાન્તિ એ મુડદાની શાન્તિ છે; ચેતનવંતા સમાજની નહી.

'સુધાર' અને 'રૂઢી'ના શબ્દાર્થો ભાવાર્થો, કે વિશેષાર્થો ભલે તેવા સુંદર શબ્દોમાં ચિતરી શકાય; દાખલા દલીલો આપી શકાય; તેને અંગે જે જે કહેવું હોય તે કહી શકાય તેની ના નથી. કહેવાનો સૌને હકક છે. એટલે કોઇનાય વિચાર સ્વાતંત્ર્યની આડે આવ્યા સિવાય અમે માત્ર એટલુંજ કહેવા માગીએ છીએ કે આજે માત્ર 'સુધાર' નોજ પ્રશ્ન નથી રહ્યો. આજે તો સમાજનો ચોકસ વર્ગ કે જેને સમાજે તેના 'પરમ ત્યાગ' અને 'સમર્પણ' ની ખાતર ઇચ્છાપૂર્વક 'શ્રેષ્ટ—પૂજ્ય' માન્યો તેમાંની થોડી વ્યકિતઓ સમાજની એ ઉદારતાનો ગેરલાભ ઉઠાવવા માગે છે. પોતાની 'શ્રેષ્ટતા—પૂજ્યતા' લાયકાત હોય કે ન હોય તો પણ ફરજીઆત કબુલ કરાવવા માગે છે અને 'આજ્ઞા: એજ ધર્મ'ના ઓઠા નીચે 'વીતરાગ'ના સીધા વારસદાર તરીકે પોતાની આજ્ઞાને 'અનઉલંઘનીય' ગણાવા માગે છે. એ મનોદશાની સ્હામે આજના 'યૌવન' ને ખુલ્લો 'બળવો' છે. એટલું શિખામણ આપનારા ધ્યાનમાં રાખે એટલે બસ થશે.

6/3/31 — Fedist.

# વીસમી સદીનો જૈન ખેડુત:

લેખક: રતિલાલ ભીખાભાઇ.

(દરેક જૈન પત્રોને છાપવા માટે છુટ છે.)

**પાત્રો :–**

**જૈન ખેડુત**–(યંગમેન્સ જૈન સોસાયટીનો પછીથી બનેલો સભ્ય.)

**તેની સ્ત્રી–તેનો દાદો–તેની દાદી–છોકરા–છોકરીઓ પાડોશી.**

જૈન સોસાયટીના મુખ્ય ચાર વડીલો:–

**(સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા.)**

**સેતાનમુખી ઉર્ફે નરકનો પરમાધામી**

તેનો મંત્રી.

**ભપકાદાર સેતાન–બહુરુ.**

**બીજો સેતાન–બહુરુ.**

**ત્રીજો, ચોથો અને પાંચમો સેતાન–બહુરુ.**

**પહેરેગીરો અને દ્વારપાળો.**

## અંક પાંચમો.

મજુર સેતાન–અનાજ તો પુષ્કળ છે. રાખવાની જગા છે, તેના કરતાં વધારે છે. એને પેલાનો સ્વાદ લાગેલો છે. કેટલાક પુસ્તકોમાં તત્વજ્ઞાન સંતાડી રાખ્યું છે. કોઇને કામ વીના આપવાના નથી. કામ કરાવવું હશે ત્યારેજ એની સહેજ-જતં ચખાડીશું.

ગામનાં મોટેરાઓને નિમંત્રણ આપવાનું અને બધાને તે ખાવાનું કહ્યું છે. એટલા માટે કે તે લોકો પોતાની મીલકત દાદા સાથે સમજીને જુદી કરી લે અને રસ્તો એવો લે કે જેથી કરીને દાદા પાસે કાંઇ રહે નહી. ભલે, દાદા ઝુંપડીમાં રહે. મારા સરદારને આવવું હોય તો આવે કારણ કે મારે શરમાવા જેવું હવે રહ્યું નથી.

મુખ્ય સેતાન–મુદત પુરી થઇ છે. પેલા રોટલાની ભુલ સુધારી છે કે નહી? મેં તને કહ્યું હતું કે હું જાતેજ આવીને જોવાનો છું. કેમ? જન ખેડુતનો કબજો થયો.

મજુર સેતાન–પુરેપુરો. આપ જાતેજ જોઇ લો. પેલા ઝુલામાં પેશી જાઓ અને તેઓ શું કરે છે તે જુઓ. આપને સારી રીતે સંતોષ થશે.

મુખ્ય સેતાન–(ઝુલામાં પેસતાં) હવે જોઇએ છીએ. ખેડુત–તેની સ્ત્રી–દાદી–સાધુ–સાધ્વી–શ્રાવક–ને શ્રાવીકા રૂપી સંઘ દાખલ થાય છે.

સાધુ–કેમ તત્વજ્ઞાન જલદ બનાવ્યું છેને?

મજુર સેતાન–જી, હા.

સાધ્વી–પહેલા કરતાં હવે સરસ તત્વજ્ઞાન છે કે જેથી તે પીનાર જરૂર અમર બનવાના.

મજુર સેતાન–દુનીયામાં ફરવાથી ઘણી વસ્તુઓ શીખાય છે.

શ્રાવક–જાણકાર હોય તેજ જાણી શકે.

શ્રાવીકા–હવે બધાએ તત્વજ્ઞાન પીને યંગમેન્સ જૈન સોસાયટીને અમર બનાવવા પ્રયત્ન કરવો કે જેથી પાંચમા આરા સુધી કાયમ રહે ખરેખર, આ સોસાયટીમાં જે તત્વજ્ઞાન પીએ છે તેનામાં જરૂર જરૂર કલેશમય શક્તી આવે છે તેથી આપણે બધાએ હવે એ શક્તીથી બાપ સાથે કુસંપ શરૂ કરવી જોઇએ.

બધાનો નાટારંભ શરૂ થયો. મુખીસેતાન બારીકાઇથી જુએ છે. સેતાનનો મુખી આ કામથી ઘણોજ સંતોષ પામ્યો અને ખેડુતના બહુરુ મજુર સેતાનને કહે છે કે તેં ખરેખર જૈન ખેડુતોની અંદર ફાટ પાડવાના રસ્તા ઘણાજ સારા લીધા છે કે જેથી કરીને હવે ભગવાન મહાવીરના વચન સત્ય થશે અને નરકની અંદર જરૂર જરૂર કષાયોને લીધે તે જૈન ખેડુતો આપણા બંધનમાં પડશે. જે ખેડુતનો દાદો ફરફેરતો હતો તે મીલકત વગરનો થશે. ખેડુતે પોતાના દાદાનું ભરણ પોષણ કરવું બંધ કર્યું છે તેથી હવે આપણે તે ખેડુતના દાદાનો ભય નથી.

સાધુ–સારા માણસ સાથે વાત કરવામાં ફાયદો છે. જ્ઞાન મેળવવાની એ રીતી છે.

સાધ્વી–ખરેખર, આપણી સોસાયટી ડાહી અને ધર્મી છે.

શ્રાવક–મારી લાગણી હું શબ્દોમાં કહી શકતો નથી.

સાધુ–સાધ્વીના શબ્દોમાં આપણાથી શંકા થઇ શકેજ નહી.

શ્રાવીકા–ખરું કહ્યું, સાધુ–સાધ્વીના વચન ઉપર શંકા કરે તે મીથ્યાત્વી–હાડકાનો માળો.

મજુર સેતાન–મુખીને કહે છે કે જુઓ એક બીજાની ખુશામદ કરવા મંડી પડયા છે.

મુખી સેતાન–જૈન તત્વજ્ઞાનની એજ ખુબી છે. જો રીતસર સાધુના પરીષહો સહન કરીને કર્મોની નીર્જરા કરાય તો જરૂર બેડો પાર. જો ચુકે તો, જરૂર આપણા કબજામાં આવી જાય તેથી એક જૈન મહાત્મા લખી ગયા છે–"ધાર તરવારની સોહલી દોહલી ચૌદમા જીન તણી ચરણ સેવા."

મજુર સેતાન–હજુ જેમ જેમ વધારે તત્વજ્ઞાન મુર્ખાઓ પીતા જશે તેમ તેમ જરૂર તેમનો નાટારંભ દીપી નીકળશે.

સ્ત્રી–દીક્ષાનું તત્વજ્ઞાન વધારે પીવું તેજ બેહતર છે.

સાધુ–સારા માણસની સોબતમાં જેમ વધારે દીક્ષાપાન કરાય તેમાંજ આત્માની ઉન્નતી છે.

સાધ્વી–ખરી વાત છે. જેટલા દીક્ષાર્થીઓ વધે તેટલાઓનો જરૂરાજરૂર ઉધ્ધાર થાય.

શ્રાવક–દીક્ષાનું ટોળું વધે તોજ ધર્મ ટકી શકે.

શ્રાવીકા–દીક્ષાર્થીઓ વધે તોજ શ્રાવીકાનો ઉધ્ધાર થાય. શ્રાવીકાનો જો ઉદ્ધાર થાય તોજ ભવીષ્યની પ્રજામાં ધર્મ ટકી શકે. માટેજ દીક્ષાર્થીઓની જરૂર છે.

જૈન ખેડુત–સાના બરાડા પાડો છો.

સાધુ–બીજાજ સાનો કરે છે અદબ. શું હાડકાના માળામાં જવાનો વીચાર રાખ્યો છે? બેવકુફ તું તારી જાતને મોટી માનતા કયારથી શીખ્યો?

જૈન ખેડુત–સાધુ–સાધ્વીને કહે છે કે અવિનય થયો હોય તો માફ કરશો.

પુજ્ય ગુરૂદેવ, અમોને પુષ્કળ તત્વજ્ઞાન પાઓ કે જેથી કરીને યંગમેન્સ જૈન સોસાયટી પાંચમા આરા સુધી કાયમ રહે.

મુખ્ય સેતાન–અલ્યા બહુરુ મજુર, જોયું દીક્ષામાંજ મોક્ષ માની બેઠેલા છે. કેવી મજાની, બાજી તેં પાથરી છે? તારા કામથી હું ઘણો સંતોષ પામ્યો છું.

અંક પાંચમો પુરો.

# સમાજ ઉદયનો રાજરસ્તો.

લેખક : સર્વદમન.

(૧)

"I believe that all human problems find their fundamental solution in education. I know that all the evils almost without exception, from which my land suffers are solely owing to utter lack of education of the people. Poverty, pestilence, communal fights and industrial backwardness, which make our path of life too narrow and perilous, are simply due to the meagerness of education." —*Rabindranath Tagore.*

**શિક્ષણની જરૂરિઆત.**

શિક્ષણ એ સમાજ ઉદયનો રાજરસ્તો છે. કવિવર રવીન્દ્રનાથનાં ઉપરોક્ત વચનો આપણા દેશજનોની અભણ સ્થીતિનો કંઇક ખ્યાલ આપે છે પ્રજા પોતાનાં પગ પર જ્યાંસુધી ન ઉભી રહે, ત્યાંસુધી રાજ્યના સંચાલકોએ પ્રજાનાં ભણતર પ્રતિ ધ્યાન આપવું જોઇએ એ કથન વિશ્વમાન્ય છે. હિન્દનો પુરાતન ઇતિહાસ તેની સાક્ષી પુરે છે.

આપણી કરૂણાજનક સ્થીતિનો ખ્યાલ ત્યારેજ આવી શકે કે જ્યારે અન્ય દેશોનાં કેળવણી વિષયક ખર્ચોની સાથે આપણી તુલના કરીએ. અજ્ઞાન સમાજને આ પૃથ્વી પર વસવાનો કે વિચરવાનો હકજ નથી. જીવન શું છે, જગત શું છે અને સાર અસાર શું છે એ મહાન અને વિચારણીય પ્રશ્નોનું ખરૂં નિરાકરણ કરવા કાજે વિશાળ દ્રષ્ટિબિંદુ જોઇએ છે. વિશાળ દ્રષ્ટિબિંદુ કેળવવા માટે સરસ્વતી દેવીની અખંડ સેવાની જરૂર છે.

આ તો શિક્ષણનો અર્થ અને તેની મહત્તા વિષે વાત થઇ. ભારતવર્ષ જેવા વિશાળ દેશમાં અનેક નાના મોટા સમાજો છે. તે પ્રત્યેક સમાજની શિક્ષણ વિષયક પ્રગતિ સમગ્ર રાષ્ટ્રની ઉન્નતિમાં કંઇક હિસ્સો આપે છે. આ ન્યાયે, જૈન સમાજને પોતાની જોખમદારી જરૂર વિચારવાની રહી. પ્રાથમિક શિક્ષણમાં આપણે પછાત નથી, પરંતુ શિક્ષણની ઉચ્ચતર ભૂમિકા જે વિચાર વિકાસ અને મુશ્કેલ પ્રશ્નોની નિર્ણયશક્તિને ખીલવે છે તેમાં આગળ ધપવાનું છે. આ સાધ્ય સિદ્ધ કરવા આપણે હાલ શું કરીએ છીએ, તે સાધનોમાં ગુણદોષો શું છે અને તેમાં સુધારાને કેટલી આવશ્યકતા છે તે પ્રશ્ન વિચારીએ.

**છાત્રાલયો.**

અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં આપણી સંસ્થાઓની સંખ્યા ઠીક ગણાય; પરંતુ જરૂરિઆત પુરતી તો નથીજ. આપણી સંસ્થાઓને અભિલાષી બાળકોનાં વિનંતીપત્રો પાછા ફેરવવાં પડે છે તે વિશેષ સંસ્થાઓની માગણી સૂચવે છે. આપણે જૈનો જ્ઞાનના પુજારીઓ છીએ અને મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન અને સ્વ-ઓળખ (Self-realisation)ની ભારપૂર્વક હિમાયત કરીએ છીએ, વિદ્યા એ ઉદ્યોતકારી અને પ્રજાહિતનું સાધન છે તેમ આપણે માનતા થયા છીએ, અને એ જ્ઞાન-સંગ્રામમાંજ આપણી મુક્તિ છે એમ બુદ્ધિમાન પુરૂષો પોકારે છે; આ સત્ય વાત છે તો પછી તેમાં શિથિલ શાને રહેવું ?

હમણાં હમણાં છાત્રાલયો વિષે અને તેમનાં વહીવટો અને સુધારાની આવશ્યકતા વિષે ઠીક ઠીક હિલચાલ થવા માંડી છે. આ હિલચાલનું એક શુભ ફળ તો જરૂર આવ્યું છે. આપણે ઇચ્છીએ કે તેવાં અનેક ફળો આવે. મહાત્માજીના દેશપ્રેમથી આખાયે દેશમાં ચિનગારી પ્રગટી છે. ચારિત્ર, સાદાઇ અને એવા અનેક ઉચ્ચ ભાવોએ પ્રજાનાં અંતરમાં વિશેષ સ્થાન લીધું છે. છાત્રાલય પ્રવૃત્તિ તેના અંકુર રૂપ હતી-છે અને પ્રવૃત્તિનો રંગ તેનાં પ્રત્યેક રંગ (Unit) ને લાગે તે સંભવિત બીના છે. ઉપર જણાવેલ પરિવર્તનનું એ ફળ આવ્યું છે કે આપણી સંસ્થાનાં આંતર વહીવટમાં જાહેર મતને સંચાલકો થોડું ઘણું માન આપતાં શીખ્યા છે.

**માતપિતા તથા સમાજની ફરજ.**

પરંતુ છાત્રાલય કરતાંયે માતપિતાની ફરજ અનેકઘણી વધારે છે. ખરા સુસંસ્કારોનું સિંચન ગૃહ આંગણેજ થાય છે. હિંદ જેવા ગરીબ દેશમાં જ્યારે એક બાજુ જન્મ પ્રમાણ વધતું જાય છે ત્યારે પ્રજાની વસ્તુ ઉત્પાદક શક્તિને (Productive power) સ્થીર છે આનું પરિણામ એ આવે છે કે કેટલાએ કુટુંબોને અર્ધ ભુખ્યાં અને અર્ધ વસ્ત્રાં રઝળવું પડે છે. જે માતપિતા પોતાના સંતાનોને સુશિક્ષિત શહેરી કે જવાબદાર નાગરિકની ફરજોનું ભાન ન કરાવી શકે, તેમના પુત્ર, પુત્રીઓને સુદ્રઢ શરીરવાળાં અને ચારિત્ર્યવાન ને બુદ્ધિવાન યુવક, યુવતીઓ ન સમજી શકે, ત્યાં સુધી તેવા માતપિતાઓએ માનસિક તૃપ્તિ ખાતર પ્રજાનો વધારો કરી દેશ અને સમાજપર બોજો કર ન લાદવો જોઇએ. પરંતુ જ્યારે માતપિતાની આર્થિક સ્થીતિ ઠીક ન હોય ત્યારે તે ફરજ-એટલે કે સાચા શહેરીજન બનાવવાની ફરજ, સમાજને માથે છે સમાજ જેટલી આ કાર્યમાં ઢીલ કરશે તેટલી તે સમાજની ઓછી પ્રગતિ. અંગ્રેજ પ્રજા પાસેથી આપણે ઘણું એ શીખવાનું છે. એક મુઠ્ઠીભર પ્રજા માનવજાતનાં ૧/૪ ભાગપર કુશળતાપૂર્વક દોર ચલાવી રહી છે તે વાતમાં કંઇક વિસ્મયકારી અને સાહસપૂર્ણ (Romance) છે. જો કે આપણે આપણી જનતાને શિક્ષિત બનાવી અન્ય કોઇ રાંક પ્રજા ઉપર દમન નથી ચલાવવા ઇચ્છતા તેમજ નથી ઇચ્છતા અન્ય પ્રજાની પ્રગતિકારક પ્રવૃત્તિઓનો અવરોધ કરવા; પરંતુ આપણી એ મહત્વાકાંક્ષા તો એજ કે આપણો સમાજ અને આપણો દેશ વધારે સમૃદ્ધ બને.

મારા કહેવાનો ટુંક સાર એટલોજ કે જૈન સમાજે જે કાંઇ થોડી ઘણી પ્રવૃત્તિ છાત્રાલયો, પાઠશાળાઓ અને નિરાશ્રિતોદ્વારા આદરી છે તેમાં જૈન સમાજ રસપૂર્વક ધ્યાન આપતો થાય, જે ભોડને પાણી પાવા આરંભ કર્યો છે તેને કાળજીપૂર્વક ઉછેરે અને પ્રત્યેક આપણે પુણ્યરૂપ ન નડતરનાં છોડવા ખેંચવા કટિબદ્ધ થઇએ !

---

**સમાચાર**— પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

# સાહિત્ય પ્રદર્શન—સમીક્ષા.

(૩).

તાડપત્રને ભોજપત્ર પર સુંદર અક્ષરે લખાયેલી પ્રતો નિરખી મન આહ્લાદ પામતું, બારિક અક્ષરોમાં લખાયેલ એક પાનું તો સૌ કોઈનું લક્ષ ખેંચતું. સામે ગોઠવેલી સંખ્યાબંધ પ્રતો જોઈ ઘડીભર થઈ જતું કે ધન્ય છે એ મહાત્માઓને અને ધન્ય છે એમણે સેવેલા પરિશ્રમને, કેમકે જે યુગમાં આજની માફક છાપવાના સાધનોનું નામ નિશાન પણ ન હતું અને જે સમયમાં દેશની પરિસ્થિતિ અસ્થિર બનતાં વાર પણ ન લાગતી, એવા કાળમાં પોતાની દૈનિક ક્રિયા સાચવીને તેઓ આવા વિપુળ સાહિત્યનો ખજાનો આપણા માટે મુકતા ગયા. ત્યાગી તરીકે તેઓએ જે રૂડો ફાળો સાહિત્યક્ષેત્રમાં નોંધાવ્યો છે એ ઉપરથીજ એમના જ્વલંત જીવન વિષે આપણા માટે ઉચ્ચ અભિપ્રાય બાંધવાનું સુગમ પડે છે. આજના સાધુપુરૂષો એમના જેવું જીવન વીતાવવાના શપથ ગ્રહણ કરે તો કેટલો લાભ થાય! આજે થોડા અપવાદ બાદ કરતાં મોટો ભાગ જે રસ્તે સ્વજીવન વ્યતીત કરે છે અને દિન ઉગ્યે સંઘમાં ધર્મના નામે જે કલેશો રોપે છે એ જોતાં તો સખેદ કહેવુંજ પડે છે કે 'હે પ્રભુ! અમોને આવા સાધુઓથી બચાવ!' તેથી આપણે જોઈ શકીએ છીએ કે આજના આપણા આ નામાંકિત અને ભારેભાર વિશેષણોથી ઉભરાઈ જતાં મહાપુરૂષોથી કઈ નોંધનીય સાહિત્યનું સર્જન થયું છે ખરૂં? અને જે કંઈ થયું છે તેમાં આ ઉપમાધારીઓનો ફાળો નહિં જેવો છે. બાકી તો આ પદવીના અભિલાષીઓએ માત્ર માંહોમાંહે થુંક ઉરાડવાનું અને ટંટા કરવાનું ઘણું ઘણું લખ્યું છે. એ પર આજનો સમાજ આંસુ સારે છે અને ભાવિ પ્રજા તો અવશ્ય એને સાગરસમાધિએ પહોંચાડશે. હજુ પણ પરિસ્થિતિ કળી જઈ, આંતરિક કલેશોમાંથી હાથ ધોઈ નાંખી, આત્મ સાધન કરતાં બચત સમય સાહિત્યના અનુપમ ક્ષેત્રમાં ખરચે તો કેવો ઉપકાર થાય? જૈન સમાજને આવા સેવકોની આજે ખાસ આવશ્યકતા છે. કોઈ પણ સમાજ કેવળ ભૂતકાળના યશોગાન ગાઈ જીવતો રહી શકતો નથી. ગતકાલિન ગૌરવથી વર્તમાનમાં જરૂર ઉષ્ણતા આણી શકાય છે પણ સાચુ તેજ તો વર્તમાન જીવનના આચરણ પરથીજ દાખવી શકાય. જ્યારે આપણા વારસામાં આવી મુલ્યવાનને અનુપમ સામગ્રી સમાયેલી છે તો આપણે શા સારૂ એમાં રહેલી અદ્ભુતતાનો લાભ સારા વિશ્વને ન આપીએ. માત્ર આઠ પંદર દિન એને ખુલ્લો રાખી અગર તો માત્ર એને ધર્મબુદ્ધિથી જોનાર વંદન કરી જાય એટલાથી સંતોષ માની પાછું એને તાળાગાળીમાં બંધ કરીએ તે કરતાં સારૂ વિશ્વ સતત્ તેનો લાભ લઈ શકે તેવી ગોઠવણ કેમ ન કરી શકીએ? એકાદ વિશાળ પુસ્તકાલય ઉભું કરી એમાં આવો કિંમતી સંગ્રહ સુંદર પ્રકારે ગોઠવી, દુનિયાના મુસાફરો, તત્વગવેષકો અને પુરાતત્વના શોધકો એના આંગણે ઉતરી આવે, અરે આ સાહિત્ય રૂપી અનુપમસરના મીઠા ઝરણા આરવાદે એવો પ્રબંધ કરીએ તોજ સાહિત્ય પ્રદર્શનનો પ્રયાસ ફળીભુત થાય.

ચોમાસુ રહેવા સંબંધી ગુરૂ આજ્ઞા માંગતા પટ્ટકો જોઈ એ કાળની પ્રથા માટે બહુ માન પેદા થાય છે. શિષ્યોનો ગુરૂ પ્રત્યેનો કેવો વિનય હતો એનો ખ્યાલ આપે છે અને એ તૈયાર કરતાં શિષ્યો એમાં સ્વકળા અને અભ્યાસના કેવા રંગો પુરતા તેનું ભાન થાય છે અને એ બધામાં સંઘનો મોભો કેવો ભામ ભજવતો તેમજ ધર્મની પ્રભાવના કરવા જતાં પણ શાંતિ સાચવવાના પ્રશ્નપર કેવું વિશેષ ધ્યાન અપાતું એ બધું અવધારતાં, પૂર્વાચાર્યોની દીર્ઘદર્શીતા માટે અનહદ પ્રેમ ઉત્પન્ન થાય છે. એ સામે 'સંઘ કોણ થાય છે?' અગરતો 'એતો હાડકાનો માળો છે.' અથવા તો 'મારી હામાં હા પુરે એજ સાચો સંઘ' ઇત્યાદિ વચનો વદનારા સાધુઓનું ચિત્ર ધરતાં કેવું ગૌરવ ગળતું અનુભવાય છે. કેટલી વિષાદ ધરવી પડે છે! સાહિત્ય પ્રદર્શનમાંથી આવા આવા તો કેટલાયે બોધપાઠો જડી આવે છે. પણ એના ઉત્પાદકો શુદ્ધ હૃદયથી આ વાત વિચારે તોને!

જે હોલમાં પીસ્તાલીસ આગમો ગોઠવ્યા હતા તેના દેખાવ સંબંધી તો પૂર્વે કહેવાઈ ગયું છે. ત્યાં ગોઠવણ ખીચોખીચ નહોતી વળી દરેક સુત્રની પ્રત નીચે લટકાવેલા બોર્ડમાં—મૂળ શ્લોક ટીકા—ચૂર્ણી નિર્યુક્તિ આદિની સંખ્યા તેમજ તેના રચયિતાના નામો લખેલા હતા. આવીજ વ્યવસ્થા સર્વત્ર ઇષ્ટ હતી. પ્રદર્શન ગોઠવ્યાનો ઉદ્દેશ ત્યારેજ ફળીભૂત થઈ શકે. આમ છતાં જગાની સંકડાશ ત્યાંજ વધારે હતી. વચમાં કિંમતી ચીજો ગોઠવી દઈ એમાં વધારો કરાયો હતો. જરા ચીવટથી બારિકાઈથી અવલોકવાનો વિચાર કરતાં પહેલાં તો 'આગળ ચાલો'ની હાકલ પડતી. 'પ્રદર્શન' ભાવ 'દર્શન'માં પલટાઈ જતો એમાં સંગ્રહ કરેલી પ્રતો તેમજ અન્ય ચીજો જોતાં જરૂર સૌ કોઈને હર્ષ ઉપજતો. એ માટે સેવેલ પરિશ્રમ બદલ જરૂર માન છુટતું. એકજ અફસોસ થઈ જતો કે આ બધું નામના કે સ્વજમાવટની ભાવના વિહુણુ કેવળ સેવાર્થે હોત તો કેવું સારૂં!

સમીક્ષાનો ઉપસંહાર કરતાં એટલી આશા વ્યક્ત કરીએ કે આ પ્રદર્શનમાંથી ભાવિ સંગ્રહાલયના અંકુર રચાય; અને એમાં એકત્રિત કરેલ પ્રતોની સૂચી તાકીદે પ્રગટ કરી ઉત્પાદકો જૈન સમાજને એકાદ કાયમી સંભારણું અવશ્ય અર્પે.

પ્રેક્ષક.

# જૈન યુવકોના સંઘટ્ટનની જરૂરીયાત.

અખિલ ભારતવર્ષમાં જ્યારે બીજા સમાજો દિનપ્રતિદિન પ્રગતિને પંથે ચઢી રહ્યા છે ત્યારે આપણો સમાજ ગચ્છ ગચ્છાન્તરે, મત મતાંતરના સંકુચિત વાડામાં છીન્નભીન્ન થઈ અવનતિના ખાડા તરફ ઘસડાતો જાય છે એ જોઈ કયા સાચા જૈન યુવકનું લોહી તપી ઉઠશે નહિ?

આખે સમાજ કે જે વીસ વર્ષ પૂર્વે નાની સંખ્યામાં હતો તે આજે એક મોટી સંખ્યામાં અસ્તિત્વ ધરાવતો હોવાના કારણો પરત્વે તેમજ જૈન સમાજમાં ઘટતી જતી સંખ્યાના કારણો સંબંધે વિચાર કરવાની દરેક સાચા વીર—પુત્રની પ્રથમ ફરજ છે,

જૈન સમાજમાં એવાં કેટલાંક યુવક યુવતીઓ હશે કે જેમને સમાજની આજની પરિસ્થીતિ સાલતી હશે. તેના ઉન્નતિના માર્ગો શોધી રહ્યા હશે. પણ સમાજના જુદા જુદા સ્થળના યુવક—યુવતીઓ એકીલા શું કરી શકે?

'સંઘટ્ટન (એકસંપી) વગર કાંઇ પણ કાર્ય સફળ થઇ શકતું નથી' એ સૂત્ર સહુ કોઇ જાણે છે. કેટલાક જાણે છે પણ તે કરવા યત્ન કરતા નથી એજ ખેદની વાત છે.

સંઘટ્ટન વગર આપણા સમાજની ઉન્નતિ શક્ય નથી એમ મારો નમ્ર અભિપ્રાય છે.

જૈન કોન્ફરન્સ આ સંબંધે વિશેષ કરી શકત પરન્તુ આજ સુધીના વર્ષોમાં તેણે કાંઇ સારૂં કર્યું હોય તેવું જાણવામાં નથી.

માત્ર ઠરાવો કરવા અને તે ફાઇલમાં રહેવા દેવા તેનો અર્થ કાંઇ નથી. દરેક ઠરાવ સંપૂર્ણ રીતે અમલમાં લાવવા સુપ્રયત્ન કરવો, બલ્કે અમલમાં મુકવો-મુકાવવો એજ આજનું કર્તવ્ય છે.

શ્રીમતી કોન્ફરન્સ કાંઇક કરે એ આશાએ બેસી રહેવું એ આજના યુવકને ન પાલવે. યુવકોએજ દરેક કાર્ય ઉપાડી લેવું જોઇએ અને તે સંપૂર્ણતાથી પાર ઉતારી જંપવું જોઇએ.

દેશની હાલની પરિસ્થિતિને અંગે આપણો સમાજ વધારે સુંદર ફાળો કઇ રીતે આપી શકે તેની રૂપરેખા નક્કી કરવી જરૂરની છે.

ઉપરની દરેક હકીકત ધ્યાનમાં લેતાં હાલને તબક્કે એક 'અખિલ ભારત જૈન યુવક પરિષદ' ભરાવવાની અનિવાર્ય જરૂર છે.

તે પરિષદમાં નીચેના વિષયોની ચર્ચા કરવી યોગ્ય જણાશે.

૧ યોગ્ય દીક્ષા. ઉમેદવારની વય, ધાર્મિક અભ્યાસ, ચારિત્ર.

૨ મુનિ વિહાર. મુનિઓના ચાતુર્માસના સ્થળ સંઘે નક્કી કરવા.

(આ બાબતમાં મુનિઓનો સહકાર જોઇશે)

૩ જૈન સાહિત્ય: સાહિત્યના તરજુમા કરાવી સસ્તા મુલે વેચવા.

૪ જૈન પાઠશાળા: ધાર્મિક અભ્યાસની પદ્ધતિ: (અત્યારે શુષ્ક પોપટીયું જ્ઞાન અપાય છે તે નહિ જોઇએ)

૫ દેવદ્રવ્ય તથા તેનો વહીવટ.

૬ (જૈનોની) બેકારી.

૭ (જૈનોની) કેળવણી.

૮ વિધવા વિવાહ.

૯ બાળ તથા વૃદ્ધ લગ્ન પ્રતિબંધ.

૧૦ મરણોત્તર ક્રિયા (કારજ વિગેરેનો) નો પ્રતિબંધ.

૧૧ જૈન બેન્ક.

અખિલ ભારત જૈન યુવક પરિષદ માટે સ્થળ વડોદરા, સુરત કે તેની આસપાસનું સ્થળ વધારે અનુકુળ પડશે કારણ કે તે સ્થળ દરેક રાષ્ટ્ર તથા પ્રાન્તને મધ્યસ્થ સ્થળ ગણાય.

પરિષદના દિવસો (May 1931) મે માસમાં રાખવા એ વધારે અનુકુળતાવાળું જણાય છે કારણ કે સ્કુલ તેમજ કોલેજના વિદ્યાર્થીઓને તે વખતે વેકેશન હશે એટલે તેમાં સારો લાભ લઇ શકે.

ફતેચંદ પ્રભુદાસ મહેતા.

## યુવક સંમેલન સંબંધી.

આ બાબતને અંગે વિચારોની માગણી કરી છે તે સંબંધી આવેલો એક લેખ આ સાથે પ્રસિદ્ધ કર્યો છે તે ઉપરાંત યુ. સં. ની મેનેજીંગ કમિટીએ કેટલીક વિચારણા સંમેલનને લગતી કરી છે તેમાંની કેટલીક અત્રે પ્રસિદ્ધ કરી છે જેથી કરી તે કલમોને અંગે અન્ય બંધુઓ વિચાર કરી શકે ને સુધારાઓ સુચવી શકે ને તે બધી ચર્ચા જે સ્થળે પરિષદ્ ભરવાની હોય તે સ્થળના કાર્યકર્તાઓને માર્ગદર્શક થઇ પડે.

### વિગત.

૧ રાષ્ટ્ર હિત જાળવીને ધાર્મિક અને સામાજીક પ્રગતિ કરવાવાળા, વિચાર સ્વાતંત્ર્યને માનનારા, નવી ભાવનાઓ સ્વિકારનારા, સાધુઓ ઉપર પણ શ્રી સંઘની સત્તા છે એમ માનનારા, સેવા વૃત્તિ ધરાવનારા, ઉદ્દેશવાળા યુવક સંઘો, મંડળો વિગેરેના સોળ વર્ષ ઉપરની ઉમરના સ્ત્રી યા પુરૂષ પ્રતિનિધિઓનું સંમેલન ભરવું.

૨ ઉપરના વિચાર શ્રેણિને સ્વીકારનાર ભાઇઓ કોઇ પણ સંસ્થામાં સભ્ય ન હોય તે વ્યક્તિગત પ્રતિનિધિ તરીકે આવી શકશે.

૩ ઉપરના ઉદ્દેશને અનુસરનારી સંસ્થાઓ સંમેલનમાં મરજી મુજબ પ્રતિનિધિઓ મોકલી શકશે.

૪ જે સ્થળે સંમેલન ભરાશે, તેજ સ્થળના ભાઇઓ સ્વાગત કમીટી નીમી શકશે અને તે સ્વાગત કમીટી સંમેલનના (પરિષદના) પ્રમુખની પણ ચુંટણી કરશે.

૫ હાલતુરત સંમેલનનું ક્ષેત્ર, કચ્છ, કાઠીઆવાડ, ગુજરાત, (પાલનપુરથી મુંબઇ) અને હિન્દુસ્થાનના જે જે ભાગોમાં ગુજરાતી ભાષા બોલનારા જૈનો વસતા હોય અને ઉપરના ઉદ્દેશને અનુસરનારા હોય તેઓના પ્રતિનિધિઓની પરિષદ ભરવી.

**ગોડીજીના વહીવટ સંબંધી**—ચાલુ અંધાધુંધીવાળી પરિસ્થિતિમાં સુધારો થયો નથી. ટ્રસ્ટીઓની મીટીંગ મળી હતી છતાં સત્તાવાર ખુલાસા વગર જનસમાજને સંતોષ થતો નથી. મીટીંગો ખાનગી હોય તો પછી સ્ટેટમેન્ટ જાહેર બહાર પાડવું જોઇએ. જુદી જુદી વાતો થાય છે. ટ્રસ્ટીઓ કહે છે કે અમે રજા આપી નથી. આગગાડીમાં ચોમાસુ રહેનારા મુનિરાજ કહે છે કે મારી સંમતિ આવનારા સાધુઓએ લીધી નથી. સેક્રેટરી સંઘને તેના કામકાજનો ટ્રસ્ટીઓએ હજી ખુલાસો આપ્યો નથી. વીરશાસનમાં પ્રેક્ષક જણાવે છે કે આવનારા સાધુઓએ મુનિરાજશ્રી હંસવિજયની સંમતિ લીધી હતી. જો કે પ્રેક્ષક ટ્રસ્ટીઓની સંમતિ સંબંધી કાંઇ લખતા નથી અને જણાવે છે કે સેંકડો શ્રાવકોના પ્રયાસથી મુનિરાજો આવ્યા છે. પ્રેક્ષકની માન્યતા મુજબ 'ટ્રસ્ટીઓની કાંઇજ સત્તા ન હોવી જોઇએ. જુદા જુદા જૈન બંધુઓ મળીને ગમે તેટલા જુદા જુદા સાધુઓને ઉપાશ્રયમાં આણી શકે' ટ્રસ્ટી ભાઇઓ વિચાર કરશે કે ?

### જૈન યુવક સંઘના સભ્યોને—

સભાસદ તરીકેનું તથા પત્રિકાનું લવાજમ મોકલી આપવા વિનંતી છે.

### : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ. સાથે) | રૂ. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂ. ૧-૦-૦ |

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૧૧ મો. | સંવત ૧૯૮૭ ના ફાગણ વદી ૧૨. તા૦ ૧૬-૩-૩૧ | છુટક નકલ : ૦॥ આનો. |

## સુસવાતા વાયરા.

### શું ન્યાયકોર્ટનો નિર્ણય એ 'પ્રભુનો બોલ' છે.

આજનું એક દૈનિક નિહાળતાં અને તેમાં હિંસા પરત્વેના અમુક ઝઘડાઓના મુકર્દમાઓના નિર્ણયો વાંચતાં મને પા સદી પૂર્વેની એક વાંચેલી વાત યાદ આવી. અમુક સુધારકોએ, નક્કી કરેલ વય કરતાં જે કોઇ લગ્ન કરે તે ભંગ કરનારને શિક્ષા કરવા ઠરાવ કરેલ. સંજોગવશાત્ એક દશ વર્ષની બાળાનાં લગ્નની બાબત ઉપરોક્ત ઠરાવને લગતો ઝઘડો ન્યાય મંદિરે ગયો. ન્યાય મંદિરે અમુક કારણોને લઇ સુધારકોના કરેલ ઠરાવ વિરૂદ્ધ નિર્ણય આપ્યો. (કારણ કે તે વખતે શારદા એક્ટ ન હતો.) વાંચક, તું વિચારજે કે આ બનાવમાં ઘટીત કર્યું અને અઘટીત કર્યું. કેટલાક વખત કાયદાની ઝીણવટને લઇ, જનતાના છુટાપણાના કાનુનોની અમુક અમુક બારીઓને લઇ અને સબળ કારણોને લઇ, કાયદાનું ધોરણ સામાન્ય વિચારણા કરતાં કંઇક ગુંચવણ ઉત્પન્ન કરે તેવો નિર્ણય પણ આપે છે અને આને લઇ અમુક વિચાર સરણી ધરાવનાર કાયદાઓની એવી અમુક અડીકતા યા ઢીકતા લઇ મન ધાર્યું સિદ્ધ કરે છે. પરંતુ આમાં કાયદાને દોષ નજ દેવો જોઇએ, એ મુશ્કેલ પ્રશ્ન છે. ઘણીએ વખત ન્યાયાધીશોએ શંકા સહિત મુકર્દમાઓમાં ગુન્હેગારોને શંકાને કારણેજ કડવી ટીકા સાથે મુક્તિ આપી છે. આવો કિસ્સો એક જાણીતા મુની માટે રાજનગરમાં ઉપસ્થિત થયેલ અને તેનો નિર્ણય મેં ઉપર જણાવ્યા મુજબ થયેલ. એટલે કોઇ પણ કિસ્સાઓના નિર્ણયો, તેની ટીકા અને આગળ પાછળના બાબતો જાણ્યા સિવાય વાંચકે ઉચિત યા અનુચિત ન ધારવા. કાયદો દોષને ટેકો નજ આપે અને જો કાયદો દોષને ટેકો આપે તો એ કાયદામાં ન્યાય ન હોય; અને જો કાયદાની સંસ્થા સામાન્ય વ્યવહાર, સદ્બુદ્ધિજન્ય ભાવો યા નવસર્જક હેતુઓની વિરૂદ્ધ જાય તો તે આપણી દ્રષ્ટિએ, ભાવે અમાન્ય છે એમ કહેતાં શાને અચકાવું ? એ માનવ સંસ્થા છે. માનવ સંસ્થાઓ અપૂર્ણ હોઇ, તેમનાં દોષ ક્ષમ્ય ગણાય.

પરંતુ મારો આશય એ છે કે કેટલીક સામાજીક યા ધાર્મિક બાબતોમાં ન્યાયમંદિરના નિર્ણયો સંડોવી ખોટી દલીલોનું સમર્થન ન થવું જોઇએ. જૈન શ્વે. કોન્ફરન્સ અને જૈન યુવક સંઘો એ સમાજની માર્ગદર્શક સંસ્થાઓ છે, એ બાબત નિર્વિવાદ સત્ય છે. કોન્ફરન્સનું પ્રતિનિધિત્વ સરકાર દરબારમાં ને જનતા સમક્ષ સ્વીકારાયેલ છે અને આવી સંસ્થાઓ જનતાનો વિશ્વાસ ધરાવતી હોય તો તેના નિર્ણયો, ઠરાવો, સંદેશો, સર્વ હિત-સાધક હોય તેમ કહેવું, તે જરૂર અતિ ઉચિત છે. તે સંસ્થાઓ જે જે કરે તે પાળવા સૌ નીતિબંધનોથી બંધાયેલું છે. એ બને કે આ સંસ્થાઓ શિથિલતા યા ક્વચિત્ ક્વચિત્ દોષવાળી દેખાય પરંતુ તેથી તેનાં છિદ્રો પ્રતિ અંગુલિ નિર્દેશ કરી, તે સંસ્થાઓની સામાન્ય જનસમૂહ આગળ અસભ્ય રીતે અવહેલના કરવી તેમાં સજ્જનતા નથી. અપૂર્ણતા વિનાશવા તેમનું અસ્તિત્વ છે. કાદવ ઉડાડવામાં દ્વેષ છે, દરિદ્રપૂર્ણ મનોભાવના છે, હલકટપણું છે. આજના સુધારકો પાસે રાજ્યસત્તા નથી કે જેથી પ્રત્યેક માનવી પાસે તેમની માન્યતાઓ સ્વીકારાવી શકાય. એટલેજ જે જે બનાવો તેમની પ્રવૃત્તિ યા કાર્યરેખા વિરૂદ્ધ બને તેને ટાંકી પરિષદ કે સંઘોની અનુપયોગીતા સિદ્ધ કરવા મથવું, તે અંધકારમાં બાચકા સમાન છે. અમે તો એટલુંજ ઇચ્છીએ કે ન્યાયમંદિરોના વિદ્વાન ન્યાયાધીશો દેશકાળના સંજોગો જુએ, પ્રજાની નાડ પારખે, અને રૂઢિ કે માન્યતાથી જકડાયેલ વિચારશ્રેણીને બાજુએ મુકી, ન્યાયનું ત્રાજવું દિનપ્રતિદિન વિશેષ ઉજાસ આપે તેવા માર્ગદર્શક નિર્ણયો આપતા રહે.

'ક્રાન્તિ-ભક્ત.'

* * *

### 'યુવાન એ નવસૃષ્ટિનો સરજનહાર છે.'

આ વેદ વાક્યની વ્યાખ્યાઓ કરવા યા તે પરત્વે લાંબા લાંબા વિવેચનો કરવા મારી પાસે સમય નથી. તેની જરૂરિયાત પણ નથી.

પરંતુ 'યુવાન એ નવસૃષ્ટિનો સરજનહાર છે' તે વાક્ય પરત્વે ભાષાની જાણી કે અજાણી, અજ્ઞાનતાપૂર્વક અન્ય લેખકોથી ટીકા થાય ત્યારે કંઇક લખવું તે અસ્થાને નહીં ગણાય. અને યુવાન્ વ્યાકરણ દ્રષ્ટિએ સામાન્ય નામ છે. એ સમષ્ટિગત લખાયેલ છે, વ્યક્તિગત નહીં. યુવાન પ્રત્યેક સમયે નવસર્જન કરતો આવ્યો છે. મસ્તી, ધગશ, અપૂર્વ ઉત્સાહ અને સાહસ યૌવનને જુગજુગથી વર્યાં છે. અચકાવાનું, ડરાવાનું અને હરકાવાનું ઠેઠ વૃદ્ધોને માટે છે અને ઘટિત 'ભાંગફોડ' કરવી એ ક્રાન્તિ-ભક્તોનો ધર્મ છે. રચનાત્મક અને ખંડનાત્મક બેઉ પ્રવૃત્તિઓ સહગામી હોય તોજ પ્રગતિ સાધી શકાય. યુવક એ ચર્ચા, વિવાદ, જ્ઞપ્તિનાં રિસામણાં કે એવાં વિઘ્નોથી ડરીએ તો એ યુવકજ નથી. યુવકમાં સહિષ્ણુતા, પ્રેમ, ક્ષમાભાવના એ જરૂર હોવાં જોઇએ.

અન્ય બાબત એ છે કે આજે રાષ્ટ્રની હિલચાલમાં સાથ આપવા કોમને કહેવાની કે પ્રવચનો આપવાની જરૂર નથી રહી. વધારે ડહાપણ ભરેલું એ છે કે આ બાબત દેશનાયકોનાં વચનામૃતો માટે અનામત રાખવી. યુવક સંઘોએ બની શકે તેટલો ફાળો રાષ્ટ્રની ઝોળીમાં આપ્યો છે. શ્રી. વીરચંદભાઇ, શ્રી. પરમાનંદ, શ્રી. ફુલચંદ અને શ્રી. સુરેન્દ્ર એ આપણા માંહેનાં છે. એમનાં તો તેમની ફરજ અને આચરણપૂર્ણ ભાવનાઓ માટે યશોગાન ગાવાં જોઇએ. અને આજનો યુવાન કેટલેક અંશે સંજોગાધીન છે. કુટુંબ અને સ્વાર્થ પ્રત્યે બેદરકાર રહેવું પાલવે તેમ નથી એટલે 'યુવાન એ સૃષ્ટિનો નવસર્જક છે' એ સૂત્ર લઇ તેની કાલ્પનિક વ્યાખ્યા લખી અને અવ્યવહારૂ વિવેચનો કરી કલમનો વ્યર્થ ઉપયોગ થાય તે ઠીક નથી. સમાજમાં પલટો લાવવો, જુની રૂઢિઓનું ઉન્મૂલન કરવું, નવયુગનો પ્રકાશ આપવો એ સર્વે માટે સમય જોઇએ છે. કહેવું સહેલું છે; કરવામાં મુશ્કેલીઓ આવે છે તેને ન્યાય આપતા વખત વીતવો જોઇએ.

ક્રાન્તિ-ભક્ત.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# યુવક! જ્ઞાતિ બંધારણ?

નવસૃષ્ટિના સરજનહાર હે યુવક! તારેજ માટે આ શબ્દો બોલાય છે—કહેવાય છે. કારણ તું ઉત્સાહી છે—આશાવાદનો ભંડોળ છે—સુધારક છે.—તો પછી બળવો જગાડવાનું કામ—અરે! જ્ઞાતિ બંધારણ સામે,—સમાજ સામે—રાજ્ય સામે મોરચા બાંધવાનું કામ તારા સિવાય બીજા કોણ કરી શકશે? દુનિયાના ઇતિહાસ તરફ દ્રષ્ટીપાત કરતાં જણાય છે કે યુવકોએજ અદ્‌ભુત કામો કર્યાં છે—સમાજ સુધારા યુવકોએ કર્યાં છે, ગુલામીની ઝંજીરો યુવકોએ તોડી છે, એટલે રાજાઓને યુવાનોએજ નમાવ્યા છે. તો પછી જ્ઞાતિઓ અને ગોળો સામે બળવો જગાડી સમાજનું ક્ષેત્ર વિશાળ કરી સુધારા કરવાનું કામ તું નહિ કરે તો બીજો કોણ કરશે?

વિચાર, હે આશાવાદના ભંડોળ! વિચાર, જે જ્ઞાતિ બંધનથી માનવી દુઃખી દુઃખી થઇ ગયો હોય,—જે જ્ઞાતિ બંધનથી સમાજનું સંગઠન બળ ઘટી ગયું હોય, જે જ્ઞાતિ બંધનથી સદીની સદી સમાજ પાછળ રહેલી હોય—જે જ્ઞાતિ બંધન અમુકજ વ્યક્તિઓના આપખુદ અમલથી ચાલતું હોય જે જ્ઞાતિ બંધન સમાજની વ્યક્તિઓના આર્થિક વિનાશમાં સહાયભુત હોય—જે જ્ઞાતિ બંધન બેટી વહેવાર માટે અતિ સંકુચિત હોય—જે જ્ઞાતિ બંધનમાં અર્ધાઅર્ધ ભાગનો અવાજ ન હોય,—જે જ્ઞાતિ બંધનથી ત્યાગની મૂર્તિ સમી વિધવાઓની સ્થિતિ સુધરવા બદલે બગડતી હોય, અને ફરજીઆત રંડાપાણું હોય—જે જ્ઞાતિ બંધન બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને પતિ હયાત છતાં બીજી પરણવાની બહાલી આપતું હોય—જે જ્ઞાતિ બંધનથી સ્ત્રીઓની ગુલામડી જેવી દશા થતી હોય—જે જ્ઞાતિ બંધન દ્વેષ અને કુસંપ શીખવતું હોય—જે જ્ઞાતિ બંધન એકજ પોતાના પરિવાર વચ્ચે ઉચ્ચ નીચના ભેદની પ્રણાલીકાનું પોષક હોય—જે જ્ઞાતિ બંધન સ્ત્રી પુરૂષની કેળવણી પ્રત્યે આંખઆડા કાન કરતું હોય—જે જ્ઞાતિ બંધન સમાજ વિનાશક હોય—જે જ્ઞાતિ બંધન જ્ઞાતિના સર્વ સભાસદોની સુખાકારી તરફ દુર્લક્ષી હોય—જે જ્ઞાતિ બંધન અતિ સંકુચિત દ્રષ્ટીથી ઘડાયું હોય—જે જ્ઞાતિબંધન વડીલોની ઇચ્છાનુસાર પુત્ર પુત્રીના સંસારની ચોરી સુપ્રત કરતું હોય—જે જ્ઞાતિ બંધનમાં લાકડે માંકડું જોડવાની પ્રણાલીકા અસ્તિત્વ ધરાવતી હોય—જે જ્ઞાતિ બંધન બાળાઓ માટે ફરજીઆત લગ્ન નિર્માણ કરતું હોય—જે જ્ઞાતિ બંધારણ સમાજમાં દાખલ થવા ઇચ્છતી વ્યક્તિઓને દાખલ કરી સમાજનું ક્ષેત્ર વિશાળ બનાવવાની આડે આવતું હોય, તેવા જ્ઞાતિ બંધારણોનો નાશ, હે! યુવક! શું તું ન ઇચ્છે?

હે! યુવક! તારે તો એવા સમાજ—વિનાશક જ્ઞાતિ બંધનો સામે બળવોજ કરવો ઘટે. તારાથી એવા જ્ઞાતિ બંધનો કેમ પોષી શકાય? તારા મનમાં વસવસો રહેતો હોય તો વધારે નહિ પણ એકજ સૈકાનો ઇતિહાસ તપાસીશ તો તારી ખાત્રી થશે કે આવા જ્ઞાતિ બંધારણોનો નાશ કરવા બળવો આદરવોજ જોઇએ. ધ્યાન રાખજે કે આ બળવામાં નથી હથિયારની જરૂર, નથી બળબાની જરૂર, જરૂર માત્ર છે જ્ઞાતિ સામે પડવા હિંમતની. આ ગાંધી યુગમાં યુવાનો પાસે હીંમત ન હોય તે બનેજ કેમ? જે યુવાનોએ રાજકીય ક્ષેત્રમાં જબરજસ્ત સલતનતને હંફાવી છે તે યુવકો આવા જ્ઞાતિ બંધન જેવા સમાજ ચુસક બંધનોનો અંત ન આણે તો તે યુવકો યુવક કેમ કહી શકાય?

હે યુવક! તું વીચારક છે એટલે બીજી વાર જણાવું છું કે આ બધું ફરીથી વિચારજે. વિચારી અમલમાં મૂકવાની પેરવી કરજે. યાને, લખાણો કે વિનંતિઓથી કાંઇ વળશે નહિ વળે. જો આવા જ્ઞાતિ બંધન તોડવાને તું ઉત્સુક હોય તો કમર કસ અને જગાડ બળવો. આ જ્ઞાતિ બંધન સામે તારા મિત્રો તને જરૂર સાથ આપશે.

---

# પાલનપુરે કરેલો ગાંધીજીનો સત્કાર.

## શરૂ થયેલું પીકેટીંગ જંગ.

મહાત્મા ગાંધી દિલ્હીથી તા૦ ૯-૩-૩૧ ના દિને અમદાવાદ પધારવાના છે. તેના સમાચાર મળતાં પાલનપુર જવાહીર મંડળના ચાર સભ્યો શ્રી. રતીલાલ કોઠારીની આગેવાની નીચે આબુ ગયા હતા. પાલનપુરના નવાબ ખાસ ચિત્રાસણી પધાર્યાં હતા અને ત્યાં મેલ ઉભો રખાવી મહાત્માજીની સાથે થર્ડ કલાસમાં બેઠક લીધી હતી અને ફ્રુટ, બકરીનું દુધ વગેરેથી પૂ. ગાંધીજીનું આતિથ્ય કર્યું. ગાંધીજીને મૌન દિવસ હતો એટલે કશી વાતચીત થવા પામી નહોતી. તેઓશ્રીના સાથે શ્રી. મહાદેવભાઇ, શ્રી. પ્યારેલાલજી અને મીરાં બ્હેન વગેરે હતાં. પાલનપુર સ્ટેશન ઉપર આશરે આઠ દશ હજારની માનવ મેદની જમા થઇ હતી. સુતરના હારોથી મહાત્માજીનું પ્રેમભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંતુ લોકોએ વ્યવસ્થા નહિ જાળવવાથી અને પ્લેટફોર્મ ઉપર ભીડ ભારે હોવાથી મહાત્માજી માટે સ્ટેશન બહાર આવી સર્વ લોકોને દર્શન આપવાનું બની શક્યું નહોતું. બ્હેનોએ ઘણી સંખ્યામાં હાજર રહી અપૂર્વ શાંતિ જાળવી હતી.

પાલનપુર શ્રી જવાહીર મંડળની આગેવાની નીચે તા૦ ૧૦-૩-૩૧ ના દિવસથી પરદેશી કાપડની દુકાનો પીકેટીંગ કરવાનું કાર્ય ઉપાડી લેવામાં આવ્યું છે અને ઉત્સાહથી કાર્ય આગળ વધી રહ્યું છે.

---

## સ્ટેન્ડીંગ કમીટી.

કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીની એક મીટીંગ તા૦ ૧૩-૩-૩૧ ને રોજ રાત્રે આઠ વાગે મળી હતી. પ્રમુખસ્થાન શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીઆને આપવામાં આવ્યું હતું.

કોન્ફરન્સનું અધિવેશન તાકીદે ભરાય તે માટે પ્રયાસ કરવાનો ઠરાવ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યો હતો. સ્ટેન્ડીંગ કમીટીના સભ્યોને જૈન યુગ ફ્રી આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. પ્રમુખશ્રીનો આભાર માની કામ પુરૂં થયું હતું.

## દેવદ્રવ્ય અને તેનો ઉપયોગ.

(૨)

દેવદ્રવ્ય એટલે દેવ મૂર્તિ વિષયક દ્રવ્ય એ અર્થ કરતાં દેવ નિમિત્ત દ્રવ્ય કે દેવ વિષયક એ વધારે બંધબેસતો લાગે છે. જિન પ્રતિમા જિન સારખી છેજ, જિન દેવની ગેરહાજરીમાં તેમની સ્થાપનાદ્વારા તેમની પૂજા ભક્તિ આપણે કરીએ છીએ, એટલે જે દ્રવ્ય આપણે જિન બિંબ આગળ ધરીએ છીએ તે દેવ નિમિત્ત છે અને દેવ નિમિત્ત એટલે દેવ સેવા માટે, દેવ વાણી માટે, દેવ પ્રરૂપિત ધર્મ માટે, જિન દેવોક્ત ધર્મના પ્રચાર માટે એવો વિશાળ અર્થ કરવામાં આવે તો—અને તેવો અર્થ કરવામાં કોઇ પણ શાસ્ત્ર આડે આવે એમ સંભવતું નથી—અને એવા અર્થ મુજબ, દેવદ્રવ્યના ઉપયોગ ક્ષેત્રને વિસ્તારવામાં આવે તો આપણા કેટલાક બળતા પ્રશ્નોનો સહેલાઇથી ઉકેલ આવી જાય.

આપણાં અંગ પ્રવિષ્ટ અને અંગ બાહ્ય સાહિત્ય પ્રસિદ્ધિ માટે, શ્રી મહાવીર મીશનના પ્રચાર માટે જૈન ધર્મના ઇતિહાસ સંબંધી શોધખોળ માટે વિગેરે અનેક અગત્યના કામો માટે પછી દ્રવ્યની તંગીજ ન પડે. અનેક જૈન જ્ઞાન ભંડારો, જૈન પુસ્તકાલયો અને જૈન જ્ઞાનશાળાઓ પણ તેની સહાયતાથી નભી શકે અને ધર્મોન્નતિ ઘડીના છઠ્ઠા ભાગમાં—જોત જોતામાં પ્રકાશે. પણ આવા ઉત્તમ કાર્યો થવા આગે દેવદ્રવ્યના કહેવાતા ટ્રસ્ટીઓ અંતરાયો ઉભા કરે છે. સત્તા મદમાં અંધ બનેલા આ ટ્રસ્ટીઓનો દોર આજ કાલ વધતો જાય છે. દેવદ્રવ્યનો અર્થ અને વહીવટ તેઓજ સમજતા હોય તેમ, પોતાના હસ્તક રહેલું દ્રવ્ય તેઓ ગમે ત્યાં વ્યાજે મુકે છે અને તેદ્વારા પોતાની લાગવગ વધારે છે આડંબરો, પ્રલોભનો અને ધામધૂમમાં દેવદ્રવ્યનો દુર્વ્યય કરે છે અને કેટલાક અપ્રામાણિક ટ્રસ્ટીઓ તો વખતનો લાભ લઇ દેવદ્રવ્ય ઉચાપત પણ કરી જાય છે.

જે જૈન દેવ પાસે દ્રવ્ય મુકે છે તે જૈન તે દ્રવ્ય હંમેશને માટે ત્યાગે છે. અરે દ્રવ્ય તો શું પણ દરેક સાચો જૈન જિનદેવના ધર્મ માટે પોતાનું સર્વસ્વ—મન, વચન અને કાયા પણ હોમવા તૈયાર છે. અર્પણ કરેલી ચીજે તે પાછી માગતોજ નથી, અને સાચો જૈન યુવક પોતાના પ્રિય ધર્મ માટે પ્રાણ પણ અર્પણ કરશે અને તે પણ હસતે મોઢે. અને કંઇપણ બદલા વિના.

પણ દેવ પાસે આ ત્યાગેલું સર્વ દ્રવ્ય એકઠું થાય, તે વધતુંજ જાય, વધતાં વધતાં પ્રલોભનોનો તે ભોગ થઇ પડતું હોય, બાહ્ય દેખાવોમાંજ તેનો અપવ્યય થતો હોય, જે દેવનિમિત્ત તે દ્રવ્ય અર્પણ થયેલું તેજ દેવે ઉપદેશેલા ધર્મને અપમાનકારક બાબતોમાં તે દ્રવ્ય ખર્ચાતું હોય, ધર્મને નામે ઝઘડાઓ લડવાના કામમાંજ તેનો વ્યય થતો હોય, અયોગ્ય રીતે તે દ્રવ્ય ઇન્વેસ્ટ (રોકવાથી) થવાથી સોના સાટ થતા હોય, તે દ્રવ્ય ધર્મવિરુદ્ધ આચરણોને ટેકો આપવામાં રોકાતું હોય, રક્ષણના અભાવે તે દ્રવ્ય ઉચાપત થઇ જતું હોય, તો શું દેવદ્રવ્ય અર્પણ કરનારા જૈનોએ આંખે પાટા બાંધી બેસી રહેવું? ધર્મની ધગશવાળા જૈનોથી તે ક્યાં સુધી સહન થાય? દેવદ્રવ્યને લગતા વહીવટનો હીસાબ પણ બરાબર ન રખાતો હોય, નિયમિત રીતે તે પ્રસિધ્ધ ન થતો હોય તો પણ શું તે ચાલવા દેવું કે ચલાવી લેવું?

દેવદ્રવ્યનો વહીવટ જો અધોગતિએ આવી પહોંચેલ હોય તો, તો તેના કારણોની તપાસ કરવી એ દરેક જૈનની પવિત્ર ફરજ છે. વહીવટની વાત બાજુએ રાખીએ તો પણ દેવદ્રવ્ય સંબંધી બંધાયેલી માન્યતાઓ પણ તપાસવી ઘટે છે અને તે સંબંધી ચર્ચા કરી તે માન્યતાઓમાં ખોટા ખ્યાલો ઘુસી ગયા હોય તો તે પણ શોધી કાઢવા એ સાચા જૈનનું કર્તવ્ય છે. દ્રવ્ય અર્પણ કરનારાઓ તે દ્રવ્યનો સદુપયોગ કેમ કરવો તે તો અવશ્ય વિચારી શકે અને જે દેવ નિમિત્તે તે દ્રવ્ય અર્પાયું હોય તે દેવની વાણી અર્થે—તે દેવ પ્રરૂપિત ધર્મ અર્થે સૌથી સારી રીતે તે દ્રવ્યનો સદ્વ્યય કરવા માટે યોજનાઓ તો તેઓ ઘડી શકે અને તે યોજનાઓને અમલમાં મુકી શકે. આમાં વિસંવાદ ક્યાં છે? શાસ્ત્ર વિરોધ ક્યાં છે? કોઇ બતાવશે કે?

## વઢવાણના સમાચાર.

એક જૈન ભાઇ જણાવે છે કે, "વઢવાણ શહેરમાં જૈન યંગમેન સોસાયટી તરફના સંમેલન ભરાવાના છે અને વીર શાસનમાં તે માટે તડામાર તૈયારી વઢવાણમાં થઇ રહી છે અને વઢવાણના યુવકોનો ઉત્સાહ માતો નથી તે જાણું વાંચ્યા પછી મને વઢવાણ જઇ જોઇ આવવાનું મન થયું અને પાલીતાણા જઇ વળતા વઢવાણ આવી તપાસતા વીર શાસનમાં લખેલ હકીકત તદન ખોટી માલુમ પડી અત્રેના યુવક વર્ગ ભરાતા બધા સંમેલન તથા રામવિજય મહારાજના આવાગમનથી વીરૂધ્ધ છે અને તે કોઇ અત્રેના શેઠ આમંત્રણ કરનારને સાથ દેતું નથી તેથી અમદાવાદથી માણસોએ આવી કામ શરૂ કરાવેલ છે અને મારી મુલાકાત દરમ્યાન અમદાવાદના એનરપાળની પોળના ભાઇ જે મારામારી તથા બીજા બધા રામવિજયના કેસો અંગે ખ્યાતી પામેલા છે તથા બીજા ધોલેરાના ભાઇ કોલસાનું અમદાવાદ બીજનેસ કરે છે તે તથા સોસાયટીના પગારદાર માણસો એમ પાંચ માણસે હાલ મુકામ અહીં રાખ્યો છે બીજા માણસો પણ ઉતરવાના છે. ગામ વીરૂદ્ધ હોવાથી શેઠીઆનું મન સંમેલન નહિ ભરવાનું છે પણ સોસાયટીવાળાનું નાક જાય જેથી શેઠને કહે છે કે અમો બધું કરી લેશું. વોલંટીયરો પણ થતા નહિ હોવાથી નાના નાના છોકરાને લાલચો આપી નામ નોંધાય છે અને વોલંટીયરની સેના પણ બહારથીજ આવશે એનો ખર્ચો કોણ ઉપાડશે તે નક્કી નથી. શેઠ પણ સંમેલન ન ભરાય તે મતના છે પણ સોસાયટીનું નાક જાય છે તેથી કોઇ ઉપાયે ભરવા માટે દબાણ છે ઓળી સાથે સંમેલન ભરાય તોજ માણસો સંમેલનમાં દેખાય તે હીસાબે ઓળીના સાથે સંમેલન ગોઠવાયા છે. ઓળી પછી દી. ૮ મોડા ભરે તો સંમેલનમાં હું ધારૂં છું કે ૧૦૦) માણસો પણ ન હોય વળી અહીં બે પક્ષ છે જેમાં એક પક્ષ નાનો છે તે ધાર્મીક વહીવટ કરે છે અને તે ધાર્મીક વહીવટમાં ગોટાળો કહેવાતો હોવાથી તે વીરૂધ્ધ લાગણી છે અને બીજુ અહીં કજીયો હતો તે શાંત પડેલ તે છગનલાલ પરતાપસીએ આવી નાના પક્ષની શીખવણીથી ફેંસલો નાના પક્ષના લાભમાં આપેલ અને મોટા પક્ષે તે કબુલ નહિ રાખેલ અને તેથી શાંત પડેલ કજીયો પાછો શરૂ કરાવનાર છગનલાલ પરતાપસી અહીં આવવાના છે, તે પણ કારણ છે. બીજી બાજુ ગામને કમાવાનું નથી પણ વેપાર ઉદ્યોગના મંદીના હાલે ભુખે મરતા જૈનોને મદદ કરવાની જરૂર છે, ત્યાં તો મહેમાનોથી ગરીબોના દાણાં પણ ખવાય જશે અને શેઠીઆ તરફથી ગામને કાંઇ લાભ નથી, કારણ કે કાંઇ માલ અહીંથી વેચાતો નથી.

# વીસમી સદીનો જૈન ખેડુત:

લેખકઃ રતીલાલ ભીખાભાઇ.

( દરેક જૈન પત્રોને છાપવા માટે છુટ છે. )

**પાત્રો :-**

જૈન ખેડુત-(કંગ્રેસ જૈન સોસાયટીનો પહેલેથી બનેલો સભ્ય.)

તેની સ્ત્રી-તેનો દાદો-તેની દાદી-છોકરા-છોકરીઓ પાડોશી.

જૈન સોસાયટીના મુખ્ય ચાર વડીલોઃ-

( સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા. )

સેતાનમુખી ઉર્ફે નરકનો પરમાધામી તેનો મંત્રી.

ભાષકાદાર સેતાન-બટુક.

બીજો સેતાન-બટુક.

ત્રીજો, ચોથો અને પાંચમો સેતાન-બટુક.

પહેરેગીરો અને દ્વારપાળો.

## અંક છઠો.

દાદા-અરે ! શા ધંધા ચાલે છે. શા ધંધા ?

છોકરાઓ-દાદા, આ ધમાચકડી શેની છે ?

છોકરીઓ-દાદા, આ સેનો નાદારંભ ચાલે છે ?

દાદા-(ઝુંપડામાંથી નીકળી વાડામાં પ્રવેસી બારીબારણેથી જોઇને) પ્યારા બચ્ચાઓ, તત્વજ્ઞાનથી અગ્રેસર બનેલાઓ પોતાનો વાડો જુદો બાંધી તેની અંદર કુદાકુદ કરી રહ્યા છે. ત્રણ વર્ષની અંદર લગભગ ૩૫૦૦ પંતુજીઓ ધર્મનો ઇજારો લઇને બેઠેલા છે.

જૈન ખેડુત-(દાદા પાસે જાય છે) હવે તમારી પાસે રહ્યું શું ? હવે તો મારૂં સ્થાન જૈન સંઘમાં છે સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવીકા જે હમારા ટોળામાં હોય તેનેજ કહેવાના. હવે હમારો જૈન સંઘ તમોને કાંઇ પણ આપશે નહી એટલે તમો ભીખુક જેવી સ્થીતિમાં આવશો. કંગ્રેસ જૈન સોસાયટીનો સંઘ તેજ ખરો જૈન સંઘ કહેનારોઃ- બોલો સર્વે સોસાયટીના સભ્યોઃ- "ખરો ધર્મ છે હમારામાં, બીજા છે બધા ઢંગી-પાપી."

મજુર સેતાન-મુખીજી જોયુંને. હવે તેઓનું લોહી ઉછળવા માંડ્યું. (જુઓ, પહેલનો પેલો ખેડુત કયાં અને હવે આપ-બડાઇ હાંકતો કેવો મજાહનો દેખાય છે )

મુખ્ય સેતાન-અલ્યા બટુક, તું સફળ થયો. કહે તો ખરો એ તત્વજ્ઞાન તેં બનાવ્યું શી રીતે ?

મજુર બટુક સેતાન-મુખીજી, મેં તો તેમનાજ આગમોનું દોહન કરી, નવું તત્વજ્ઞાન ઉભું કર્યું. વાડામાં જથ્થો વધારે વધારવા માટે દુધપાક અને મોજાનની લાલચો આપી. પોતાના રોટલા તેથી છુટી ગયા. પૈસાદારોએ કરેલા પાપો આ ટોળામાં નાણાનું દાન કરે તો ધટે છે તેવી લાલચો આપી. ગરીબોને કહ્યું કે ચાર આના ભરશો તો જરૂરાજરૂર ફાયદો થશે. ફક્ત ભરી દો ચાર આના—આપણા ટોળાના સાચા સાધુ કહે તેમ વર્તો એટલે બેડો પાર થશે.

મુખ્ય સેતાન-અલ્યા બટુક, હવે તું બન્યો હુંશીયાર. ફક્ત અજ્ઞાન જૈન ખેડુતોને તત્વજ્ઞાન પાવાની જરૂર છે કે જેથી કરીને તેમનાજ યોગીના કીધા મુજબ જરૂર જરૂર તલવારની ધાર ઉપર નાચતાં નહી આવડે એટલે તેમના જીનેશ્વર દેવની સેવા તેમને માટે દોહલી થશે એટલે તું તારૂં કર્તવ્ય બજાવીને તે લોકોને મારી સેવામાં હાજર કરતો રહેજે, કે જેથી કરીને ભગવાન મહાવીરનું આગમોમાં ભવીષ્ય ભાખ્યા પ્રમાણે સત્ય કરે. હજુ બે વર્ષની તારી મજુર તરીકે રહેવાની કબુલાત પ્રમાણે તું મને તે લોકોને સોંપતો રહેજે. હવે હું વીદાય થાઉં છું.

### અંક છઠો સમાપ્ત.

વીસમી સદીના જૈન ખેડુતની મેં મારી બુદ્ધી પ્રમાણે ભગવાન મહાવીર ઉપર શ્રદ્ધા હોવાને લીધે સ્થીતી બતાવી છે. કંગ્રેસ જૈન સોસાયટી હોય કે યુવક સંઘ હોય-ખરતર ગચ્છના હોય કે તપા ગચ્છના હો-સ્થાનકવાસી હો-કે દીગંબર હો-જૈન ધર્મના આપણે બધા ખેડુતો છીએ અને જો ઉપર બતાવેલા દ્રષ્ય પ્રમાણે આપણી ખેડુતની સ્થીતી કાયમ રાખીશું તો જરૂર જરૂર આપણે આ પાંચમા આરામાં આપણું ગુમાવી બેસવાના. તેથી કરીને આ વાંચનારને જો તત્વજ્ઞાન જાણવાની ઇચ્છા હોય તો વાડામાં નહી પડતાં ફક્ત પંચ પરમેષ્ટીનો જાપ જો ચાલુ રાખવામાં આવશે તો જરૂર જરૂર તે ખેડુત પોતાના આત્માનું કલ્યાણ કરી શકશે. બાકી મેરૂ પર્વત જેટલો ઢગ થાય તેટલા ધર્મધ્વજ તો લઇ ચુકયા છતાં આપણે ખેડુતો આપણી સ્થીતી સુધારી શકયા નથી. માટે ટુંકમાં ઉપરના મારા વીચારોથી જો કોઇ વ્યક્તી-સાધુ હો કે શ્રાવક-સાધ્વી હો કે શ્રાવીકા પોતાના વીચારો વડામાં નહી બાંધે તો જરૂર જરૂર અહીંસા પરમોધર્મનો પ્રભાવ વધારશે. છેવટમાં કંગ્રેસ જૈન સોસાયટી પોતાની રીતીઓ સુધારશે. દરેક સંત પુરૂષને સમાન દ્રષ્ટીથી જુએ છે તેમ પોતાના કર્તવ્યોથી સાબીત કરી આપશે તો જરૂર જરૂર જૈન ધર્મનો પ્રભાવ વધશે. બાકી ધર્મ નથી કંગ્રેસ જૈન સોસાયટીમાં કે નથી મુંબઇ જૈન યુવક સંઘમાં. ફક્ત ધર્મ રહેલો ભગવાન મહાવીરના અહીંસા પરમોધર્મમાં. જય હો, જય હો, જય હો અહીંસા પરમોધર્મનો.

## વઢવાણની નવાજુની.

રામવિજયજી મહારાજને મુંબાઇથી વઢવાણ પધારવાની વીનંતી થઇ અને તે મહારાજે કબુલ રાખી પણ તે સાથે મહારાજે એવી માગણી કરેલી સંભળાય છે કે મને ત્યાં આવે કેટલો લાભ થશે. ઓછામાં ઓછા ૫ દીક્ષા લેનાર તો મળવા જોઇએ તે તમો ચોક્કસ કહો તો વઢવાણ આવું. આ ઉપરથી ત્યાંના શેઠીઆઓએ તે વાત કબુલ રાખી હોય તેમ જણાય છે કારણ કે અહીં દીક્ષાના ઉમેદવારોમાં નીચેના નામો બહાર આવ્યા છે.

૧ મફતચંદ ઝુંઝાભાઇ, ૨ પ્રેમચંદ દેવસી, ૩ ભાણુલાલ મગનલાલ, ૪ ઇશ્વરલાલ તારાચંદ, ૫ વાડીલાલ મગનલાલ કંદોઇ, ૬ કાન્તીલાલ વાડીલાલ, ૭ હરજીવન તલકશી, ૮ મણીલાલ મનસુખ બોઘડ, ૯ સેકડાવાળા, ૧૦ સુખલાલ બોઘડ, ચુનીલાલ લાલચંદનો દીકરો.

આ સીવાય ૧૪ થી નાની ઉમરના છોકરા ત્રણ ચારના નામ પણ ઉપરના સાથે બોલાય છે હવે મહારાજશ્રી આવે કોની પસંદગી થાય છે તે ખબર પડે. શેઠીઆનું પણ લીધેલું પળે અને મહારાજશ્રીનો શ્રમ લેખે લાગે. વઢવાણ ચેતજે આ સીવાય બીજા પણ નામો છે. સાવચેત !

# પાલીતાણાના વર્તમાન
## અને
# રામવિજયની ચાલબાજી.

દેશવીરતી સમાજ અને સોસાયટી બાઇના જલસાની શોભામાં વૃદ્ધિ કરવા કે જનતાને ઉંધા રસ્તે દોરવા રામવિજય મુંબઈથી લબડધક્કે ગુજરાતમાં પહોંચી પાલીતાણે દાદાને ભેટવા દોડયા, અને ત્યાંએ કાવાદાવા તો ખરાજ ! એ સમજે છે કે કાવાદાવાથી ભરેલા ખોટા રીપોર્ટો છાપાઓદ્વારા છપાવી જનતાને ભોળવી શકાશે, તેથીજ પાલીતાણાની પધરામણી અને વ્યાખ્યાનમાં દસ અને બાર વર્ષની બે છોકરીઓએ દીક્ષા લેવાની લીધેલ બાધાનો હેવાલ છાપાઓમાં ગોઠવાવેલ, પરંતુ જનતા તે વાંચીને ન છેતરાય તે માટે પાલીતાણાથી આવેલ સમાચાર જનતા આગળ મુકયા છે તે વાંચીને જનતા વિચારે કે રામવિજયજીને ધર્મની કેટલી પડી છે, તેમ કેવા કાવાદાવા ખેલે છે.

સોળ શિષ્યોના પરિવારે ફાગણ શુદ ૧૪ સોમવારે રામવિજયે પાલીતાણામાં પ્રવેશ કર્યો. ત્યારે તેમના સ્વાગતમાં સોસાયટીના સભ્યો અને ઇરાદાપૂર્વક બહારથી આવેલા થોડાક રામનંદીઓ સામૈયામાં નજરે પડતા હતા. સામૈયુ વીશાશ્રીમાળી મહાજનના વંડે ઉતર્યું ને રામવિજયજીએ ઉપદેશ દેવો શરૂ કર્યો. તેના વ્યાખ્યાનમાં દીક્ષા બીજા ઉપર આક્ષેપો અને મશ્કરી સિવાય બીજુ સાંભળવાનું મળે તેમ ન હોવા છતાં ભક્તોદ્વારા એવી હવા ફેલાવેલી કે શ્રીફળની પરભાવના છે, એટલે શ્રીફળ મેળવવા સંખ્યા સારી હતી, તેથી ગરબડ પણ થતી. ત્યાં તો રામવિજયે આગળથી ગોઠવી રાખેલ ગોઠવણ મુજબ એક વિધવા બાઇ અને બે છોકરીઓ ઉમર વર્ષ ૧૦ ને ૧૨ ની ઉભી થઇ અને કહેવા લાગી કે તમારા ઉપદેશથી અમને સંસાર ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થયો છે માટે બાધા આપો કે અમારે વૈસાક માસ સુધીમાં દીક્ષા લઇ લેવી. તરતજ ચાલુ વ્યાખ્યાનમાં રામવિજયે બાધા આપી અને આ છોકરીઓને આગળ ધરીને પાલીતાણાની જનતાને તેના સ્વભાવ પ્રમાણે તેની તુંડાઇ ભરેલી ભાષામાં ઘણું કીધું, છતાં કશી અસર થઇ નહિ. કારણ કે બાધા લેનાર કન્યાઓને નથી કોઇ ઓળખતું, તેમ તેના ગામની, જ્ઞાતિની, કે તેના કુટુંબની રામવિજય સિવાય કોઇને ભાળ નથી એટલે જનતા તો રામવિજયની ફીમીઆગરી માટે દયા ખાતી શ્રીફળ લઇ વ્યાખ્યાન પછી વિખરાવવાની શરૂઆત કરી ત્યાં તો વીસ પચ્ચીસ શ્રીફળ આપી પરભાવના બંધ કરી.

સમાજના વિખેરાયા પછી હુંસાપાણી કરી લાંબી ખેંચી, ચાર વાગે દાદાને ભેટવા કુચ કરી તે દાદાને ભેટી રાતના સાડા-સાતથી આઠના અમલે રામવિજય તળાટીએ ઉતર્યા. આ ટાઇમે ગામમાં જતાં ટીકા થાય એટલે રાત તળાટીમાંજ ગુજારી, અને બીજે દિવસે સવારમાં વાવરી કરીને આઠ વાગે ચડવાની શરૂઆત કરી. નીચે આવે તે પહેલાંતો દશ વાગ્યાથી ચાર સાધ્વીઓ વરસાદની પેઠે રાહ જોતી બેઠી હતી. આખરે બે વાગે રામવિજય નીચે ઉતર્યા અને તળાટીની બાજુના બગીચાવાળા રૂમ આગળ સંમેલન મળ્યું અને ગુસપુસ થઇ, પરંતુ એ ખાનગી મંત્રણામાં ન જઇ શકવાથી શું બન્યું તે શી રીતે લખી શકું ? કારણ કે રામદુતો ફરતા ને ચોકી કરતા.

ચારે સાધ્વીઓ બાબુ પનાલાલજીની ધર્મશાળામાં ઉતરેલી અને રામવિજય ગામમાં ઉતરેલા છતાં ચોવીસ કલાકમાં ગામમાંથી ખાલી કરી બાબુ પનાલાલજીની ધર્મશાળામાં આવ્યા. અચાનક ચોવીસ કલાકમાં ગામમાંથી બાબુની ધર્મશાળામાં કેમ આવ્યા ? તે સમજાતું નથી, શું ! ગોઠવું નહિ ? અગવડતા પડી ? કે કોઇના આગ્રહથી આવવું પડયું ? ખરો ભેદ તો રામવિજય બહાર પાડે ત્યારે સમજાય. બાકી શું ખબર પડે ! અત્રેથી આઠમે વિહાર કર્યો તે ગાળામાં વ્યાખ્યાન અંદર દીક્ષા ક્યારે દીક્ષા લ્યો, સાથે એમની દુરબુદ્ધિને સુધારવાનો પ્રયત્ન કરનાર વર્ગને, નાસ્તિક, મિથ્યાત્વી, નર્કગામી વિગેરે ગાળીપ્રદાનો તો હોયજ. આવી એમની વર્તણુંકથી અત્રે કેટલીએ પત્રિકાઓ ચેલેન્જ તરીકે બહાર પડેલી. તેમાં અત્રે બિરાજતા વિદ્વાન આચાર્ય તથા મુનિ મહારાજોની આજ્ઞાથી એક પત્રિકા સહી સાથે બહાર પડેલી છતાં કોઇને જવાબ આપવાની પણ હીંમત દેખાડી નહિ. અને છેવટે વદ ૮ મે અત્રેથી વિહાર કરી સીધાવ્યા છે. અત્રે ભોળા લોકોને ભરમાવવા બે છોકરીઓ અને વિધવાનું તરકટ ગોઠવી ખેલ તો અચ્છો ભજવેલો પરંતુ અત્રેથી કોઇ એવો ઝીલનાર ન મળ્યો, તે નજ મળ્યો.

## વઢવાણ સાવધાન !

રામવિજયજી મહારાજનો વિહાર શરૂ થઇ ગયો છે અને તેમના પુનીત પગલાં વઢવાણમાં પડે તે પહેલાં વઢવાણવાસીઓને સાવધાન રહેવાની જરૂર છે અને તે પ્રમાણે વઢવાણની એક શેરીએ તો ઠરાવ પણ કરી લીધો છે, કે મહારાજની પધરામણી થાય અને જાય ત્યાંસુધીમાં કોઇપણ છોકરાએ મહારાજના વ્યાખ્યાનમાં જવું નહિ અને જવા દેવો નહિ. બીજી શેરીવાળા પણ ઉપરના ઠરાવ કરે તેમ લાગે છે. કારણ કે મહારાજશ્રીને નાના બાળકો ઉપર બહુ હેત છે, જેથી બનવા જોગ છે કે નાના બાળકોને મહારાજ સાથે લઇ જાય. માટે વઢવાણ અને ઝાલાવાડે સાવધાન રહેવાની ઘણી જરૂર છે.

તા. ક.—શેરીમાં છોકરાને નહિ મોકલવાનો ઠરાવ થયેલ હોવાથી છોકરાઓને લલચાવવા પ્રભાવનાનો કાર્યક્રમ ગોઠવાઇ રહ્યો છે. પ્રભાવનાનાં બહાને છોકરા લપાશે અને આવે તો ઉપાડતા થાય. મહારાજશ્રીની પધરામણી થાય તે વખતે સામૈયુ બરાબર ન થાય તેથી બહારગામના માણસો જલદી ઉતરી મહારાજના સામૈયાની શોભા વધારવાના છે અને તેથી મોડું આવવાનું રાખ્યું છે.

## ખુલાશો કરશે કે ?

વઢવાણના શેઠશ્રીના આમંત્રણથી અહીં સમેલન ભરાય છે પણ તે શેઠશ્રીના દીકરા રતીલાલ પાસે વર્ધમાન તપ આંબેલ ખાતુ તથા યશોવિજયજી જૈન લાયબ્રેરીનો હિસાબ ઘણા વરસો થયાં છે અને તે ખાતાં બંધ પડી ગયેલાં છે, છતાં તે બાબતનો હિસાબ ઘણો વખત થયા છતાં બહાર પાડતા નથી અને જૈન પેપરમાં વરસ બે પહેલાં ચર્ચા થયેલી છતાં ખુલાસો કરતા નથી અને આવા મોટા ખરચો થાય છે ત્યારે જુના હિસાબ કેમ બહાર પાડતા નથી ? અને દબાવી બેઠેલા ખાતાં બીજાને સોંપતા નથી ? તે જાહેરની મીલકત છે, પોતાના ઘરની નથી.

# જૈનો ! કહેવાતા ધર્મ- -ગુરૂઓથી સાવધાન !

( લેખક :—શશીકાન્ત, મુંબઇ. )

આપણા પૂજ્ય સાધુઓને ક્રિયાકાંડ, જ્ઞાન ધ્યાન વિગેરેમાં પોતાનો અમુલ્ય વખત ગાળવાનો હોય છે, એટલુંજ નહિ પણ કેટલાક કઠીન પરીસહો સહન કરવાના હોય છે કે જેથી પૂજ્ય સાધુ વર્ગને માટે આપણે આદરના ઉદ્ગારો કાઢીએ છીએ. પરંતુ જ્યારે કેટલાક એવા ધર્મગુરૂઓ પણ આપણા જોવામાં આવે છે કે જેઓ પોતાની સુંદર વ્યાખ્યાનશૈલીથી ભોળા, અજ્ઞાન અને અંધશ્રધ્ધાળુ આત્માઓને આંજી નાંખી લઇ બનાવે છે, ત્યારે તેવા સાધુઓને માટે આદરના ઉદ્ગારો નીકળવાને બદલે "પરમાત્મા આવા સાધુઓથી જૈન સમાજને બચાવે" એવા ઉદ્ગારો સ્વાભાવિક નીકળી જાય છે, કારણ કે વર્ષો સુધી ભાઇભાઇઓ તરીકે સુલેહ શાંતિથી રહેતા સ્વામી ભાઇઓને પોતાની વ્યાખ્યાનશૈલીના જોરે ધર્મના સુંદર સ્વાંગ નીચે કે શાસન સેવાના બ્હાના તળે આપસ આપસમાં લડાવી તેઓ ઝઘડા કરાવે છે. કેળવણી વ્યાયામાદિ કોમની પ્રગતિનાં મુખ્ય સાધનોનો વિરોધ કરી જૈન સમાજની પ્રગતિનો તેઓ ભોગ નાશ કરી રહ્યા છે. પોતાની વ્યાખ્યાન શૈલીનો અને ભોળા ભક્તોની અજ્ઞાનતા અને અંધ શ્રદ્ધાનો દુરૂપયોગ કરનાર ધર્મી, અધર્મી કે આસ્તીક નાસ્તીકની નકામી ચર્ચા જગાડનાર આવા ધર્મગુરૂઓને જનતા સમક્ષ ખરા સ્વરૂપમાં ખુલ્લા પાડવા એજ સાચી સેવા છે અને એમાંજ સમાજનું કલ્યાણ છે.

દુનીયાની સપાટી ઉપરનો કોઇ પણ ધર્મ ગમે તો ધર્મની શોભાની ખાતર પણ કલેશ, કંકાસ કે ઝઘડા કરવાનું ફરમાવતોજ નથી અને એજ સિદ્ધાંત મુજબ સરદાર વલ્લભભાઇએ ગત વર્ષ દરમ્યાન અમદાવાદમાં જૈનોની જાહેર સભા સમક્ષ પોતાના પ્રવચનમાં જૈન સાધુઓના સંબંધમાં જે વ્યાજબી શબ્દો ઉચ્ચાર્યા હતા તેનો વિરોધ પણ આ કલેશપ્રીય સાધુ ત્રીપુટીમાંના એક તરફથીજ કરવામાં આવ્યો હતો. મોક્ષનો ઇજારો લઇ બેઠેલા આ મહાત્માઓ પોતે આસ્તીક છે કે નાસ્તીક, મોક્ષગામી છે કે અન્ય ગતિ ગામી છે, યાવત્ ભવી છે કે અભવી એ જાણવા જેટલું જ્યાં તેઓને જ્ઞાન નથી ત્યાં કોઇને અધર્મી કે નાસ્તીક કહેવાનો તેમને શો અધિકાર હોઇ શકે !

આ ત્રીપુટીનાં જ્યાં જ્યાં પનોતાં પગલાં થાય છે ત્યાં ત્યાં ઝઘડાઓની હોળીઓ સળગે છે. મુંબઇ પણ આ ઝઘડાઓથી મુક્ત રહી શક્યું નથી. મુંબઇમાં લગભગ ત્રીશ, પાંત્રીસ વર્ષો થયાં પુજ્ય મુનિ મહારાજોનું આગમન થાય છે કેટલાક મુનિરાજો તો બબ્બે ત્રણ ત્રણ વખત અત્રે પધારી મુંબઇની જૈન જનતાને પોતાની અમૃત વાણીનો સ્વાદ ચખાડી ગયા, કે જે વખતે અત્રેના જૈનો ઝઘડા કે કલેશ શું છે તે પણ જાણતા નહોતા, અને સુલેહશાંતીથી આપસ આપસ હળીમળીને રહેતા હતા જ્યારે ત્રણ વર્ષ થયાં આ કલેશપ્રીય મહાત્માનાં મુંબઇમાં પગલાં થયાં છે, ત્યારથી ભાઇભાઇઓમાં, મીત્રો મીત્રોમાં, સગા સ્નેહીઓમાં ઝઘડાઓની હોળી સળગી રહી છે. આ રીતે સરદારનાં વચનો આ મહાત્માને આબાદ લાગુ પડે છે.

સહમત આચાર્યશ્રી વિજયકમલસુરીશ્વરજી કહેતા કે મુંબઇ જવું એ આપણો ધર્મ નથી, દીક્ષાના સંબંધમાં તેમના પ્રમુખપણા નીચે વડોદરામાં સાધુ સમેલન વખતે અત્યારની અયોગ્ય દીક્ષા વિરૂદ્ધના કેવા ઠરાવો થયા પણ આ કલેશપ્રિય મુનિને ક્યાં કાંઇયે ગુરૂવચન ઉપર ધ્યાન આપવું છે? ખાસ લાભાલાભના કારણ વિના એક સ્થળે એક કરતાં વધુ ચાતુર્માસ ન કરવાં એ જીનાજ્ઞાની પણ આ મુનિને ક્યાં પરવા છે? કહે છે કે હવે કોઇ ઠેકાણે પગ થઇ શકે તેમ નથી, ક્યાં જાય? કલેશને નોતરવા કોઇ ગામ તૈયાર નથી. "સવિજીવ કરૂં શાસન રસી" ના સૂત્રને માનવાવાળા "સર્વજીવ કરૂં કલેશ રસી" નાં કાર્યો કરી રહ્યા છે, છતાં વ્યાખ્યાનશૈલીમાં લટ્ટુ બની ગયેલા ભલભલા હોંશીયાર અને કાબેલ માણસો દ્રષ્ટિ રાગને લીધે કે પ્રેસ્ટીજ સાચવવાના કારણે છતી આંખે કાંઇયે જોઇ શકતા નથી. થોડા પણ આવા સાધુઓ સમાજને ભારરૂપ છે.

પરમાત્મા તેમને સન્મતિ આપે !

---

## ભાવનગરનાં સમાચાર.

—:o:—

### મુનિ રામવિજયજીને ખુલ્લો પત્ર.

આપને જણાવવાનું કે તમો અત્રેના શ્રી સંઘના આમંત્રણ સિવાય તમારા અમુક ભક્તોના આમંત્રણથી અત્રે પધારવાના છો એવું અમારા સાંભળવામાં આવ્યું છે. જ્યારે શ્રી સંઘના આમંત્રણ વિના અત્રે પધારો છો તો અમોને ચોક્કસ માનવાનું કારણ મળ્યું છે કે જ્યાં જ્યાં તમે ગયા છો ત્યાં ત્યાં કલેશોની મોટી હોળીઓ સળગાવી છે. તો શ્રી સંઘના આમંત્રણ વિના અત્રે તમારો આગમનથી અમારા શ્રી સંઘની એકયતામાં જરૂર ભંગાણ પડાવવા ધારો છો. અમે જણાવવા રજા લઇએ છીએ કે જ્યાં જ્યાં આપે કલેશોની હોળીઓ સળગાવી છે અને જૈન સમાજ ઉપર ભયંકર પ્રહારો કર્યા છે તે સંબંધી જ્યાં સુધી જાહેરમાં માફી માંગો નહીં ત્યાં સુધી આપનું અત્રે પધારવું જોખમ ભરેલું છે એવું અમારૂં માનવું છે તો આપ આપના વિચારો ફેરવો અને જૈન સમાજમાં સુલેહ શાંતિ સ્થાપવામાં તમારી વિદ્વતાનો ફાળો આપો અને શાસનને સમયાનુકુળ સાચે રસ્તે દોરો એવું કરીને પછી ભાવનગર પધારો તો અત્રેનો જૈન સમાજ તમારૂં સ્વાગત કરશે.

તા. ૧૧-૩-૩૧. } લી૦,
ખારગેટ-ભાવનગર. } શ્રી જૈન યુવક મંડળ.

તા. ક.—અત્રેના જૈન સમાજની સુલેહ શાંતિ ઇચ્છતા હો તો આપનું અત્રે પધારવું મોકુફ રાખશો.

ઉપરોક્ત પત્ર તેઓશ્રીને શીહોર મુકામે હાથોહાથ પહોંચાડવામાં આવ્યો છે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, શહાપવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના ચૈત્ર સુદી ૪. | છુટક નકલ : |
| અંક ૧૨ મો. | તા૦ ૨૩-૩-૩૧ | ૦ાા આનો. |

# ઉત્ક્રાન્તિના મંડાણ.

## સુધરેલું જગત્ અને ભારતવર્ષ.

સમસ્ત વિશ્વમાં આજે પરિવર્તન થઇ રહ્યું છે. નવીન યુગની નવીન ભાવના—નવા આદર્શો રચાયા છે. સમાજ અને ધર્મ વિકાસ અને પ્રગતિની માંગણી કરી રહ્યા છે. યુરોપ અને અમેરિકાના સુધરેલા જગતના રાજકીય, સામાજીક, માનસિક, શારીરિક—કોઇ પણ ક્ષેત્રો તપાસો. દરેક વિભાગમાં જાગૃતિનું, વિકાસનું, ક્રાન્તિનું વાતાવરણ છવાઇ રહ્યું છે. ત્યાંના યુવકોએ ઉત્ક્રાન્તિસૂચક વિધ વિધ દિશામાં ભિન્ન ભિન્ન આવશ્યકતાઓ પૂરી પાડનારા મંડળો સ્થાપ્યા છે અને તેદ્વારા પોતાની અને સમાજની સર્વ દેશીય ઉન્નતિ સાધી રહ્યા છે, રુઢિચૂસ્તોની સુષુપ્તિ ઉડાવી તેમને નવચેતનની પ્રેરણા પાઇ રહ્યા છે અને સારા સમાજ અને દેશને સંગીન જોમ અને જ્વલંત ઉત્સાહ અર્પી રહ્યાં છે—ટુંકમાં નવા યુગનું નવું જગત્ રચી રહ્યા છે. ભારતવર્ષમાં આધુનિક રાજકીય લડતે યુવકોમાં ચેતનની ચીનગારીઓ પ્રકટાવી છે અને દેશ ખરામાં તેમનો અદ્ભુત પૂર્ણ હિસ્સો સમર્પણ કરાવીને વિશ્વ ભરમાં અદ્વિતીય કીર્તિ સંપાદન કરાવી છે. છતાં પણ સમસ્ત યુવક-જગતે એ સદેશો સંપૂર્ણપણે ઝીલ્યો હોય એમ કહેવું યોગ્ય નથી. રાજકીય ક્ષેત્ર ઉપરાંત સમાજના વિધ વિધ અંગોમાં પણ યુવકને પોતાની સેવા અર્પવા આહ્વાન મળી રહ્યું છે. સમાજની જુની જર્જરિત ઇમારત હવે તાત્કાલિક પુનર્વિધાન માંગે છે અને સમાજના દરેક હિતચિંતકે આ નૂતન ભાવનાઓ પોષવાની, અમલમાં મૂકવાની અને નવસર્જન કરવાની આવશ્યકતા છે.

## જૈન સમાજ અને સેવાભાવિ સંસ્થાઓ.

દુનિયાના અન્ય સમાજોની પેઠે જૈન સમાજ આજે પરિવર્તન અને પુનર્વિધાન માંગે છે, અને જેની નસોમાં નવું લોહી વહેતું હોય—પછી ભલે તે ગમે તેટલી ઉમરનો હોય—જેને હૈડે સમાજની દાઝ અને કર્તવ્યની ધગશ પ્રબળપણે વસેલી હોય, એવી વ્યક્તિની સ્પષ્ટ ફરજ છે કે તે આ પુનર્વિધાનમાં પોતાનો યથાશક્તિ ફાળો આપે. નવ યુગનો સર્જનહાર, ભૂતકાળની ભવ્યતાના રસ્પાં સેવી વર્તમાન કાળના આદર્શો ઘડનાર અને તેને અમલમાં મૂકનાર જૈન યુવક આ નવસર્જનમાં પછાત રહીજ કેમ શકે?

આજે આપણી સન્મુખ અનેક કાર્યો પડેલાં છે, નવાં નવાં ઉમેરાતાં જાય છે, એ બધાંને પહોંચી વળવાને સતત પ્રયાસોની જરૂર છે. એ કાર્યોનો અમલ આજ કેટલાંક વર્ષોથી શોભતી જૈન કોન્ફરન્સ અને જૈન યુવક સંઘ જેવી સંસ્થાઓ પોતાની નીતિ-રીતિ પ્રમાણે યથાશક્તિ કરી રહી છે. પરંતુ ગતિમાં તેજ નથી, સમાજનો યોગ્ય સહકાર નથી, આવશ્યકીય નિડરતા નથી, સંગીન વ્યવસ્થાની પૂર્ણતા નથી, સેવાકાર્યમાં સારો સમય અર્પી શકે એવા કાર્યકર્તાઓની બહુલતા નથી. એથી આવશ્યકીય સંગીન કાર્ય તાત્કાલિક બની શકતું નથી; આકાંક્ષાઓ અમલમાં મૂકી શકાતી નથી, ઠરાવો વ્યવહારૂ સ્વરૂપ ધારણ કરી શકતા નથી, સમાજ પ્રગતી સાધી શકતો નથી.

## મંતવ્યો અને ચર્ચાઓ.

સંઘના ચતુર્વિધ અંગોમાં અને તદ્વિષયક વિભાગોમાં સુધારણાની અપેક્ષા છે—અવકાશ છે. અમુક વ્યક્તિઓના કદાગ્રહ, કીર્તિલાલસા, અહંભાવ અને સ્વકીય પક્ષ જમાવવાની અનિષ્ટ બુદ્ધિથી સમાજમાં ભિન્નતા અને વિસંવાદ પેસી ગયા છે એ વાત નિર્વિવાદ છે, સ્પષ્ટ છે. 'મુંડે મુંડે મતિર્ભિન્ના' એ ન્યાયે સમાજમાં ભિન્ન ભિન્ન મંતવ્યો ધરાવનારા ભલે હોય. એ મંતવ્યોને અંગે ચર્ચાઓ થાય પ્રશ્નોની છણાવટ થાય, જ્ઞાનની—વિચારોની આપ-લે થાય, તેથી હાલની એક બાજુ નિરખવાને બદલે સર્વ દેશીય અનુભવ મળે, 'મારૂં તે સારૂં' ટળી 'સારૂં તે મારૂં' નો સિદ્ધાન્ત સમજવાનો અવકાશ મળે આ બધું અતિશય આવકારદાયક છે, સમાજને પુષ્ટ બનાવનાર તત્ત્વ છે. પરંતુ જ્યારે આવી મતમતાંતર સહિષ્ણુતા ટકી શકતી નથી, મતની ચર્ચા ઉપરથી વ્યક્તિપરત્વે ઉતરી પડાય છે, સ્વતંત્ર અભિપ્રાય ધરાવવાની અને એ અભિપ્રાય વ્યકત કરવાની છુટ ઉપર જ્યારે તરાપ મરાય છે, અમુક વ્યક્તિનો અમુક મત આપણને ન રૂચતો આવે એટલે એ મત ધરાવનાર વ્યક્તિ દુષ્ટ અને નાસ્તિક છે અને એનાં સર્વ વિચારો સડેલાં અને અનિષ્ટ છે એવું જ્યારે ઉપજાવી કાઢવામાં આવે છે, ત્યારે સમાજ નબળો પડે છે, તેના અંગોમાં પરસ્પર અસંગતતા અને ઘર્ષણ જાગે છે, સામાન્ય શત્રુની સામે મુકાબલો કરવાને બદલે આંતરિક કલહ અને ફાટફુટ જામે છે, રચનાત્મક કાર્ય બની શકતું નથી, વિઘાતક શૈલીથી ખંડનાત્મક કાર્યોનો આરંભ થાય છે અને સમાજ ધીમે ધીમે પણ ચોક્કસ રીતે અવનતિની ગર્તા તરફ ઘસડાવા માંડે છે.

હરિલાલ શાહ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# આ સાધુને હવે તો ઓળખો ?

હિન્દુસ્થાનમાં લગભગ બાવન લાખ સાધુઓની સંખ્યામાં જૈન સમાજના સાધુઓ પ્રત્યે જનતા કંઈક માનભરી દ્રષ્ટિથી જોતી ! કારણ કે જૈન સાધુ દીક્ષા લેતાંની સાથેજ પ્રાણાતિપાત. (અહિંસા) મૃષાવાદ (જુઠું ન બોલવું) અદત્તા દાન (કોઈના આપ્યા સિવાય લેવું નહિ) મૈથુન (મન વચન કાયાએ બ્રહ્મચર્ય પાળવું) પરિગ્રહ (કોઈ જાતનો સંગ્રહ ન કરવો) આ પ્રતિજ્ઞા લેવામાં આવે છે તેમ ક્રોધ, માન, માયા, ઇત્યાદિ જે વસ્તુઓ ઉંચે ચડવામાં અંતરાય રૂપ છે તેને છોડવા અને ઉંચે ચડવામાં મદદગાર થાય, તેવી વસ્તુઓ ગ્રહણ કરી, પિતા મહાવીરે બતાવેલા રસ્તે ચાલતા તેથી અન્ય સમાજ પણ પ્રશંસા કરતી. પરંતુ પ્રભુએ બતાવેલ રસ્તાને ઠોકર મારી પંચ મહાવ્રતની લીધેલ પ્રતિજ્ઞાને ઉંચી મુકી પોતાની મન કલ્પનાનુંસાર ભોળા લોકોને ભમાવવા શાસ્ત્રના બહાના નીચે હઠે રાખનાર રામવિજય જેવા જ્યારથી સમાજમાં ઉત્પન્ન થયા છે ત્યારથી સમાજની દશા દિવસે દિવસે સુધરવા બદલે બગડતીજ ચાલી છે, એ દરેક માણસો સમજે છે, છતાં ભોળો, પ્રભાવના ને જમણના લેવાયેલા, તેમ અંધશ્રદ્ધાળુઓ એમ સમજે છે કે રામવિજય ત્યાગનો ઉપદેશ કરે છે, સગીરોને દીક્ષા આપે છે, શ્રાવક ક્ષેત્રના ઉધ્ધારની વાત નથી કરતા પણ અવગણના કરે છે; અને અયોગ્ય ટીકાઓ કરે છે. તેથી બુદ્ધિશાળી વર્ગ તેમની પાછળ લાગ્યો છે, આ કહેનારાઓ કંઈક અંશે ખરા છે, છતાં ખરો મુદ્દો તો એ છે કે રામવિજય પ્રભુના શાસનનો નાશ કરી એક રામાનંદી ટોળું ઉભું કરી જૈન સમાજને છિન્નભિન્ન કરવાના જે પ્રયત્નો આદરી રહ્યા છે તે બુદ્ધિશાળી વર્ગ સમજી ગયો હતો. એટલે તેને ઠેકાણે લાવવા મહેનત કરે છે અને કરશે, બાકી એમના પ્રત્યે અંગત દ્વેષ જેવું કશું નથી. ભોળા લોકોને ભમાવવા અનેક જાળ બીછાવવા છતાં જે વસ્તુ હૈયે હોય તે હોઠે આવ્યા સિવાય રહે નહિ. એણે સંભાળ તો ઘણીજ રાખી ! છતાં જેમ સન્નીપાત થયેલો માણસ એના ભેજા પર કાબુ ગુમાવી બેસવાથી ઘણી જાતના વાતો કહી નાખે છે તેમ આ નામધારી સાધુ ભેગું બોલે છે.

" હું કહું છું એજ ધર્મ છે, બાકી બધું જંજાળ છે; એ ધર્મના વિરોધીઓ ! તમારી અધોગતિ જોઉં છું. યાદ રાખજો...**તમે ભુંડે હાલે મરશો ! ભીખ માંગતાંય તમને રોટલો નહિ મળે.**"

" **તમે જીંદગીમાંથી ઉખડી જશો......**"

" તમારાથી શું થઇ શકે તેમ છે ? સામી છાતીએ ચાલ્યા આવો ! બહાદુર થઈને મરવું છે કે બાયલા ?"

" તમારાથી થાય તે કરી લેજો ! માથું મુંડીને આવ્યા છીએ અને શસ્ત્રીય (?) છીએ. વખત આવે કેસરીયાં (!) પણ કરીએ. અમારા બાપનો માલ ઉડાવીએ છીએ...**અમે માનેલા 'ધર્મ'ની રક્ષા માટે જરૂર પડે તો આઠ આઠ ભૈયાની જમાત પણ અમો અમારી પાસે રાખી શકીયે છીએ.** છે મગદુર કોઈની ? " ચાલ્યા આવો !"

જૈન સમાજ ! હવે વખત ગુમાવે કે ' આપણે શું એ ભોગવશે ' એ નમાલી વાતો કરવાથી સમાજનું કલ્યાણ નહિ થાય. ઉપરના વાક્યો વાંચતાંજ રામવિજયનું માનસ ચોક્ખે ચોક્ખું દેખાઇ આવે છે કે તે કોઈ નવો પંથ કહાડવા માંગે છે તે કહે તેજ ધર્મ છે બાકી બધા જંજાળની વાતો કરનારા છે. પછી વિજયનેમિસૂરી હોય કે વિજયનિતિસૂરી હોય કે ગમે તે હોય. જેમ ભુતકાળમાં અન્ય ધર્મિઓએ બીજા લોકોને તલવારના બળે બળજુ કર્યા હતા તેમ આ ભૈયાઓની જમાત રાખીને લોકોના માથાં વધેરાવી તેની જમાત મોટી કરવાના કોડ સેવે છે, સાથે આવ્હાનો કરે છે, સાથે શ્રાપ પણ દે છે ! પરંતુ જેમ સતી શ્રાપ હોતી નથી અને સંખણીના લાગતા નથી. તેમ એના શ્રાપની કે ભૈયાની જમાતની હાલનો યુવક લગારે પરવા કરે તેમ નથી. કારણકે તેને લાઠી સામે માથું ધરવાની કેળવણી મળી છે, જેલના દુઃખ સહન કરવાની તાલીમ લીધી છે, એટલે એમના શ્રાપ, ધમકી, કે ગમે તેવી ચાલબાજી કરે છતાં હાલનો યુવક તો સો ટચનું સોનું જેથી તેનેજ મસ્તક નમાવશે. બાકી તો સામું એ જોશે નહિ છતાં એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આ સાધુ હવે ખરા સ્વરૂપમાં બહાર પડ્યા છે એ તેના શબ્દોજ કહી આપે છે. કારણ કે તેના શબ્દો ઉપરથી નીચેના મુદ્દા સ્પષ્ટ સમજાય છે.

પ્રભુના પ્રરૂપેલા અને ગણધરોએ ગુંથેલા આગમો અને ઉપદેશને ઉંચા મુકી નવો પંથ કહાડવા માગે છે.

પ્રાણાતિપાતની પ્રતિજ્ઞા તોડી, ભૈયાઓ મારફતે માથાં ફોડવાની હોંસ સેવે છે એટલે હિંસક વૃત્તિ ધારણ કરે છે. તેમ જેઓ તેના ટોળામાં ન ભળે તેમનું દરેક રીતે નિકંદન ઇચ્છે છે.

આ સિવાય તેના વ્યાખ્યાનોમાંથી નવો પંથ કહાડનાર એક પાખંડી છે એમ દીવા જેવું દેખાય છે. ત્યારે જૈન સમાજે આવા પાખંડીઓથી સમાજને બચાવવા ખાતર જેમ બને તેમ તેનો બહિષ્કાર કરવાની જરૂર છે. તેમ થયા સિવાય આ ભાન ભૂલેલાનું ભાન ઠેકાણે આવશે નહિ અને જૈન સમાજ અધોગતિમાંથી બચશે નહિ.

**વઢવાણના જુવાનોને**

વઢવાણના જુવાનો સાવધ બનજો. પ્રભુના પંથને ઉંચો મુકી નવો પંથ કહાડવાની મહેચ્છા રાખનાર પાખંડી તમારા ગામમાં આવે છે અને દેશવિરતી તેમ સોસાયટી સંમેલનના બહાના નીચે તમારા શહેરમાં કંઈ નવાજુની કરી તમારા શહેરના શાન્તિ ભરેલા વાતાવરણને અશાન્ત કરી ભાઈઓ ભાઈમાં ખંડ જગાડવા માગે છે, તેમ તમારા શહેરના ભલા નામને કલંક લગાડે તેમ લાગે છે. શું ! તે તમે જોયા કરશો ? એટલું ધ્યાન રાખજો કે ચૈતર સુદમાં શરૂ થતી આયંબીલની ઓળી જેવી ધાર્મિક ક્રિયા અંગે કોઇપણ જૈનનો વિરોધ નજ હોય પરંતુ ઓળીની ઓઠા નીચે ચૈતર વદમાં જે તમાસો થવાનો છે તે તમાસામાં જૈન સમાજનું હિત નથી પણ અહિત છે, છતાં

શ્રી

# ==અમૃત સરિતાના ઓવારે.==

## ( એક દ્રષ્ટિપાત. )

સંપાદક : વનવિહારી પ્રાગ્વાટ.

(૩)

પ્રિય ભાઇશ્રી સુધાકર,

લ્હમારો પત્ર મળ્યો. લ્હમે લખો છો કે: "'વકીલ' મહાસુખભાઇએ વાંચનાર 'ન્યાયાધીશ' પાસે પોતાનો કેસ-અયોગ્ય દીક્ષાનો પ્રશ્ન-સચોટપણે રજુ કર્યો છે. એટલુંજ નહી પણ બીજા એવા પ્રશ્નો પણ રજુ કર્યાં છે, કે જેનો ઉકેલ લાવ્યા સિવાય ઉન્નતિની આશા રાખવી એ આકાશ કુસુમવત્ છે; એ સાચું નથી?........." હું લ્હમારા આ વિચારો સાથે સર્વથા સંમત છું. પ્રશ્ન એકજ છે: "કોણ કરે?"

* * *

"ભૂતકાળ એ વર્તમાનનો પિતા છે અને વર્તમાન એ ભવિષ્યની માતા છે." આ વિચાર જો આપણે માન્ય રાખીએ તો આપણી 'વર્તમાન દશા' આપણા ભૂતકાળનેજ આભારી છે એની આપણાથી ના પાડી શકાય તેમ છે? અને આપણી 'વર્તમાન દશા' નું સાચું ચિત્ર નિહાળ્યા પછી આવતી કાલ આનાથી વધારે સારી ઉગવાની આશા રાખી શકાય ખરી? જૈન જગતના ભાગ્ય આકાશમાં કેવળ નિરાશાનાંજ વાદળાં ઉભરાઇ રહેલાં નથી દેખાતાં?! જો કે આ 'નિરાશાવાદ' છે, અને તેનું સેવન કરવું એ ઇષ્ટ નથી એટલુંજ નહી પણ અધર્મ છે-પાપ છે; એમ સ્હમજવા છતાં સમાજની છિન્ન ભિન્ન દશા, અને તેને લાગુ પડેલો 'કુસંપ' નો ભયંકર વ્યાધિ જોતાં એટલું પણ કહી દેવુંજ પડે છે કે: વિના વિલંબે તેનો સચોટ ઉપાય યોજવાની અનિવાર્ય અગત્ય ઉભી થઇ છે. આપણી સહેજ પણ ગફલત આપણને 'ભયંકર ભાવી' નાં દર્શન કરાવશે એ નિઃસંશય છે.

* * *

શ્રી. મહાસુખભાઇએ અયોગ્ય દીક્ષાનો પ્રશ્ન છણવાની સાથે સાથે આપણા સમાજના સાંસારિક, નૈતિક, આર્થિક અને કેળવણી વિષયક પ્રશ્નોની ચર્ચા પણ કરી છે. જો કે તેની તલસ્પર્શી વિચારણા રજુ નથી થઇ શકી, છતાં સામાન્ય જૈન સમાજ સ્હમજી શકે તેવી વિચારણા રજુ કરી ઉપરના પ્રત્યેક પ્રશ્નો પર તેમણે ઠીક ઠીક પ્રકાશ તો પાડ્યોજ છે. એ પ્રકાશનો ઉપયોગ આપણે કરીશું કે નહિ એ જુદો પ્રશ્ન છે.

* * *

'આજ્ઞાઃ એજ ધર્મ.' એ સૂત્રની સચોટ છાપ જનતાના માનસપર પાડવાના નિરંતર પ્રયત્ન કરનાર અને 'વિતરાગ'ના સીધા વારસ તરીકે પોતાની 'આજ્ઞા'ને પણ અન ઉલ્લંઘનીય ગણવાના ફાંફાં મારનાર એ ધમંઠી વર્ગની મનોદશા સ્પષ્ટપણે સ્હમજવા માટે નીચેનું સૂત્ર કદાચ વધારે ઉપયોગી થઇ પડશે :-

For just experience tells every soil,
That those that think
must govern those that toil.

—*Gold Smith.*

[દરેક દેશના અનુભવ ઉપરથી જણાય છે કે જેઓ વિચારશીલ અર્થાત્ માનસિક પરિશ્રમ ઉઠાવનાર છે તેઓ મહેનત કરનાર અર્થાત્ શારિરીક પરિશ્રમ ઉઠાવનાર ઉપર રાજ્ય કરે છે. (અમૃત સરિતામાંથી અવતરણ.)

આપણા ગુરૂદેવોએ ગઇ કાલ સુધી આપણી ઉપર રાજ્ય કર્યું છે. આપણા કલ્યાણનો માર્ગ શોધવાનું આપણે નહિ પણ એમણે માથે રાખ્યું છે-કદાચ આપણે સોંપ્યું હશે. અને એ બોજો ફેંકી દેવામાં ભલે આપણે ચિંતા મુકત બન્યા હોઇશું. પણ બીજી બાજુ આપણે આપણો 'વિચાર' કરનારા 'મનુષ્ય' મટી બીજાના દોરવ્યા-કેટલેક પ્રસંગે બીજાના હાંક્યા-ચાલનાર 'પશુ' બન્યા છીએ, એટલું આપણે ન ભુલીએ. ગઇ કાલ સુધી 'ગુરૂદેવો'ની સ્હામે ઉંચી આંખે જોનાર અપમાન પામતો. ગુરૂદેવને પ્રશ્ન કરનાર તિરસ્કારને પાત્ર બનતો અને તેમના શબ્દોમાં શંકા લાવનાર 'સંઘ બ્હાર'ની સજા પામતો. સાચેજ "ગુરૂ આજ્ઞા એજ ધર્મ" સૂત્ર કદાચ બહુ દૂર દૂરના નહી પણ નજીકના ભૂતકાળમાં તો શિરસાવંદ્યજ ગણાતું. જૈન સમાજ ભારતની તેત્રીસ કોટી પ્રજાનુંજ એક અંગ હોવાથી તેને પણ કેળવણીનો પ્રકાશ સાંપડ્યો: અને જીવન પન્થે પથરાએલાં અંધારાં ઓસર્યાં. આપણા 'ગુરૂદેવો' સચેત બન્યા. પોતાનો 'વાસ્તવિક ધર્મ' સ્હમજનારા-પીળાં વસ્ત્રની પવિત્રતા પીછાણનારા-ઓએ 'સ્વ-પર'ના કલ્યાણનો માર્ગ સ્વીકાર્યો. જ્યારે પોતાની સરી જતી સત્તાના મોહમાં 'રાગાંધ' બનેલાઓએ કેળવણીના પ્રકાશ સ્હામે ધુળ ઉછાળવા માંડી. કુદરતી ન્યાયે તેમનીજ આંખોમાં 'ધુળ' પડી. અને એના દુઃખથી આંખો ચોળતા એ 'ઘુવડ' ? 'હાબીઓએ' કેળવણીના પ્રકાશને અને પ્રકાશ ઝીલનારાઓને 'નાસ્તિક' શબ્દે નવાજ્યા. ભૂતકાળનો વારસો મેળવી જીવન જીવનારા 'મેંઢાઓ' નાચે કુદીએ હંકાવા લાગ્યા. 'પ્રકાશ'નાં દર્શન પામેલાઓએ 'હંકાવા'ની ના પાડી, અને આંતરે કલહનાં મંડાણ થયાં. આપણી સંસ્કૃતિનું આપણને વિસ્મરણ થયું. સાહિત્ય અને સ્થાપત્ય તરફ આપણે બેદરકાર બન્યા. કલા આપણાથી રીસાઇ ગઇ. ક્ષત્રિયમાંથી વણીક બનેલા આપણે વ્યાપારી મટી દલાલ બન્યા: 'સ્વામીવાત્સલ્ય' એજ શ્રેષ્ઠ સેવા

* * *

તે તમાશામાં ભાગ લેનારા એના નામે જે કરવું હોય તે કરે તેની પરવા નથી. કારણ કે સુરજની સામે ધુળ ઉડાડતાં સુરજ ઉપર નથી પડતી પણ ઉડાડનારની આંખમાંજ પડે છે, પરંતુ વહવાણશહેર કે ઝાલાવાડના નામે જો કંઇ કરે તો વહવાણને કે આખા ઝાલાવાડને કલંક લાગશે. અરે! કપાળે કાળો ડાઘ રહી જશે. માટે જાગતા રહેજો, લગાર ગફલત રહી તો અહિંસાનો દાવો કરનાર, છતાં મન વચન અને કાયાથી હિંસાને સેવનાર આ કહેવાતા સાધુ છળ, પ્રપંચે પૂરા છે, એટલે તમારા શહેરના ભલાનામને એબ લગાડતાં વાર નહિ કરે, માટે સાવધ રહેજો નહિતો કપાળ તપાસવું પડશે.

જે ભોળા લોકો સાધુના વેશમાંજ પ્રભુતા માને છે તેઆઓને કાલાવાલાથી, પેંડા, લાડુ, શ્રીફળ, પતાસાં વિગેરેની પ્રભાવના તેમ જમણની લાલચથી ભરમાવવામાં આવે છે. અને તેવાઓને હથિયાર બનાવી આગના તનખા વેરવાનો આ ધંધો કરે છે, તેથી યુવાનો! આ ગોશાળાના અવતારી મહાત્મા (?) સામે વ્યવસ્થીત રીતે ગોઠવાઇને સમજપૂર્વક, શાન્તી રાખીને આત્મ બળના વિશ્વાસથી યુવાન વીરને છાજે તેવી રીતે અહિંસક રહીને પાણી બતાવશો.

એમ માનનારા સમાજમાં 'બેદરકારી' નો પ્રશ્ન ઉદભવ્યો; એવું તો કૈં કૈં બની ગયું. પણ આપણે ઉંઘ્યાજ કર્યું. સદ્‌ભાગ્યે કો ધન્ય ઘડીએ 'યૌવને' આળસ મરડી. પ્રગતિને માર્ગે પ્રસ્થાન માંડ્યાં. સ્વાતંત્ર્યના સુર ફુંક્યા અને ગુંગળાતા સમાજે પળભર શાન્તિનો શ્વાસ લીધો પણ હજુએ કલેશનો દાવાનલ નથી હોલાયો. ક્યારે હોલાશે એ પ્રશ્ન પણ હાલ તો નિરૂત્તરજ છે. અને એ પણ ખુલ્લું સત્ય છે, કે આમાંથીજ આપણે આપણો માર્ગ કરવાનો છે.

* * *

'અમૃત સરિતા'નાં વહી જતાં પાણી આપણને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવે છે, કે આપણા સમાજનું એક પણ બાળક કેળવણી વિહોણું ન રહે, તેવી યોજનાઓ અમલમાં મુકો; હોય તેને વિકસાવી વિશાલ બનાવો. 'સ્વામી વાત્સલ્ય' શબ્દનો પ્રચલિત રૂઢ અર્થ ફેરવી એ નામે થતા ધનનો વ્યય એવી રીતે કરો કે જેથી 'બેકારી'ના જંતુનો નાશ થાય. દલાલ મટી વ્યાપારી બનો; વ્યાપારને ખીલવો; ઉદ્યોગો હાથ કરો; અને એ રીતે કેળવણી લઇ 'કેરીઅર' માટે ફાંફાં મારતા યુવાનોના જીવન નિર્વાહના માર્ગ મોકળા કરો; આપણી ઘટતી જતી વસ્તીનાં કારણોનો વિચાર કરો. બાળ મરણનું પ્રમાણ વિશેષ હોવાના કારણો શોધી કહાડી તેનું નિવારણ કરો. આપણી નિર્માલ્ય અને માયકાંગલી શરીર સંપત્તિ શાને આભારી છે, તેનું શોધન કરો. સ્ત્રી જીવનના વિવિધ પ્રશ્નોનો સમભાવ-પૂર્વક અભ્યાસ કરો : આજેજ ઉકેલ માગતો વિધવાનો પ્રશ્ન હાથ ધરો: આપણા ગૃહ ઉદ્યોગોને ખીલવી વ્યર્થ વિતતા સમયનો સદુપયોગ કરતાં શીખવાડો. સામાજીક વિકાસની આડે આવતા રૂઢ થઇ પડેલા રિવાજોને તિલાંજલી આપો. 'વડીલો' ની કિર્તી ઉપર બેજ ગણાતા આજના થઇ બેઠેલા સુત્રધારોને સમાજના સાચા આગેવાન બનતાં શિખવાડો અને પછી જૂઓ કે 'અયોગ્ય દિક્ષા'નું ભૂત ભાગી જાય છે કે નહી ! !

* * *

આપણા સમાજની પ્રતિનિધીરૂપ સંસ્થાઓ પોતાની ફરજ વિચારે તો આ બધું બનવું અશક્ય તો નથીજ. પરંતુ આપણે આજ સુધી શું કર્યું છે, અને શું નથી કર્યું તેની સ્પષ્ટ હકીકતો પણ આપણી પાસે મોજુદ છે એટલે કે દાખલા ટાંકી હેય આપ્યા સિવાય એટલું ઉચ્ચારી શકીએ કે: 'આપણે એ દિશામાં બહુ આગળ નથી વધ્યા—બલકે હજુ 'ક' જ ઘુંટી રહ્યા છીએ, અને તેનાં ઘણાં કારણો છે. કારણોની પરંપરામાં ઉતરતાં 'આક્ષેપ' નો આભાવ થવાનો સંભવ છે. એટલે આપણે એટલુંજ નોંધીએ કે: 'સેવા એજ ધર્મ' એ મંત્રનું રટણ કરનારા 'સેવકો' હજુ આપણા સમાજને નથી સાંપડ્યા અને એજ આપણી ભાગ્યઉણપ છે.

* * *

"કીર્તીસુંદરીની 'વરમાળાના' ઉમેદવારો નહી પણ સમાજ ઉદ્ધારની 'ધગશ' લઇ ફરનારા સાચા સેવકોજ સાચા માર્ગદર્શક બની શકે એ નિર્વિવાદ છે."

* * *

દીવ્ય માનસમાંથી નિર્ઝરતી 'અમૃત સરિતા' આપણા આંગણે નિરંતર વહ્યાજ કરે! અને તેનાં પાવનકર જળનાં પાન કરી જૈન જનતા 'ત્યાગ' અને 'સ્વાર્પણ' ની પ્રેરણા મેળવતી રહે ! ! એ શુભેચ્છા સહ 'અમૃત સરિતા' ના ઓવારેથી આપણે પ્રસ્થાન કરીએ !

"આપો જીવનમાં અંધકારે : પ્રકાશનાં દાન નાથ મારું !"

લી૦,

19 : 3 : 31 : ઋષભદાસ.

# સાધુઓના અને સાધ્વીઓના પ્રગતિ નિયમો.

લેખકઃ સદ્‌ગત યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગર સુરિશ્વરજી.

૧ સાધુઓએ અને સાધ્વીઓએ આચાર્યાદિની આજ્ઞા પ્રમાણે ગામોગામ વિહાર કરવો અને ચારિત્ર પાલનપૂર્વક ઉપદેશ દેવાની પ્રવૃત્તિ કરવી.

૨ આચાર્યની આજ્ઞા સિવાય વિહાર કરવો નહિ અને આચાર્યની આજ્ઞા મંગાવીને વા આચાર્ય આજ્ઞા આપે, ત્યાં ચોમાસું કરવું.

૩ પરગચ્છીય ગચ્છમત ભેદક ચર્ચા ઉદીરણા કરવી નહિ. અન્ય ગચ્છીય સાધુઓની અને સાધ્વીઓની નિન્દા-ઇર્ષ્યા કરવી નહિ અને તેમજ તેઓના ગુણોનો અનુરાગ ધારણ કરવો. અન્ય ગચ્છીય સાધુઓના ભરમાવ્યાથી સ્વગચ્છીયસૂરિ વગેરેની આજ્ઞા બહાર થવું નહિં, તેમજ સ્વગચ્છીય આચાર્યાદિકની અન્ય ગચ્છીય સાધુઓ વગેરેની આગળ નિન્દા કરવી નહિ.

૪ સ્વગચ્છીય આચાર્ય જ્યારે જ્યારે સ્વગચ્છ સાધુ સાધ્વીની પરિષત્ ભેગી કરે ત્યારે તત્સમયે હાજર થવું અને સાધુઓની તથા ધર્મની સેવામાં આત્મભોગ આપવો.

૫ સ્વગચ્છની પ્રગતિના જે જે વિચારો આવે તે સ્વગચ્છીયસૂરિને નિવેદવા અને જમાનાને અનુસરી ધર્મની પ્રગતિ થાય એવી જે જે પ્રવૃત્તિઓ આદરવા યોગ્ય હોય તેઓને આદરવી.

૬ સાધુઓએ અને સાધ્વીઓએ પરસ્પર એકબીજાની નિંદા કરવી નહિ, કોઇની સાથે અપશબ્દથી ભાષણ કરવું નહિ. વ્યાખ્યાનમાં, ભાષણમાં અને લેખ લખવામાં તથા ગ્રંથો લખવામાં સર્વ સાધુઓની સાથે ઐક્ય વધે, કલેશ ભેદ શમે અને સર્વ ગચ્છના સાધુ, સાધ્વીઓ, આચાર્યો સંપીને એક મોટા વર્તુલમાં ભેગા મળી ધાર્મિક કાર્યો કરે, એવી યુક્તિ પ્રયુક્તિથી પ્રવર્તવું.

૭ સાધુઓએ અને સાધ્વીઓએ કોઇ ચેલા અગર ચેલીને ખરાબ સલાહ આપી તેના ગુરૂથી જુદાં પાડવાં નહિ. સ્વગચ્છીય આચાર્યની આજ્ઞા વિના અન્ય ગચ્છીય સાધુને અને સાધ્વીને સાધુઓએ અને સાધ્વીઓએ પાસે રાખવી નહિ. અન્ય ગચ્છ-પક્ષ સંપ્રદાયની સાથે વિરોધ થાય એવી પ્રવૃત્તિઓમાં પડવું નહિ.

૮. સાધુઓએ અને સાધ્વીઓએ અન્ય ગચ્છીય ક્ષેત્રો પર પરસ્પર કલેશ મતભેદ અરૂચિ નિન્દા થાય એવી રીતે પડાપડી કરવી નહિ. અન્ય ગચ્છીય ક્ષેત્રોમાં રહેવું પડે તો સ્વગચ્છ સુરિની આજ્ઞા મેળવીને અન્ય ગચ્છીય ક્ષેત્રના આચાર્યાદિકની અનુમતિ લેઇ ચોમાસું કરવું, પણ અન્ય ગચ્છીય ક્ષેત્રના શ્રાવકોની પરસ્પરની ફૂટથી અન્ય ગચ્છીય આચાર્યની સત્તાનો નાશ થાય એવી રીતે ચોમાસું ઉપદેશ વિગેરે પ્રવૃત્તિયો સેવવી નહિ.

સાધુઓમાં અને સાધ્વીઓમાં ધાર્મિક જ્ઞાનની પ્રગતિ થવી જોઇએ. ધાર્મિક કેળવણીની પ્રગતિ વિના કદી ધાર્મિક સમાજની સુધારણા થઇ નથી અને કદાપિ ભવિષ્યમાં થશે નહિ. ઇંગ્લાંડ, જર્મની વગેરે દેશના લોકો કેળવણીથી

વ્યવહારિકોન્નતિમાં કેટલા બધા આગળ વધ્યા છે તે ખાસ વિચારવાની જરૂર છે. વર્તમાન જમાનામાં ધાર્મિક કેળવણીની પ્રગતિ વિના સાધુઓની અને સાધ્વીઓની કદાપિ અસ્તિત્વ સંરક્ષકત્વ પ્રગતિ થવાની નથી. જ્ઞાન વિના મનુષ્ય અંધશ્રદ્ધાળુ રહે છે, જ્ઞાન વિના કદાપિ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનું સ્વરૂપ અવબોધાતું નથી. જ્ઞાન વિના સાધ્ય અને સાધક ભાવનું ભાન રહેતું નથી. જ્ઞાન વિના સ્વાતંત્ર્ય અને પારતંત્ર્ય એ બે માર્ગનું અનુકરણ થતું નથી. જ્ઞાન વિના સ્વપરનું કલ્યાણ કરી શકાતું નથી, જ્ઞાન વિના સ્વસ્વરૂપ અને પરસ્વરૂપનું ભાન થતું નથી. જ્ઞાન વિના ધાર્મિક કૃત્યો કેવી રીતે કરવાં અને ક્ષેત્રકાળાનુસારે કેવી રીતે વર્તવું તે ખાસ વિચારવા જેવું છે. જ્ઞાન વિના કર્તવ્ય અને અકર્તવ્યનું સ્વરૂપ અવબોધાતું નથી. જ્ઞાન વિના ગચ્છ સંઘાદિ સંરક્ષણાદિ કર્મયોગમાં આત્માની શુદ્ધિ રહેતી નથી. જ્ઞાન વિના રાગદ્વેષની પરિણતિનો નાશ થતો નથી. જ્ઞાન વિના કર્મયોગમાં સ્વફરજની નિષ્કામ ભાવના રહેતી નથી. જ્ઞાનની કેળવણી વિના દેશ, સમાજ, સંઘ અને વ્યક્તિની પ્રગતિ થવાની નથી. ગમે તેવા ઉપાયો વડે જ્ઞાનની કેળવણીની પ્રગતિ કર્યા વિના વિશ્વમાં—ધર્મમાં આગળ વધી શકાતું નથી. જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ અને રાજ્યોગાદિ અનેક યોગો વડે આત્માની મુક્તિ થાય છે, પરંતુ જ્ઞાન વિના કદાપિ મુક્તિ થવાની નથી; માટે જૈનાચાર્યોએ, ઉપાધ્યાયોએ, સાધુઓએ અને સાધ્વીઓએ જ્ઞાનની કેળવણી વધારવા સર્વ કરતાં પ્રથમ તેનું લક્ષ દઇ અનેક શક્તિયોનું સમર્પણ કરવું જોઇએ. જ્યારે ત્યારે કોઇની પણ જ્ઞાનથી ઉન્નતિ થઇ છે, થાય છે અને થશે. ભૂતકાળમાં સાધુઓની અને સાધ્વીઓની પ્રગતિ ખરેખર જ્ઞાનથી થઇ હતી વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે એમ નિશ્ચયતઃ અવબોધવું. જૈનાચાર્યોએ, ઉપાધ્યાયોએ, અને સાધુઓએ સર્વ સમર્પણ કરીને ધાર્મિક કેળવણીની પ્રગતિ કરવી જોઇએ. એમાં હજારો વિઘ્નો પડે તો પણ તેને જીતવાં જોઇએ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને તપની કેળવણી સાથે શારિરીક શક્તિને પણ ખીલવવાની જરૂર છે. "शरीरमाद्यं खलु धर्म साधनम्" ધર્મ સાધનભૂત આદ્ય શરીર છે. શારિરીક શક્તિ ખીલવવા માટે યુક્તાહાર વિહારથી સંરક્ષા કરવાની જરૂર છે. સાધુઓએ અને સાધ્વીઓએ દ્રવ્ય પ્રાણાયામ અને ભાવ પ્રાણાયમથી કાયિક તથા માનસિક તંદુરસ્તી જાળવવી જોઇએ. આહાર વિહાર અને આચારમાં નિયમિત રહેવાથી શારિરીક આરોગ્ય સંરક્ષાય છે. અને તેથી માનસિક, સાત્વિક અને આરોગ્યની પુષ્ટિ સાથે આત્માનંદમાં વિહરી શકાય છે. શારીરિક શક્તિ ખીલવીને તેનો ધર્માર્થે, પરોપકારાર્થે ઉપયોગ કરવાનો છે. શારીરિક વીર્યસંરક્ષા રૂપ બ્રહ્મચર્યની અનંતગણી કીંમત આંકીને શારીરિક વીર્યસંરક્ષા રૂપ બ્રહ્મચર્યનું પરિપૂર્ણ પાલન કરવું જોઇએ અને તેની સાથે ભાવબ્રહ્મચર્યના ગુણ ખીલવવા પ્રયત્ન કરવો જોઇએ. આગમોથી એવા શારીરિક વ્યાયામો વડે (ખમાસમણો) દેહ સંરક્ષા કરવાને લક્ષ્ય હોવાથી અને તે પ્રમાણે પ્રવર્તવાથી ચારિત્ર ગુણની સમ્યક્ આરાધના થાય છે. સાધુઓના અને સાધ્વીઓના શારીરિક આરોગ્ય માટે લક્ષ રહે એવી પ્રવૃત્તિ થવાની જરૂર છે. જેના શરીરનો બાંધો વીર્યાદિ સંરક્ષા વડે મજબુત નથી, તે ધાર્મિક કાર્યો કરવાને અશક્ત બને છે અને કદાપિ આરંભે છે તો પણ તે વચમાંથી પડતા મૂકે છે. પ્રોફેસર રામમૂર્તિ સેન્ડો વગેરેની પેઠે જે શારીરિક બળ ખીલેલું હોય છે, તો અભ્યાસ, ઉપદેશ, ચીંતવન વગેરે કાર્યો સારી રીતે કરી શકાય છે. જેના શરીરનું વીર્ય કદાપિ સ્ખલિત થતું નથી, તેનું મનોબળ ખીલેલ છે. અને તે જ્ઞાનાભ્યાસ વગેરેમાં શક્તિમાન્ થઇ શકે છે. આર્તધ્યાનાદિથી વિમુક્ત એવી મનોદશા થતાં ચિંતા, શોક વગેરેના આઘાતથી શારીરિક બળ ક્ષીણ થતું નથી અને આયુષ્ય વગેરે પ્રાણોની પણ સ્થિરતા રહે છે. આચાર્યોએ, સાધુઓએ અને સાધ્વીઓએ શારીરિક બળ ખીલવવાના જૈનાગમોથી અનુકુળ એવા ઉપાયો આદરવા જોઇએ. (અપૂર્ણ.)

સંશોધક—પરીખ નગીનદાસ મનસુખભાઇ (વીરેશ)

## ભાવનગરના સમાચાર.

મુનિ રામવિજયની તિવ્ર ઇચ્છાએ ભાવનગર પંદરેક વર્ષે જવાનો પ્રયત્ન કર્યો, જેનો પ્રત્યુત્તર શ્રી સંઘે યોગ્ય રીતે આપવા પ્રયત્ન સેવ્યો. માનભંગ અને મનાઇ હુકમ મળવા છતાં ભાવનગર જવું એવા આગ્રહને તેમના ભક્ત ભાઇ ધરમચંદ નરસીદાસે તથા વોરા ખાંતીલાલે ટેકો આપ્યો. ઉતારો ગોડીજી મહારાજના મંદીર સામેના અચળ ગચ્છના ઉપાશ્રયમાં અને બુદ્ધિચાતુર્યનું પ્રદર્શન દશા શ્રીમાળીના વંડામાં કરવા નક્કી થવાથી ત્રીશેથી વાતાવરણને આવરી શકાતું. ખ્યાતિ સાંભળેલી તેથી ઇચ્છાસા ખાતર માણસો જોયાં થતાં સામાન્ય ભાષણો કર્યાં પણ છેવટે વિદાયની આગલે પોત પ્રકાશમાં આવ્યું. ન છાજતા આક્ષેપો શ્રી સંઘ ઉપર અને યુવકો ઉપર થયા. દયાએલી કમાન તુરત છટકીને વિદાયગીરી વખતે કાળા વાવટા અને શેઇમ શેઇમના, પોકારો વચ્ચે રવાના થવાનો વખત આવ્યો જો કે તેમના સાગરીતોએ ગુંડાશાહી ચલાવી હતી પણ સત્યાગ્રહી યુવાનોએ છેક સુધી અહિંસક રહીને યોગ્યને યોગ્ય માન(!) આપ્યું. હવે રામવિજયજીને ખબર પડી હશે કે પોતે તેમ કરવા હવે કોઇ તૈયાર નથી. જેમ હું કહું તેમ કરવા હવે કોઇ તૈયાર નથી, ભાઇ છોટાલાલ નાનચંદે અંગત રામવિજયજીના સ્નેહી તરીકે ઉભી થતી મુશ્કેલીઓનો તોડ પોતાની બુદ્ધિદ્વારા દુર કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો હતો. પણ શ્રી રામવિજયજી કંઇ કોઇના કાબુમાં હતાં કે ગોઠવણ મુજબજ દરેક રીતે વર્તે. તેમણે વિદાયના ભાષણમાં તેને નહિ માનનારને, તેને આવવાની ના પાડનારને ને ઉતરવાની જગ્યા નહિ આપનાર માટે વિચિત્ર ઉદ્ગારો કાઢયા. જેના પરિણામે યુવાનોએ ઉપર મુજબ વિદાયગીરી આપી. ભાવનગરના સંઘના આગેવાનો ને શ્રદ્ધાળુ વર્ગ જે ધાર્મિક પ્રેમને લઇને ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવા મળશે એમ ધારી ભાગ લેતો હતો તેને પણ શ્રી રામવિજયજીની સાચી ઓળખાણ પડી મુંબઇ સમાચારના રીપોર્ટ ઉપરથી જનતા છેતરાય તેમ નથી.

## જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો:—

મુંબઇ જૈન યુવક સંઘ.
નાં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ,
મસ્જીદ બંદર રોડ, મુંબઇ નાં. ૩.

# જૈનત્વ.

જગતનું હૈયું, સારી આલમનું અંતર આજ જૈનત્વની સાચી ઝાંખી કરવા ઝંખી રહ્યું છે. શુદ્ધ વીરત્વનાં પરમ દૈવતભર્યા મહાવીરત્વનાં દર્શન કાજે આજ દુનિયા તલસે છે. પણ આજ આર્યાવર્તને આંગણે સાચા જૈનત્વના, મહાન્ વીર્યશાળી વીરત્વના દીદાર દેખાડનારની ખોટ પડી છે. ખુદ મહાવીરની જન્મભૂમિમાં, અને પ્રભુ વર્ધમાનના કહેવાતા અનુયાયીઓમાં જૈનત્વના ઝળકાટ જીવનનાં આજ સાંસાં પડયાં છે.

કોઇ કહે છે કે કીડી, મંકોડીને, સાંઢયા, બોકડા કે કુતરાની પાંજરાપોળોને પોષે તેજ જૈન; કોઇ કહે છે કે દેરે, ઉપાશ્રયે જાય ને પૂજા સામાયિક પ્રતિક્રમણ કરે તેજ જૈન; કોઇ કહે છે કે મુહપત્તિ મોઢા આડી રાખે કે બાંધે તેજ જૈન; કોઇ કહે છે કે રાત્રી ભોજન કરે નહીં, લીલોતરી ઓછી ખાય, કંદમૂળ આરોગે નહીં અને ઉનાં પાણી પીએ તેજ જૈન; કોઇ કહે છે કે દીક્ષા લે, લેવડાવે અને ધામધૂમ કરે તેજ જૈન; તો વળી કોઈ કહે છે કે ઓછામાં ઓછું પાણી ઢોળે, બહુ ન્હાય નહીં તે જૈન.

આમ જનતા જૈનોને વિવિધ પ્રકારે ઓળખી રહી છે જે રીતે જૈનો ઓળખાય તેજ રીતે જૈનત્વનો કસ નીકળે. કેટલાક પંડિતો બોલે છે કે જૈનો વીર ભગવાનના સેવકો સાચા પણ વીર્ય વિનાના. કેટલાક મહારાયોને હજી અહિંસાની સુગ ચઢે છે, અને તેમની પંડિતાઇ બોલે છે કે દેશની નિર્બળતા જૈનોના ધર્મનો પાલવ પકડીને આવી. આજ સુધી ગુજરાત નરમ ગણાતું અને એ નરમાશનો દોષ કળશ પણ જૈનત્વને માથેજ ઢોળાતો. કેટલાક પ્રતિહાસ પંડિતો ગુજરાતની નિર્બળતા અને પરાધીનતાનો દોષ કળશ કુમારપાળ સમ્રાટને માથે ઓઢાડી દેતા પણ અચકાતા નથી. આમ વર્તમાન આચારની આંકણીથી ભુતકાળને માપનારા જૈનત્વનું માપ ઉંધીજ રીતે કાઢે છે, અને દિશા ભૂલેલા એ પંડિતો સાચી શોધના સુકાન વિના ભ્રાંતિના વમળમાં ગોથાં ખાધાંજ કરે છે.

ત્યારે સાચું જૈનત્વ, શુદ્ધ વીરત્વ શામાં છે? ઇન્દ્ર જેવા અમરાધિપતિની ભોથને અવગણનાર, છતાં મગધરાજ શ્રેણિક જેવા કૈંક સત્તાધારીઓને નમાવનાર, બળપરીક્ષા કરવા આવનાર દેવમલ્લને મુઠ્ઠી મારી હંફાવનાર છતાં ભરવાડના ખીલા અને ચંડકૌશિકના ડંખ સહન કરનાર ભગવાન્ મહાવીરનું જીવન એજ સાચા જૈનત્વના મૂર્તિમંત એશ્વર્યનો અનુપમ આદર્શ.

સરળતા, સંયમ અને સેવાભક્તિને ઉપદેશતી, "વિલાસનાં વલખાં 'એટલે મરણ અને આહાદનો સંયમ એટલે જીવન" એવી જીવનબોધ વાણીથી દીપતી, શુદ્ધ શીલની જીવન સરણીથી શોભતી, માયા, માનિની અને માનથી અભડાતી, પૂજ્ય સદ્ગત પંજાબ કેસરી લાલાજી જેવા મહાન્ દેશભક્તને મુખે પણ જેનાં વિકાર દમનનાં ગાન ગવાયાં એવી, સંઘ અને સમાજને કલ્યાણને માર્ગે દોરતી ચારિત્ર્ય ચતુર સાધુતા એટલે જૈનત્વનો વંદનીય ત્યાગ આદર્શ.

જૈનત્વ એટલે કહ્યુત દશાની હાયવોય નહીં, જૈનત્વ એટલે વિલાસનાં વલખાંનો વળગાડ નહીં, કે હરામી શયતાનિયત નહીં.

ખોએલી સ્વરાજ લક્ષ્મીને પ્રાપ્ત કરાવનાર ચંપકશાહ, ગુજરાતના રાજ્યને સામ્રાજ્ય બનાવનાર વીર યોદ્ધા સજ્જન અને તેજપાળ, કલમ અને કાંડાના ખેલ ખેલનાર વિમળ, ઉદયન, મુંજાલ અને વસ્તુપાળ, દુકાળની હોળી વેળાએ એશિયાને અન્નદાન દઇ જીવતદાન દેનાર દાનવીર જગડુશાહ, મેવાડનો ઉદ્ધાર સાધનાર ભામાશાહ અને સૌરાષ્ટ્રની રણધારમાં પ્રસિદ્ધ થએલ એક વચની શરણુ દાતા મોતીચંદ એટલે જૈનત્વનું વીર્યશાળી ઉદાર શ્રાવકત્વ એજ જૈનત્વનો સાચો આદર્શ સંસાર.

સુભદ્રા, શ્રીદેવી, લીલાદેવી, અનુપમા, આલમચંદ શાહની પત્ની અને એવીજ અન્ય શ્રાવિકાઓનાં જીવન એજ જૈનત્વના આદર્શ સંસાર રથનું બીજું અદ્ભુત ચક્ર એજ જૈનત્વનું મહાન્ માતૃત્વ.

સમ્રાટ ચંદ્રગુપ્તના ગુરૂવર અને દક્ષિણ દેશમાં ધર્મ ભડવીર બનાવનાર અજોડ બનનાર શ્રીમાન્ ભદ્રબાહુ સ્વામી, ગુજરાતના સ્વરાજ પ્રેરક શીલ ગુણ સુરી, ઇતિહાસ અને વ્યાકરણના વિષયને એક સાથે ગુંથીને દ્વયાશ્રય જેવું અમર કાવ્ય આલેખનાર આજન્મ-બ્રહ્મચારી શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય, શ્રીમાન્ પાદલીપ્તાચાર્ય, શ્રી સિદ્ધસેન દિવાકર, સમ્રાટ અકબરને અહિંસાની દિશા દેખાડનાર હીરવિજય સુરી, ગુજરાતનો ઇતિહાસ આલેખનાર શ્રી મેરૂતુંગાચાર્ય, અને ટોડ સાહેબને રજપુતોનાં રાજસ્થાનનાં અમૃત પાનાર શ્રી જ્ઞાન વિજય એ જૈનત્વની વિદ્વાન્ સાધુ મૂર્તિઓ.

સમાજના સ્ત્રષ્ટા ગુણધર ઋષભદેવ, ભરત ચક્રવર્તી, ધર્મ સુધારક ભગવાન મહાવીરના પરમ સેવક મગધરાજ શ્રેણીક, કલાને વિકસાવનાર અને આર્યાવર્તને આંગણે કલા અને સ્થાપત્યના આંબા રોપનાર મગધરાજ અશોકસુત સંપ્રતિ, તેના પૂર્વજ પ્રથમ મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત, મહાસમ્રાટ ખારવેલ અને ગુજરાતના સામ્રાજ્યનો વિસ્તાર કરનાર શૂર ચક્રવર્તી કુમારપાળ શો જૈનત્વના રાજયોગી મહાન્ ઇતિહાસ અમર વિભૂતિઓ.

જેને જૈનત્વ જાણવું હોય તે અમર ઇતિહાસમાંથી એ અમર વિભૂતિઓનાં શ્રાવક, સાધુ ને રાજવીનાં જીવન જુએ, જાણે અને મૂલવે, જિજ્ઞાસુ બની એ વિભૂતિઓના જીવન ભાવાનો યાત્રિક બને.

શાસ્ત્રનાં ઉદાર દીલે સાચાં મંથન કરી, ઇતિહાસ અમર વિભૂતિઓનાં તેમજ ભગવાન્ મહાવીરના વીરત્વમાંથી જે જૈનત્વને શોધશે, તેને વૈજ્ઞાનિક, તેજસ્વિતા, તાત્વિક વ્યવહાર ત્યાગ અને ઓજસભરી ઉદારતાભર્યાં, જૈનત્વનાં સાચાં, શુદ્ધ અને વીર્યશાળી દર્શન સાંપડશે.

પોપટલાલ પું. શાહ.

## : : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ સાથે) રૂ. ૨-૦-૦

સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂ. ૧-૦-૦]

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચંદાવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

# લીંબડી અને વઢવાણમાં રામવિજયનું કાળા વાવટાથી સ્વાગત.

**સેવા કે આપખુદી?**–લીંબડીના સંઘનું બંધારણ બાર મહિના પહેલાં તદ્દન સુધારીને સંપૂર્ણ રીતે પ્રજાને જવાબદાર બનાવેલું. તે બંધારણને અવગણીને સંઘના આઠ શેઠિયાઓમાંથી કહેવાતા ચાર શેઠિયાઓએ શ્રી સંઘના નામે માત્ર આપખુદીથી મુનિ રામવિજયજીને નિમંત્રણ મોકલ્યું. જુવાનોએ સમસ્ત સંઘની સભા બોલાવી. શેઠિયાઓની આપખુદીને ત્યાં સાબીત કરી. દરમ્યાન એક ધાંધલ થવાથી સભા વિખેરી નાંખવી પડી. તે પછી માત્ર બે કલાકે તે ધાંધલને સુધારવાનું કહેણ લઈને જુવાનો શેઠિયાઓ પાસે ગયા. તેના જવાબમાં તેઓએ અત્યારે સંઘની સભા બોલાવવાની ના કહી અને વધુ મમત્વ બતાવી પોતાની આપખુદીનો પુરો ઉપયોગ કરી, સંઘના અગાઉના ઠરાવોનો ભંગ કરીને શેઠિયાઓ રામવિજયના સત્કારની તૈયારી કરી રહ્યા હતા. સમાધાની માટે બનતો પ્રયાસ કર્યો છતાં તેમાં નિષ્ફળતા મળવાથી જુવાનો પાછા ફર્યા.

**વિરોધી જાહેર સભા**–રાત્રે પાકે પાયે સાંભળવામાં આવ્યું કે સામૈયા માટે બેન્ડનો ઓર્ડર અપાઈ ગયો છે અને પોલીસની મદદ માગવામાં આવી છે. ખુદ ઠાકોર સાહેબને વચમાં પાડવાના પ્રયાસો પણ થયેલા પરંતુ રાજ્ય તટસ્થ રહ્યું છે.

જુવાનોએ દેરાસરના ચોકમાં, અમેરીકાથી પાછા ફરેલા અને તાજેતર જેલમાંથી છુટેલા શ્રી. ત્રીકમલાલ શાહના પ્રમુખપણા નીચે જાહેર સભા ભરી અને અશાન્તિના ઉપાસક આપખુદ શેઠિયાઓના સંઘની આજ્ઞાના ભંગ માટે જવાબ માગવાનો તેમજ મુનિ રામવિજયજીનો કાળા વાવટાથી સત્કાર કરવાનો ઠરાવ થયો.

**કાળા વાવટાનું સામૈયું**–સવારે બેન્ડ સાથેનું સામૈયું સ્ટેશન તરફથી આવ્યું. ટ્રામ સ્ટેશન પાસે શહેરના પ્રવેશ-દ્વારે એક કાળા વાવટાનું તોરણ લાગી ગયેલું હતું. સેંકડો પુરૂષો અને સ્ત્રીઓ કાળા વાવટા સાથે 'આપખુદી મુરદા બાદ–સેવાધર્મ ઝીન્દાબાદ'ના પોકારો કરતા બીન ચોકમાં ઉભા હતા. સામૈયું બીન ચોકમાં આવ્યું કે તુરત સામૈયાને મોખરે એક મોટો કાળો વાવટો અને 'રામ વિજયજીને આ સંઘનું આમંત્રણ કે સત્કાર નથી' તેવા લખાણવાળું મોટું કાળું બોર્ડ લઈને જુવાનોએ આગળ ચાલવા માંડયું. પાછળ આખા સામૈયામાં કાળા વાવટા ગોઠવાઈ ગયા હતા. જેમ સામૈયું આગળ ચાલ્યું તેમ આખું સામૈયું જાણે કાળા વાવટાવાળાઓનુંજ હોય તેવો દેખાવ થયો હતો.

બહેનોને મોખરે કાળો મોટો ઝંડો અને "બાળ દીક્ષાએ સમાજનો દ્રોહ છે' તેવા લખાણવાળું કાળું મોટું બોર્ડ બહેનોએ અધ્ધર રાખ્યું હતું અને બહેનો કે પુરૂષોમાંથી આખે રસ્તે એકજ અવાજ આવતો હતો કે 'આપખુદી' અને બાળદીક્ષા હવે નહિ ચાલે.' મોટી બજારમાં વાકેલા તરફથી ધજા પતાકા ચોડાયેલા હતા. ત્યાં પણ કાળા વાવટાના તોરણો અને દરેક ધજા ઉપર કાળો વાવટો લગાડી દેવામાં આવેલ. જાહેર સભામાં નક્કી થયા મુજબ ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા નિમિત્તે થોડા 'ભકતો' સિવાયના થોડાજ ભાઈઓ ગયેલા. જુવાનોએ ઉપાશ્રયના ચોકમાં જાહેર સભા ગોઠવી, અંદર પણ એટલો ગડગડાટ હતો કે મહારાજનું વ્યાખ્યાન પડી ભાંગેલું.

**વ્યાખ્યાનમાં ચર્ચા**–બપોરે વ્યાખ્યાન હતું. તેમાં જુવાનોની હાજરીથી ઉપાશ્રય ભરાઈ ગયો હતો. તેમાં માત્ર અડધા કલાકના વ્યાખ્યાન પછી મુનિશ્રી સાથે જુવાનોએ બાળદીક્ષા, કેળવણી, સમાજ અને ધર્મ વિગેરે આજના ચર્ચા સ્પદ વિષયો ઉપર છુટથી બે કલાક સુધી ચર્ચા કરી.

**વઢવાણનો વિરોધ**–રામવિજયજી જ્યારથી કાઠીયાવાડમાં આવ્યા ત્યારથી જે જે ગામોમાં તેમના પનોતાં પગલાં થયાં ત્યાં જૈન જનતામાં ભારે ખળભળાટ મચ્યો છે. ભાવનગર, લીંબડી વિગેરે શહેરોમાં કાળા વાવટાના સ્વાગત થયાં. કેટલીક જગ્યાએ તેમના ભકતોએ હાથચાલાકી પણ વાપરી હતી, છતાં જનતાના પુરને તેઓ રોકી શકયા નથી–ઉલટો તેથી તો વધારે જુસ્સો પ્રગટી નીકળ્યો છે અને તેમનું પોત જૈન અને જૈનેતર પ્રજામાં ઠીક ઠીક પ્રકાશમાં આવ્યું છે.

વઢવાણના જૈન સંઘે શેઠ જીવણજી બાપજીને મોઢે ચોખ્ખું જણાવ્યું હતું કે આ શહેરમાં જે શાન્તિ છે. તેમાં તમો શા માટે કલેશ ને કુસંપના બીજો વાવો છો? જો તમારે ધાર્મિક ક્રીયા કરી પૈસા ખરચવા હોય તો ખુસીથી ઓળીનું વ્રત કરાવો, પણ સમેલનો અને સોસાયટીઓને ના બોલાવો. છતાં આ શેઠ તથા રામટોળીએ માન્યું નહિં અને ઉલટી રીતે પોતાનો અડ્ડો કાઠીયાવાડમાં જમાવવા ખાસ મુંબઈથી ઝગડાભકત રામવિજયજીને બોલાવ્યા. તેમનો પ્રવેશ ચૈત્ર સુદી ૫ ના રોજે હતો. ત્યાંની પ્રજા રામવિજયજીના આગમનથી નારાજ થઈ અને ગામના જાહેર રસ્તા ઉપરની ભીંતો ઉપર "રામવિજયજી પાછા જાઓ" એવા વાકયો લખ્યા. આ વાતની રામભકતોને ખબર પડતાં ભાડુતી મોટરો માણસો તથા તેના ઉપર ફેરવવાના કુચડાઓ લઈને બહાર પડયા અને તેના ઉપર ફેરવ્યા. તેથી જાહેર જનતા વધારે ઉશ્કેરાઈ ને કાળા વાવટાનું સરઘસ કાઢવાનું નક્કી થયું ને બજારમાં પ્રચંડ સરઘસ રામવિજયના સામે નીકળ્યું તે જીવણ બાપજીના ડહેલાં સોગઠાં પાસે આવી શાન્ત રીતે ઉભું રહ્યું. ત્યાં "રામવિજય પાછા જાઓ" ના પોકારો કરી રહ્યા હતા એટલે રામટોળીએ હોહાહો શરૂ કરી અને બે ચોકીદારો આવ્યા તેમને પણ જવાની જગ્યા નજ મળી. ત્યારે હેઠે ઉતરી કાળા વાવટા ઝુંટાવી લેવાનો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ ગયો. તે ધક્કાધક્કીથી એક દશ બાર વરસનો જૈન છોકરો બેભાન થઈ ગયો અને કેટલાકને વાગ્યું. તેટલામાં આ મોટા રસ્તેથી વરઘોડો નહિ જતાં નાની ગલીમાં લઈ ગયા. તેથી કાળા વાવટાનું સરઘસ મોટી બજારમાં આવી ચોગઠા, પાટીયાં, પિંજરા, આદિને ઉતારી મસીદ પાસે આવી પહોંચ્યું અને રસ્તામાંજ બેઠું. તેટલામાં વરઘોડો આવ્યો.

જે ભાઈઓને માર પડેલો તેને માટે લોક ઘણુંજ ઉશ્કેરાઈ ગયેલું તેથી જ્યાં સુધી માફી માંગવામાં ન આવે ત્યાં સુધી સામૈયાને આગળ વધવાનું મુશ્કેલ થઈ પડયું. રામટોળીએ દરબારમાં, પોલીસ ખાતામાં, બહુ દોડાદોડી કરી છતાં કંઈ થયું નહિ. લગભગ દોઢેક કલાક થયો. રક્ષણ માટે રાખેલ પોલીસ જેની સંખ્યા મોટી હતી તેણે રામવિજયજીની આગળ પાછળ કોરડન કરી લીધું. છેવટે બે આગેવાન ટોકરશીઓએ માફી માંગી ત્યારે રસ્તો છુટો થયો ને રામવિજય ચુપચુપ ઉપાસરામાં પેસી ગયા.

દેશભકત ભગતસીંગજીને ફાંસી દીધાના સમાચાર અહીં બપોરના બે વાગે આવ્યા જેથી ટપોટપ દુકાનો બંધ થઈ પણ રામભકતોએ પોતાની દુકાનો ખુલ્લી રાખી દેશદ્રોહી બન્યા અને તેજ દીવસે સાંજરે રામભકતોએ ભડાકા ઉરાડયા કહેવાય છે.

હજુ પંદર દીવસમાં શું શું બનાવો બનશે તેની કંઈ પણ કલ્પના આવતી નથી જો કે હવે એમ સંભળાય છે કે સંમેલનો અને અધિવેશનો બંધ રહેશે. તે વાત જો સાચી હોય તો વઢવાણમાં શાંતી પથરાશે નહિતર અધિવેશનો વખતે કયા કયા બનાવો બનશે તેનુ અનુમાન પણ થઈ શકતું નથી કારણ કે એમ સંભળાય છે કે એકાદ બે રામભકતોએ વઢવાણના રાજ્ય નેતાઓને અમુક જાતની ધમકીઓ આપવાથી તેના પરીણામો શું આવશે તે કોઈ સમજી શકતું નથી. —લેખક.

# રામવિજયને—

## વઢવાણનું વાતાવરણ.

વઢવાણમાં જ્યારથી શાહ જીવણલાલ અભેચંદભાઈના આમંત્રણથી નવપદજી આરાધક સમાજ, દેશ વિરતિ આરાધક સમાજ અને યંગમેન જૈન સોસાયટી ભરવાનું નક્કી કર્યું ત્યારથી વઢવાણમાં તેની વાસ્તવિકતાના વિષે અનેક જાતના સૂરો સંભળાય છે. વઢવાણમાં દેરાવાસી વીસા શ્રીમાળીની જ્ઞાતિમાં બે તડા છે તે જગ જાહેર વાત છે. આ આમંત્રણ થયું ત્યારથી એક યા બીજી રીતે બન્ને પાર્ટી દેખાવમાં એક લાગે છે છતાં અંદરથી એક બીજાનાં અંતર જુદાં દેખાય છે. છતાં મોટો પક્ષ શ્રીમંત હોવાના કારણે સંમેલન અંગેની તમામ સામગ્રીઓ સ્ટેટ અને બહાર ગામથી લાવવામાં આવેલ છે. અહીં આયંબિલના રોટલા પણ અમદાવાદથી બોલાવવામાં આવેલ છે. અને ખોટા તેમ અતિશયોક્તિવાળી અનેક જાતની ગપો ઉડાડવામાં અમુક માણસો ભારે વખણાય છે. શાસન પ્રેમીનો ડોળ કરતાં અમુક સભ્યોનો આચાર વિચાર તપાસવામાં આવે તો બે પગે ચાલનાર સમજી શકે તેમ છે કે તેઓને જૈન કહેવા કે કેમ તે શંકાસ્પદ છે.

**સો ચુંવા મારકે બીલ્લી હજ પઢનેકુ ચલી**

લીંબડીથી હદપાર થયેલા મી.........ને આજકાલ સૌ કોઇ તેમના પરાક્રમથી જાણતું હશે એ ભાઈ ઉપર કેટલીય વાર ફોજદારી ગુન્હાઓ મંડાયેલા છે. અને કેટલાયે ક્રીમનલ એક્ટ લાગુ પડેલ છે. એવા ભાઇ સંઘના અને શાસન પ્રેમીના નામે આગેવાન તરીકે ભાગ ભજવે છે. તેમની એકજ કાર્ય પ્રણાલી છે એટલા માટે ધર્મને નામે શ્રીમંતાઇની ઓળખાણ કરવી, એ એમનો મૂળ હેતુ હોય તેમ જણાય છે અને આ હેતુ પાર લાવવા માટે "યેન કેન પ્રકારેન" પ્રયત્નશીલ રહે છે. પછી ભલેને અનેક સિદ્ધાન્તોનો ભંગ થતો હોય, ભલે ખોટું બોલવું પડે, ભલે દંભ કરવો પડે કે સંઘના નામે પોલ ચલાવવી પડે, પણ આજનો યુવાન પક્ષ તેમને આડો આવ્યો, અને સંઘ મહિના કેટલાક ભાઇઓની સહીથી પત્રિકા બહાર પાડવામાં આવી કે જેથી આખી સમાજ જાણે છે કે વઢવાણમાં સંઘને નામે ચાલતી આ ધમાલ ખોટી છે.

**યંગમેન જૈન સોસાયટીના દંભ.**

પત્રોદ્વારા ચોકખી વિગતો બહાર પાડવા છતાં પોતાના મૂળ પત્રમાં હજુ સંઘને નામે પોલ ચલાવે જાય છે. આ આપખુદી નહિ તો બીજું શું? પોતાનામાં જવાબ દેવાની તેવડ ન હોવાને કારણે જેમ આવે તેમ ફેંક્યા રાખે છે અને પોતાની ટાંગ ઉંચી રાખવા પ્રયત્ન કરે છે. પરંતુ આ કાર્યમાં વઢવાણના સંઘનો બીલકુલ સાથ નથી એમ પૂર્ણ રીતે જણાઇ આવે છે છતાં સોસાયટી પત્ર લખે છે (તારીખ ૧૯-૩-૩૧) કે વઢવાણના સંઘને મદદ કરવા સોસાયટી દેશ-વિરતી આરાધક સમાજની ઓફીસ લાવવામાં આવી છે. આ વાત તદ્દન ગલત છે. મહેમાનો આવવા શરૂ થઇ ગયા છે. ઘરના બનેલા કાર્યવાહકો ધ્રાંગધ્રા અને ભાવનગરની મોટરોમાં મ્હાલી રહ્યા છે. રામવિજયના ઉપાસકો ચારિત્ર અને ધર્મને મહાન અગત્ય આપે છે છતાં તેમનાજ ચુસ્ત અનુયાયીઓમાંના કેટલાક વર્તનનું કેવું ખંડન કરે છે તેના નમુના શાસનના પ્રભાવિક કાર્યો માટે કદાચ મારપીટની ધમકીઓ દેવી, જુઠું બોલવું, ભાગનફાડ કરવી, ખંડન મંડન કરવું તે તેમનો સહજ ધર્મ છે. એમ સોસાયટીના કેટલાક સભ્યોના બોલો થાય છે. જ્યારે શાન્તિ અને સભ્યતા લોપીએ તેના બદલે તેમના ગુરૂએ ઉપદેશેલા સિધ્ધાન્ત જુદાજ જણાય છે. આ રામવિજયના પગલાનો આસ્વાદ છે.

થોડા વખત પહેલાં કિરચંદ કોઠારીએ લખેલ કાગળનો જવાબ હજુ શાન્તિભાઈએ આપેલ નથી, શું આપે? શાન્તિલાલ પોતે બિચારા "અબધો પ્રભુ સહાય દે તો હોની હોસો હોય" એમ રાત્રિ દિવસ પ્રાર્થના કરે છે.

વઢવાણના ઠાકોર સાહેબે જૈન કોમને ભારે સગવડ આપી છે. વઢવાણની જાહેર જનતા પણ આથી આશા રાખે છે કે સ્ટેટ પ્રજાને પણ હવે જોઇતી બધી સગવડ આપશે.

સોસાયટીના સભ્યો હજુ આવ્યા નથી. સોસાયટીમાં બંધારણ છે કે કેમ તે શંકાસ્પદ છે. અત્યારે દુનિયામાં આટલી સમાજો અને સોસાયટીઓ છે. તેના સંમેલનો ભરાય છે. ત્યારે મહિના બે મહિના અગાઉ જે જગ્યાએ આમંત્રણ આપેલ હોય તેની સ્વાગત સમિતિ નિમાય બાદ સ્વાગત અને કાર્યવાહક સમિતિ ભેગી થઇ બધું કાર્ય કરે આતો એક ગૃહસ્થનું આમંત્રણ એટલે સ્વાગત સમિતિ શાની નિમાય! મુખ્ય મંત્રી કોણ છે એ પણ સમજાતું નથી. તેમ જાણતા પણ નથી, સોસાયટીનો એક સભ્ય પણ કાર્ય માટે ફરિયાદ કરે છે કે આ કોણ? ક્યાંથી અને કેવી રીતે ચુંટાયા? તેની ખબરજ પડતી નથી. આજ રાત્રે છેલ્લા સમાચાર મળે છે કે બહાર ગામમાં સોસાયટીની પોલ ન જણાય માટે ચુપચુપ ઠીક લાગે તેવી સ્વાગત સમિતિ રચવી, એમ નક્કી કર્યું જણાય છે, એતો ભાઇ પોલંપોલ!!! સમાજની વીરૂદ્ધ પડી કાર્ય કરવાની શા માટે ઇચ્છા થતી હશે? શા માટે સમાજ આ ચાલવા નથી દેતું? તે જાણવા છતાં મોટા ઉપાડે આ કામ ઉપાડતા હશે શા માટે મીયાં પડયા તો ખરા પણ ટાંગ ઉંચી રાખતા હશે? ટાંગ ઉંચી રાખે શું ફાયદો હશે? હા એતો સ્વાર્થ ભાઇ, પારકાને મુંડવાના, ઘરના નહિ મુંડવાના શું સમજ્યા? ધ્યાન રાખજો તમને પણ ન મુંડી જાય. વઢવાણના આંગણે મહેમાનોનું ટોળું ઉતરવા સંભવ છે કેટલાક હરખથી, કેટલાક ભાવનાથી અને કેટલાક દબાણથી પણ આવે છે. એક તો વઢવાણમાં ધંધો ઉદ્યોગ નથી ઉપરાંત વઢવાણમાં શાંતિભાઇ આટલું કામ કરવા છતાં વઢવાણના એક પણ ભાઇને કમાણી થાય એવું લાગતું નથી, ગામને આંગણે મહેમાનો ઉતરી પડશે. આવા બેકારીના સમયમાં વઢવાણને પાંચ સાત હજારનું ખર્ચ પડશે. તેમ વઢવાણમાં રામવિજયનું વિરોધનું વાતાવરણ છે. પણ કાર્યવાહકો રાષ્ટ્રીય ચળવળમાં જોડાયેલા હોઇ આ કાર્યમાં તેઓનું ધ્યાન ઓછું છે. છતાં આગે આગે શું થાય છે તે દેખાશે, વાતાવરણ સખ્ત ગરમ છે તેને ઠંડું પાડવું કે વધુ ગરમ કરવું તે રામવિજયની ઇચ્છા ઉપર છે.

વઢવાણવાસી.

આ 'વધારો' અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ચાચા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચઢાઇવાળા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૩ મો. | સંવત ૧૯૮૭ ના ચૈત્ર સુદી ૧૧. તા૦ ૩૦-૩-૩૧ | છુટક નકલ : ૦॥ આનો.

## સમાજનો સંક્રાન્તિ-સમય

### જૈનત્વને કલંક.

સમાજના ભિન્ન ભિન્ન અંગોમાંથી જ્યારે અજ્ઞાનને વશ થઈને, વિવેક દૃષ્ટિ ભૂલી જઈને સ્વજનોના મંતવ્યો સાંભળવાની તે પ્રત્યે સહિષ્ણુતા દાખવવાની કે તેને પ્રમાણિકપણે ન્યાય આપવાની વૃત્તિ ઉડી જાય છે, અમુક વ્યક્તિઓ ઉપરની અંધ શ્રદ્ધાથી પ્રેરાઈને વાત વાતમાં ભાઈ-ભાઈઓ વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે, પતિ-પત્ની વચ્ચે, અને મિત્ર-મિત્ર વચ્ચે વાક્કલહ જામે છે, દુશ્મનાવટ ઉભી થાય છે, સાચા સ્વામી વાત્સલ્યનો લોપ થાય છે અને એક બીજાને અપનાવવાને બદલે મીટાવવાની ભાવના જાગૃત થાય છે, ત્યારે પુષ્પ-પાંખડીને પણ નહિ દુભવવાની જીનવરની આજ્ઞાને શિરસાવંદ્ય ગણનારા જૈનોનું જૈનત્વ કલંકિત બને છે, અને એ સ્થિતિ સમાજને બહુ અનિષ્ટ ફળદાયી અને અવનતિના પન્થે લઈ જનારી નિવડે છે. યુરપ-અમેરિકા જેવા સુધરેલા કર્મ-પ્રધાન દેશોમાં જુદા જુદા સંપ્રદાયોને અનુસરનારા અનેક કુટુમ્બીઓ તેમજ વ્યક્તિઓ એકજ ગૃહમાં વસી શકે છે, શાંતિપૂર્વક સાથે રહી અરસપરસ એખલાસ જાળવી શકે છે-આ તેમની સહિષ્ણુતા અને બુદ્ધિનું ઠરેલપણું સૂચવે છે. આપણે ત્યાં ઉચ્ચતમ વીર ધર્મના અનુયાયીઓમાં જૈનત્વને યથાર્થરૂપે જાણવાનો-અનુસરવાનો દાવો કરનારાઓમાં વિચારોનીજ ભિન્નતા, વિરોધ અને દુશ્મનાવટની દિવાલ ખડી કરે છે અને આવી બન્ને વ્યક્તિઓ સ્વપરને અને સમાજને નિરૂપયોગી નિવડે છે.

### સમાજ હિતચિંતકનું કર્તવ્ય.

આવી સ્થિતિ ઉત્પન્ન થવા ન પામે એ સમાજના દરેક હિત ચિંતકનું પરમ કર્તવ્ય છે. સમાજમાં વિરોધી પક્ષ ઉભો કરનાર સમાજનો દ્રોહી છે, અને ભવિષ્યની પ્રજાના શ્રાપ વ્હોરનાર છે. સમાજના હિતેચ્છુઓની એ સ્પષ્ટ ફરજ છે કે પોતાનાથી અજાણપણે, આકસ્મિક રીતે સમાજમાં પક્ષાપક્ષી ઉદ્ભવી હોય તો તેને પોતાના બનતા પ્રયત્ને મીટાવવી, અને સમાજના અંગભૂત અને રક્ષક હોવાનો પોતાનો દાવો સિદ્ધ કરવો. તે સ્થિતિને અજાણપણે પણ ઉત્પન્ન થવા દેવામાં પોતાનો જરાપણ હિસ્સો હોય, તો તે ભૂલ કબુલ કરી, તેને માટે પશ્ચાત્તાપ કરવો, ફરીથી એ ન બનવા પામે તે માટે જાગૃત રહેવું, પરંતુ કોઈપણ સંજોગોમાં તેને હરગીજ નિભાવવું કે પોષણ આપવું નજ જોઈએ.

### સાધુ જીવનની શ્રેષ્ઠતા.

શ્રી. મહાવીર દેવે પ્રરૂપેલો સાધુ ધર્મ અતિ ઉચ્ચ કોટીનો છે. જ્યારે અન્ય સંપ્રદાયોમાં અહિંસા, તપ, અને ત્યાગ વૈરાગ્યની ભાવનાઓ તે ધર્મના નેતાઓ અને ઉપદેશકોમાં અમુક અંશે જોવામાં આવે છે, અથવા ઘણી વખત વિચારમાંથી આચારમાં પરિણમેલી હોતી નથી, ત્યારે જૈન સંપ્રદાયમાં એ બાબતો પૂર્ણતાની પરા કાષ્ઠાએ પહોંચેલી હોય છે. જૈન સાધુનું ઉચ્ચ, આદર્શમય, પરોપકારી જીવન, સમ્યક્ચારિત્ર્ય, જ્ઞાન અને ક્રિયાનો સમન્વય તેમાં એવાં સુંદર રીતે સંકળાયેલાં હોય છે કે અન્ય કોઈ સંપ્રદાયના મહાશયને પણ તેની સમક્ષ મસ્તક ઝુકાવવુંજ પડે. આવા જીવનની નિર્લેપતા, અહર્નિશ પાળવામાં આવતી ઝીણવટભરી ધાર્મિક ક્રિયાઓ, નીતિરીતિ રહેણી કરણી, અને આહાર વિહારના સૂક્ષ્મ નિયમો એટલા ઉન્નત પ્રકારના યોજાયેલાં છે કે જૈનેતર આલમને પણ આનંદાશ્ચર્ય થયા વિના નજ રહે.

### યુગપ્રભાવ અને વિકૃતિ.

પરંતુ સમય સ્થિર નથી-તેનો પ્રવાહ સતત વહ્યાંજ કરે છે. તેમાં આપણે મને કે કમને ખેંચાવુંજ પડે છે. તેની અસર સમાજ, રાજ્ય અને ધર્મ ઉપર થાય છે. તરૂણ કે વૃદ્ધ, સ્ત્રી કે પુરૂષ, ગરીબ કે તવંગર, ત્યાગી કે સંસારી એની સત્તાના પ્રભાવથી મુક્ત નથી. જંગલમાં રહેનાર ત્યાગી ઉપર પણ યુગનો પ્રભાવ પડે છે, તેનાથી એ અલિપ્ત રહી શકતોજ નથી, તો અમુક શહેરોમાં અને સ્થાનકોમાં વિચરનાર જગતના મુનિવર્ગમાં પણ જગતની સામાજીક અને ધાર્મિક અન્ય સંસ્થાઓની પેઠે વિકૃતિ પેસે એમાં કાંઈ આશ્ચર્ય નથી. અમુક ચોક્કસ સંસ્થામાં વિકૃતિ પેસી શકતી નથી કે પેઠી નથી એમ કહેવું એ મિથ્યા પ્રલાપ છે. છતાં જ્યાં સુધી તેમાં સત્ય અને અહિંસાનું નિશાન હોય ત્યાં સુધી હરકત આવતી નથી. પણ જ્યારે એ નિશાન ચૂકી જવાય છે, અને તેને બદલે કદાગ્રહ અને મમત્વનું અવલમ્બન લેવાય છે, ત્યારે આત્મીયતા ચૂકી જવાય છે, અને ફળને મૂકીને ફોતરાને વળગવાનું બને છે.

હરિલાલ શાહ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# અહિંસાનો દિગ્વિજય.

હિંસા અને અહિંસા વચ્ચે અનાદિકાળથી યુદ્ધ ચાલી રહ્યું છે. કોઈ સમયે હિંસા જય મેળવે તો કોઈ સમયે અહિંસા જય પ્રાપ્ત કરે. પણ છેવટની–કાયમની વિજય-માળા તો અહિંસાનેજ પહેરાવાય.

હિંસામાં હંમેશા ડર છે, ડરથી નાહિંમતપણું આવે છે અને નાહિંમતથી અંતે તો પરાજય પમાય છે; ત્યારે અહિંસાથી નિડરતા પ્રાપ્ત થાય છે, નિડરતાથી હિંમત આવે છે અને હિંમતથી હંમેશા વિજય થાય છે. હિંસક અહિંસકની ભલે દયા ન રાખે, પણ અહિંસક તો હિંસક પ્રત્યે પણ દયા ચિંતવે.

જગતમાં મારતાં બધાંને આવડે છે પણ મરી જાણતાં થોડાનેજ આવડે છે. બાયલા, બીકણ કે બીરૂ હિંસાના માર્ગ તરફ દોરાય છે. શુરાઓજ અહિંસાનો માર્ગ સ્વીકારે છે.

ભારત માતાના પનોતા પુત્ર મહાત્મા ગાંધીજીએ અત્યારે દેશની આઝાદી અર્થે અહિંસાનું અનુપમ દિવ્ય હથિયાર યોજ્યું છે, અને આખા જગતને 'અહિંસા'ની ખરી કીમત દેખાડી આપી છે. "અહિંસા પરમો ધર્મ:" માનનારા હાલના જૈનોને પણ આ ધર્મ ગુરૂમાંથી ઘણું જાણવાનું અને શીખવાનું મળ્યું છે. 'અહિંસા'ની અલૌકિક શક્તિનું સાચું ભાન જૈનેતર ગણાતા મહાત્માજીએ જૈન જૈનેતર સર્વને પ્રત્યક્ષ કરાવ્યું છે. 'અહિંસા'નો દિગ્વિજય થયો છે. જૈનોએ તો આ "અહિંસાના દિગ્વિજય"ને અપનાવવો ઘટે છે. અહિંસાના અઠંગ પુજારી પૂજ્ય મહાત્માજીનો સમસ્ત જૈન સમાજે સત્કાર કરવો ઘટે છે. 'અહિંસા'નો દિગ્વિજય જે મહાત્માને હાથે થયો તેને માટે જૈન બંધુઓએ એક કીર્તિસ્થંભ ઉભો કરવો ઘટે છે. સમસ્ત જૈન સમુદાયે તેમને અહિંસા–આચાર્યની પદ્દી આપવી જોઇએ છીએ.

મહાત્માજીને 'અહિંસા'નો પ્રથમ પાઠ આપનાર શ્રીમદ્ રાજચંદ્ર એક જૈન તત્વજ્ઞાની હતા. તેને એક સંત પુરૂષ તરીકે અત્યારે પણ મહાત્માજી યાદ કર્યાં કરે છે.

ખાદી અહિંસાની નીશાની છે. મીલોના કાપડ કરતાંયે ખાદી ચડે કારણ કે તેથી અહિંસા સારી રીતે પળાય છે. વળી સત્ય અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ સુક્ષ્મ રીતે પાળનાર મહાત્માજી પાસેથી જૈન સાધુઓને પણ ઘણું શિખવાનું છે. મહાત્માજીમાં નિર્મળ સાધુતાજ દેખાય છે.

આ અહિંસાના વિજયકાળ વખતે જૈનોમાં પક્ષાપક્ષી, કલહ કંકાસ, વેરઝેર ન શોભે અનેકાંતવાદીઓ એકાંતવાદના વાદવિવાદ કરવામાં વખત ન ગુમાવે તેઓ તો અત્યારે જૈન સમાજમાં સંગઠનની યોજનાઓ ઘડે અને અમલમાં મુકે, જ્ઞાતિઓ, અને પેટા જ્ઞાતિઓ, ગચ્છ ભેદો અને વાડાઓની દીવાલો તોડી જૈન સમાજ સંઘટિત કરવા પ્રયત્નો સેવે અત્યારે દેશ વિરતિ કે સર્વ વિરતિને નામે ઝઘડાઓ ઉભા ન કરાય. રાષ્ટ્રને અહિંસા ધર્મ પાળનારી જૈન સમાજની મદદની હજી ઘણી જરૂર છે. જૈન યુવકો જાગો, અહિંસાનો સર્વત્ર પ્રચાર કરો. સ્યાદ્વાદ જીવનમાં ઉતારો અહિંસા અને સત્યને વળગી રહી સંપનું સામ્રાજ્ય સ્થાપો. કલેશ કરાવનારાઓને પણ મીઠી સાપેક્ષ વાણીથી સમજાવો. અને જરૂર શ્રદ્ધા રાખો કે અહિંસાનું ફળ અમૂલ્ય છે અમોઘ છે.

## રાધનપુર દસા શ્રીમાળી સમાજનો ખુલાસો.

જૈન પત્રના તા૦ ૮-૩-૩૧ ના અંકમાં "રાધનપુરીનો ખુલાસો" એ હેડીંગ નીચે જે બીના આવેલી છે તે તદન બીન પાયાદાર અને ઉપજાવી કાઢેલી હોવા સાથે સત્યથી વેગળી છે તેટલુંજ નહીં પણ અમારા સમાજને ઉતારી પાડવા માટે કોઇ વીઘ્ન સંતોષીએ તે પેપરોમાં મોકલાવેલ એ સંભવીત છે જેથી બીજાઓમાં ગેરસમજ ઉત્પન્ન ન થાય તે ખાતર નીચેનો ખુલાસો આપ આપના પત્રમાં આપવા મહેરબાની કરશોજી.

આપના પેપરમાં "અમારા સાથે કન્યા વ્યવહાર ખુલ્લો થાય તો સાતસો ઘરોમાંથી સાડાત્રસો ઘરો વીરૂદ્ધ હતા તેથી નગરશેઠે અમારી અરજ નામંજુર કરેલ છે" તેવા સમાચાર છે તે તદન ખોટા છે બલકે અમોએ વીસા શ્રીમાળી સમાજને પોશ માસમાં અમારા સમાજ સાથે બેટી વ્યવહાર, ખુલ્લો કરી આપવા અરજ કરેલ જે ઉપરથી તે સમાજની જુદા જુદા વખતે ચાર બેઠકો મેળવી અંતમાં મહા વદી ૯ ની બેઠકમાં અમારા સમાજ સાથેનો બેટી વ્યવહાર ખુલ્લો કરવાનો વીસા શ્રીમાળી સમાજે ઠરાવ કરેલ છે જે આપના પેપરમાં "બેટી વ્યવહારની વીશાળતા"ના હેડીંગ નીચે પ્રસીદ્ધ થઇ ગએલ છે અને તે અનવયે સમપણ કરીને પણ ઠરાવ અમલમાં મુકાએલ છે. તેટલુંજ નહીં પણ સાડાત્રસો ઘર વીરૂધ્ધ પડવાની વાત તદન ઉપજાવી કાઢેલી છે બલકે અત્રેના બધા આગેવાનો સાથે પબ્લીકે મળીને અમારી બાબતનો મહા વદી ૯ નો ઠરાવ સર્વાનુમતે કરે છે.

નગર શેઠે અમારી અરજ નામંજુર કર્યાની વાત તો તદન જુઠી છે કારણ કે જો તેમ હોય તો કાંતો અમારી અરજી અમોને પાછી મળવી જોઇએ અગર નામંજુર કરેલ બાબતના લેખીત વા મૌખીક ખબર મળવા જોઇએ જે હજુ સુધી પણ અમોને મળેલ નથી તેટલુંજ નહિ પણ અમારી અરજી નામંજુર થએલ છે તેવું રાધનપુરમાં પણ કોઇ જાણતું નથી બલકે ઉપર મુજબ થએલ ઠરાવનો અમલ પણ થઇ ગએલ છે.

વળી આપના પેપરમાં "જે કોઇ વીસા શ્રીમાળી દશા શ્રીમાળીની ન્યાત સાથે કન્યાની લેવડદેવડ કરશે તેના ઘર સાથે કન્યા વ્યવહાર બંધ કરવાનો ઠરાવ કર્યાનું જણાવ્યો છે તો તે ઠરાવ વીસા શ્રીમાળી સમાજે તો કરેલોજ નથી પણ કદાચ વ્યક્તીગત અમુક માણસોએ કરેલો હોય તો તે ઠરાવ સમાજનો ગણી શકાય નહિ. લી૦,

**મસાલીયા શીવલાલ નીહાલચંદ** સહી દઃ પોતે
**ભુદરદાસ લવજી** સહી દઃ **ચીમનલાલ.**
**શા. નરોતમ રીખવચંદ** સહી દઃ પોતે.
**શા. મનસુખલાલ નીહાલચંદ** સહી દઃ **મણીલાલ.**
**વકીલ ચુનીલાલ મેઘજી** સહી દઃ પોતે.

દશા શ્રીમાળી સમાજના આગેવાનો.

# સામાયિક સુપરણ : યુવક પરિષદ્.

જૈન યુવાનો! આપણી સમાજમાં યુવક સંગઠનના અભાવે સમાજમાં ઉન્નતિના કાર્યમાં અનેક અડચણો નડે છે. એ તમે પણ કબુલ કરો છો. અને યુવક સંગઠનનો સ્વીકાર કરો છો અને જેઓ વિચાર કરે છે તેઓ સમજે કે યુવક સંગઠન થશે તો વ્યક્તિગત સ્વતંત્રતા સિધ્ધ કરી શકાશે. સમાજને કોરી ખાનાર કુરિવાજો દફનાવી શકાશે. આર્થિક સ્થિતિ સુધારવા મહેનત કરી શકાશે. સમાજમાં સ્ત્રીઓની થતી અધોગતિનો વિચાર કરી શકાશે. શારીરિક, માનસિક અને આર્થિક દુર્દશા સુધારી શકાશે, કેળવણીની ધગશ ઉત્પન્ન કરી શકાશે, ધાર્મિક અને સામાજીક વહીવટો ચોખ્ખા કરાવવાની હામ ભીડી શકાશે, સમાજને પીલી રહેલા જ્ઞાતિવાદીના આપખુદ અમલમાં સુધારા કરી શકાશે. સંઘના એક હથ્થુ બંધારણોમાં લોક તંત્રના બંધારણો કરાવી શકાશે. સિંહના ચામડામાં ફરતાં શિયાળીયાઓને ખુલ્લાં પાડી શકાશે. પ્રભુના શાસનને છીન્ન ભીન્ન કરવાના કોડ સેવનાર કુલાંગારોની બુદ્ધિ ઠેકાણે લાવી શકાશે. વિગેરે સામાજીક ઉન્નતિના કાર્યો કરવામાં અને સમાજની અધોગતિ કર્તા તત્વોથી ભોળી પ્રજાને બચાવવા યુવક સંગઠન સિવાય બીજો રસ્તો નથી. યુવાનો તમે વિચારક છો-વિચારી શકો છો, એટલે બધાનું શબ્દ ગુંથન કરી તમારી આગળ પ્રદર્શિત કરવાનું અમે આવશ્યક નથી માનતા, છતાં જે ટુંકા ને ટચ મુદ્દા તમારી આગળ રજુ કર્યા છે ને દરેક યુવક વિચારે અને યુવક સંગઠન માટે કમર કસે.

આપણી શક્તિનો ઉપયોગ વ્યવસ્થિત રીતે ન થતાં છુટી છવાઇ ખરચાઇ જાય તો આપણે આપણી સમાજની ઉન્નતિ અંગે જે અભિલાષાઓ સેવીએ છીએ તે અભિલાષાઓ બર આવવી મુશ્કેલ છે. પરંતુ વ્યવસ્થિત એકઠા થઇને સમાજ ઉન્નતિનું કંઇ પણ કાર્ય ઉપાડશું તો જરૂર ફતેહમંદ થશું. સંગઠનથી ઐક્ય અને સામ્યભાવ સાધી શકશે. તેમ એકબીજાના વિચારોની આપ લે કરીને પ્રગતીનો પંથ એકબીજાની મદદથી જલદી કાપી શકાશે. એટલે સમસ્ત ભારતના જૈન યુવાનોને એકત્ર કરી સંગઠનના વિચારો કરવાની ખાસ જરૂર છે.

યુવક સંગઠન માટે ઉનાળાની રજાઓમાં જૈન યુવક પરિષદ ભરવાની જરૂર છે. હાલ માટે તેનું ક્ષેત્ર ગુજરાત અને મહાગુજરાત રાખવું ઉચીત છે. તેમ ખાબોચીઆઓથી બચવા માટે યુવક સંઘે સુચવેલ ઉદ્દેશ અને કાર્યક્ષેત્ર ધ્યાનમાં રાખીને તદ્દન સાદાઇથી ભરવામાં આવે તો મુશ્કેલી કે ખર્ચની લગારે અગવડ આવે નહિ ને ભવિષ્યમાં કોઇ પણ ગામ કે શહેર આમંત્રણ કરતાં અચકાય નહિ. આપણે તો કામથી કામ છે. એટલે આપણું કામ સમાજ ઉન્નતિ અંગે સારૂ અને સેવા ભાવી હશે તો એની મેળે એ સમાજ ટેકો આપશે. પરંતુ જેને ભોળી જનતાને ભોળવી ખોટા રસ્તે લઇ જવી છે, તેને તો લાંબા લાંબા બનાવટી રીપોર્ટો, દેખાવો અને લાલચોનાં પ્રદર્શનો કરી હજારો રૂપીયાના ધુમાડા કર્યા વિના છુટકોજ નથી. એટલે આપણે તો મંડપ બંડપની ભાંજગડમાં ન પડતાં ખુલ્લા મેદાનમાં કે પછી ધર્મશાળા, વાડી કે કોઇ મોટા હોલમાં પરિષદ ભરીયે. દુધપાકીઆઓની પેઠે આપણે માલ મીષ્ટાન ન ઉડાવતાં ભોજનમાં સાદાઇ અને સંયમ રાખીએ. તો સાધારણ ખર્ચે પરિષદ ભરી શકાય. ફક્ત યુવાનોમાં ઉત્સાહ જોઇયે. યુવાનના ઉત્સાહ માટે કહેવાનું હોયજ શાનું! દરેક યુવાન સંગઠન ઇચ્છે છે.

યુવક પરિષદ માટે સ્થાન તો ગુજરાતજ અનુકુળ ગણાય તેમાં વડોદરા, ખંભાત, પાટણ, અમદાવાદ, પાલનપુર, અને વઢવાણ જેવાં શહેરમાંથી એકાદ શહેરમાં બેઠક મળે તો દરેકને સગવડ ભરેલું સ્થળ ગણાય. તો તેવી પરિષદ માટે તૈયારી કરતા રહેજો.

## હજુયે બાળલગ્ન?

ચૌદ વર્ષના બાળકને બાર વર્ષની બાળીકા સાથે પરણાવી દઇ લ્હાવો લેવાનો કોડ પાટણમાં વીશા પોરવાડની જ્ઞાતિના બે ભાઇઓને થયો છે. તેથી આવતાં વૈશાખ માસની લગ્નગાળાની મોસમમાં આ ઢીંગલા ઢીંગલીનાં બાળ લગ્ન કરનાર બન્ને વાલીઓ સુધારક વિચારો ધરાવનારા છે, મુંબાઇના સંસ્કારી વાતાવરણમાં રહેનાર ગૃહસ્થો છે, વડોદરા રાજ્યમાં બાળ લગ્ન અટકાયત કાયદો છે. છતાં આ ભાઇઓ શા માટે આ બાળકોનો ભવ બગાડવા તૈયાર થયા હશે? હજુ તો કેળવણી આપવા લાયક જીવન છે, ત્યાં ઘર સંસારની ગંભીર જોખમદારીની ધુસરી આ બાળકોના ગળા ઉપર મુકતા એના વાલીઓ વિચાર કરશે?

અમે આ બાળકોના વાલીઓને વિનવીએ છીએ કે તમારા જેવા સુધારાની વાતો કરનારા આ પ્રમાણે બાળકોના હિતાહિતનો વીચાર કર્યા વગર બચપણમાંજ લગ્ન કરી નાખવાં તે આપને માટે શરમાવનારૂં છે. પછી વાતો કરવાની જુદી હોય ને વર્તણુંકમાં મુકવાનું જુદું હોય તો તેની કીંમત નથી છતાં તમારાં બાળકોનાં હિત ખાતર ફરીથી વીચાર કરશો અને લગ્ન બંધ રાખશો.

# ગટર મુકાદમ 'જૈન'ને!

એક રોજીંદા પત્રમાં દર અઠવાડીયે જૈન નામધારીના લેખો બહાર પડે છે, તેનું કામ જેવી રીતે ઘડીયાળોની દુકાનદાર કોઇ ઘડીયાળી પોતાની દુકાને ખોટું ઘડીયાળ રાખે અને જોનાર ભુલાવામાં પડે તેવી રીતે લોકોને ભુલાવામાં નાખવા કોન્ફરન્સ અને યુવકો માટે ગંદુ પ્રચાર કાર્ય કરી, જૈન નામધારી કાદવ ઉડાડે છે તે તેના લખાણ ઉપરથી સેહજે સમજી શકાય છે.

કોન્ફરન્સની બેઠક ભરાય તેવી પરિસ્થિતિ નજદીકમાં ઉત્પન્ન થાય છે તેમ જાણી, તેમ સમાજમાં જે જાગૃતિ આવી છે તેમાં વધારો થશે. આથી ધર્મના નામે પાખંડ ચલાવનારાઓને મુશ્કેલી પડશે. બીજી બાજુ કોન્ફરન્સને યુવકો સાથ આપતા જાય છે. તેથી તે લેખક ભડકી ઉઠ્યો હોય તેમ દેખાય છે. આ વસ્તુસ્થિતિ જોતાં તે બિચારો તુંબડાં લડાવવા પાસા ફેંકે છે અને કહે છે કે કોન્ફરન્સમાં વૃધ્ધો ને યુવાનોનો સાથ દેખાતો નથી, યુવાનો કોન્ફરન્સનો કુલ કબજો લેશે, અને વૃધ્ધોને દુર ફેંકી દેશે, આવી રીતે અંતર કલેશ કરાવવા મીથ્યા પ્રયત્ન કરે છે. તેની પાર્ટીની જેમ યુવાનો રીતસર ચુંટાયા સિવાય પ્રતિનિધી થવા માગે છે તેવા મીથ્યા પ્રલાપ કરે છે. વિચારસ્વાતંત્ર્યમાં માનનાર અને તેટલાજ ખાતર સંઘ બહારનું શસ્ત્ર ન વાપરવાની પ્રતિજ્ઞા લેનાર યુવાનોને મતભેદ ખાતર સંઘ બહારની સજા કરવાની સુચના કરે છે. ખરૂં જોતાં પોતાના મત ન સ્વી-

કરનાર સંઘને "હાડકાનો માળો" વિગેરે કહી ભાંડનાર સંઘની નવી વ્યાખ્યા ઠરાવવા તલપાપડ થઇ રહેલાઓનું આજ યુવાનોને શીર ચડાવવાની ભૂલ કરે છે. પ્રતિનિધિઓ ન મોકલવા ખાતર સંઘોને સંઘ તરીકે નહિ મનાય તેવું કોન્ફરન્સની પ્રગતિને ઉતારી પાડવાનું રૂપ આપી બીજા સંઘોને કોન્ફરન્સ સામે ઉશ્કેરવા મથે છે. સોસાયટી મારફત જુન્નેર ભાડુતી ચુંટણી થયા સિવાય પ્રતિનિધી થઇ બેસવા ગયેલાઓનો ટોપલો પ્રમુખોને માથે ઓઢાડવા જતાં એની ચાલબાજી ખુલ્લી પડે છે. સબજેક્ટ કમિટીમાં સુધારકોની સારી સંખ્યા આવી ગયેલી હોવાથી પોતાના કાવાદાવા ન ફાવ્યા તેના રોદણાં રડે છે, જેનો અંદર અંદર લડવાજ કરે તેમાંજ આ સપેત બગલો પોતાનો સ્વાર્થ જુએ છે. પોતેજ ધર્મી છે અને સુધારકો અધર્મી છે. તેમને જૈનોના મૌલીક સિદ્ધાન્તોપર શ્રદ્ધા નથી. તેમ વગોવવા બહાર પડવા પહેલાં એણે પડદાબીબીનો બુરખો કહાડી નાખી ખરા સ્વરૂપમાં સહી મુકી હોત તો કંચન કે કથીરની કીંમત થાત! પરંતુ આ પડદાબીબી તો પડદામાંજ રહી ધર્માત્માનો ડોળ ઘાલી ધર્મને નામે અનેક કૈભાંડો રચનારાઓથી બ્હારે થાય છે. અને તટસ્થતાનો દાવો કરી નિરપેક્ષ રહેવાની હુંશિયારી કરે છે.

વ્યક્તિત્વ પરત્વે અંગત ખોટા ગલીચ હુમલા કરનાર, સત્ય વસ્તુને ઉલટાવી કુશુદ્ધીનું ચાતુર્ય બતાવનાર અને ખાય તેનું ખોદનાર વિશ્વાસ ભંગ કરે તેવાને કાળા મોંઢા કહેવાય છે તે બરાબર છે અને તેવાપર બદનક્ષી થવાના પ્રસંગ ઉતપન્ન થાય તેમાં ડર શા માટે હોય તે સમજાતું નથી. કૉન્ફરન્સમાં અયોગ્ય દીક્ષા સામે સર્વાનુમતે ઠરાવ થયો છે. તે માટે સામાજીક બહિષ્કારનો હાઉ ઉભો કરી લોકોને ઉંધા પાટા બંધાવવા પ્રયત્ન કરે છે. કૉન્ફરન્સના કાર્યવાહકો સમજણ કે સંબંધના કારણે ઉઘરાણી વસુલ કરતાં નથી તેવો તેના ફળદ્રુપ ભેજામાંથી ઉપજાવી કહાડેલો ખોટો આક્ષેપ કરે છે. આ તેના વિલાપનું કારણ જોતાં તો સમજાય છે કે કૉન્ફરન્સ જે કાર્ય કરી રહી છે તેમ સ્ટેન્ડીંગ કમીટીના કાર્યમાં જોમ આવી રહ્યા છે તે ન જોઇ શકવાથી પડદા બીબી બની ગટર મુકાદમનું કામ કરી રહ્યા છે.

આ ગંદા કાર્યથી સમાજ હવે અજાણ રહી નથી છતાં એટલું તો હું જરૂર ઇચ્છું છું કે જેનાપર વિશ્વાસ મુકાયો છે. તેના સાથમાં રહેવાનો દેખાવ કરી વિશ્વાસ ભંગના કાર્યમાંથી હાથ ધોઇ નાખે આટલી સદ્બુદ્ધિ પરમાત્મા તેને આપે. જેથી તેના ખાનગી સાથીઓને ખાત્રી થાય કે સ્વાર્થ કમી થતાં તેમને દગો દેશે નહિ. લી૦ યુવક.

---

# સાધુઓના અને સાધ્વીઓના પ્રગતિ નિયમો.

લેખકઃ સદ્ગત, યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગર સુરિશ્વરજી.

[ ગતાંકથી ચાલુ. ]

જેમ મનુષ્યના શરીરમાં અનારોગ્ય પ્રવર્તે છે તેના માનસિક વિચારો સ્થિર રહેતા નથી. શ્રી હરિભદ્રસૂરિ, શ્રી ભદ્રબાહુ સ્વામી, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી ઉમાસ્વાતિવાચક, શ્રી વજ્રસ્વામી વગેરે મહામુનિવરોનું શારીરિક બળ અદ્ભુત હતું. તેથી તેઓ વિશ્વપટપર અનેક ગ્રંથો રચીને આદર્શ પુરૂષ બની અમર બન્યા છે. જ્ઞાનાભ્યાસમાં ખાસ શારીરિક બળની આવશ્યકતા સિદ્ધ કરે છે. શારીરિક બળ ખીલવીને જે પંચાચાર અને પંચમહાવ્રત પાળે છે, તે મુક્તિ પદ પ્રાપ્ત કરી શકે છે. વિષય વાસનાઓદ્વારા થતી સુખવૃત્તિનો સર્વથા નાશ કર્યા વિના અને વિષયાતીત આત્મસ્વરૂપમાં સત્ય સુખ છે એવો દૃઢ નિશ્ચય થયા વિના શારીરિક વીર્ય અને આત્મિક વીર્યની સંરક્ષા વૃદ્ધિ પ્રગતિ થઇ શકતી નથી, એ ખાસ અનુભવીને સાધુઓએ અને સાધ્વીઓએ ઉપરની વાત ધ્યાનમાં લઇ આચારમાં મુકવી. શ્રાવક સંઘ અને શ્રાવિકા સંઘ વગેરેએ પણ શારીરિક વીર્યની સંરક્ષાર્થે ઉપરોક્ત બાબતને સ્વાધિકાર પ્રમાણે આચારમાં મુકવી જોઇએ. જ્યાં સુધી સ્વાધિકાર કર્તવ્યકર્મનું સમ્યક ભાન થતું નથી, ત્યાંસુધી સ્વાધિકારે કર્તવ્ય કર્યાથી પ્રત્યેક જીવની મહત્તા અવબોધાતી નથી. સ્વકર્તવ્યકર્મનું ભાન થયા વિના સ્વાધિકાર ફરજને અદા કરી શકાતી નથી. સ્વકર્તવ્યકર્મને કરતાં એમાં કોઇ જીવ સ્વફરજથી વિશેષ કાંઇ કરી શકતો નથી તેથી કોઇ પણ સ્વકર્તવ્યકર્મ પ્રવૃત્તિમાં માન, પૂજા, સત્કાર, ચમત્કાર અને પરાભિપ્રાયની યત્ કિંચિત્ આવશ્યકતા નથી એમ અવબોધીને મહાસંઘના પ્રત્યેક અંગે વીર્યરક્ષાદિ સ્વકર્તવ્ય કર્મમાં સદા તત્પર રહેવું એજ સ્વધર્મ છે. અને તેથી અધિકાર ભિન્ન કર્તવ્ય તે પર ધર્મ છે. સ્વકર્તવ્ય સ્વધર્મમાં મરણ થાય તો શ્રેય છે, પરંતુ સ્વાધિકાર કર્તવ્ય કર્મધર્મથી ભિન્ન ધર્મમાં જીવવું તે પણ ભયાવહ છે. એમ કર્તવ્ય ધર્મની દૃષ્ટિની અપેક્ષાએ અવબોધવું. વિશ્વવર્તી મહા સંઘના પ્રત્યેક અંગે સ્વકર્તવ્ય ફરજોને અદા કરવા યોગ માર્ગનું અવલંબન કરવું જોઇએ. યોગ માર્ગના જ્ઞાન વિના સ્વયોગ્યતાની પરીક્ષા થતી નથી અને તેમજ પરની યોગ્યતાનું ભાન થતું નથી. યોગના અષ્ટાંગોનું આરાધન કર્યાથી આત્માની માનસિક, વાચિક અને કાયિક યોગશક્તિઓ ખીલે છે અને તેથી મહાપ્રાણાયામસાધક શ્રી ભદ્રબાહુસ્વામીની પેઠે આત્મોન્નતિ કરી શકાય છે. અને અન્ય જીવોની ઉન્નતીમાં ઉપગ્રહ દાન કરી શકાય છે યૌગિક શક્તિઓ ખીલવીને શ્રી મહાસંઘની પ્રગતિમાં ભાગ લેવાથી જગતનું કલ્યાણ કરી શકાય છે બંધુઓ! જાગૃત થાઓ. સ્વાધિકાર ફરજને અદા કરો, સર્વ પ્રકારની સર્વ બાબતોમાં સાપેક્ષતા અવબોધીને સાપેક્ષ માર્ગ ગ્રહણ કરો. રાગદ્વેષને નિર્મૂળ કરી મુક્ત થવું એ લક્ષ્યબિંદુ કલ્પીને તેના સાધક યોગોમાં પ્રવૃત્ત થાઓ. મ્હોટા વિચારો કર્યા વિના મ્હોટા થવાશે નહિ. ઉદાર ભાવનાથી ઉદાર સિદ્ધિ થાય છે.

દૃઢ સંકુચિત વિચાર અને દૃઢ સંકુચિત આચાર માત્રથી ઉદાર અને વિવેકવિશિષ્ટ સત્કર્મ કર્તવ્યને આદરી શકાતું નથી. **ज्ञान क्रियाभ्यां मोक्षः** એ સૂત્રનું ઉદારયોગીય સ્વરૂપ અવબોધીને જ્ઞાનક્રિયાએ બે માર્ગની આરાધના કરી સ્વપરનું કલ્યાણ કરો. સ્વયોગ્યતાની પરીક્ષા કરી સ્વકર્તવ્ય કાર્યમાં પ્રવૃત્ત થાઓ. પરમાત્મ પદની પ્રાપ્તી માટે પ્રયત્ન કરો. સમાજ, સંઘ, દેશ, ધર્મ, સ્વ અને પર વ્યક્તિના કલ્યાણાર્થે વ્યવહાર અને નિશ્ચયથી ઉદ્યુક્ત રહો. મહાસંઘ પ્રગતિ, મંત્ર, તંત્ર, યંત્ર પ્રવૃત્તિમાં સદા પ્રવૃત્ત રહો અને નૈશ્ચયિક દૃષ્ટિએ અંતરથી નિર્લેપ માર્ગમાં ઉપયોગી રહો. ઇત્યેવમ્.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

श्री श्रमण संघस्य शांति र्भवतु ॥

श्री चतुर्विध महा संघस्य शांति र्भवतु ॥

સંશોધક-પરીખ નગીનદાસ મનસુખભાઇ (વીરેશ)

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચકલાવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.